"ડિટેક્ટીવ પોલીસ"ની વાર્તા.

ખૂની બેગમ

અને

ડાકુની દીકરી.

અનુવાદક:—

અબદુલ્લા ઇસ્માઇલ.

અધિપતિ "ડિટેક્ટીવ પોલીસ"

પ્રકાશક:—

શાહ મંગળદાસ લલ્લુભાઈ બુકસેલર.

લીમડાચોક—સુરત

સને ૧૯૪૧

શ્રી નારાયણ પ્રિન્ટીંગ પ્રેસ લીમડાચોક—સુરત.

કીમત રૂ. ૧-૮-૦

"ડિટેકટીવ પોલીસ" ની વાર્તા.

ખુની બેગમ

યાને

ડાકુની દીકરી.

અનુવાદક:—

અબદુલ્લા ઇસમાઇલ.

અધિપતિ "ડિટેકટીવ પોલીસ"

પ્રકાશક:—

શાહ મંગળદાસ લલ્લુભાઈ બુકસેલર.

લીમડાચોક—સુરત

સને ૧૯૨૧

શ્રી નારાયણ પ્રિન્ટીંગ પ્રેસ લીમડાચોક—સુરત.

આ પુસ્તકનાં પાન [illegible] અમરેલી (કાઠિયાવાડ) [illegible] પોતાના
[illegible] પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યાં

આ પુસ્તકનું [illegible] **સુરત** [illegible] આવેલા પોતાના "**શ્રી નારાયણ**"
પ્રિન્ટીંગ પ્રેસમાં **મંગળદાસ લલ્લુભાઈએ** પોતાને માટે છાપી [illegible] પ્રગટ કરી

ખૂની બેગમ.

પ્રકરણ ૧ લું.

ખૂનની ખબર.

રામસિંહ છુપી પોલીસનો અમલદાર છે. તેના જેવા નામચીન ડિટેકટીવ બહુ ઓછા જોવામાં આવ્યા છે. જે સમયનો આ બનાવ છે, તેના એક દીવસે ડિટેકટીવ રામસિંહ બપોરને વખતે ઓફીસના કાગળ પત્રો તપાસવામાં રોકાએલો હતો. એટલામાં એકાએક ટપાલ આવી, રામસિંહ પોતા પરનો કાગળ ઉંચકી લઇ નીચે મુજબ વાંચવા લાગ્યો:—

"મેંમનસિંગ જીલ્લાના માજીસ્ટ્રેટે એક અનુભવી ડિટેકટીવને મોકલવા મને લખ્યું છે. ત્યાં બે ભયંકર ખુન થઇ જવાના સમાચાર આવ્યા છે. ત્યાંની પોલીસ, ગુન્હેગારોનો પતો લગાવવા માટે બિલકુલ અસમર્થ છે. હું ચ્હાઉં છું કે આ કાગળ વાંચી તમો મેંમનસિંગ તરફ રવાના થાઓ અને માજીસ્ટ્રેટ પાસેથી બધી હકીકત જાણી લઇ કામમાં લાગી જાઓ"

ડિટેકટીવના ચ્હેરા પર ઉદાસી છવાઇ ગઇ, કારણ કે તે પોતાના એકના એક બેટાની બીમારીથી બહુ ચિન્તાતુર રહેતો હતો, વળી ત્યાં એક બે દીવસ રોકાવાનું હોતું, આમ વિચાર કરી તે પોત્તાના ઉપરી અમલદારને મળવા ગયો.

રામસિંહનો ઉપરી અમલદાર અંગ્રેજ હતો, તે રામસિંહને જોઇ નવાઇ પામ્યો અને પુછ્યું કે, " હજુ તમે અહીં છો ! મેંમનસિંગ ક્યારે જવાના છો ? "

રામસિંહે સલામ કરી પોતાના બેટાની બિમારી વિષે કહ્યું અને તેને બદલે કોઇ બીજાને મોકલવા વિનંતિ કરી, પરંતુ મામલો બહુ ગંભીર હોવાથી, અને બીજો કોઇ તેના જેટલો લાયક નહીં હોવાથી સાહેબે તેને જવાનો હુકમ કર્યો, અને તેને તે બદલનું સારં ઇનામ આપવા કહ્યું.

રામસિંહે ઉપકાર સાથે સાહેબનો હુકમ માન્ય રાખી, તેમને ખુનના સબંધમાં વધારે હિમત પુછતાં કહ્યું કે.

"આપની પાસેથી હું એટલુંજ જાણવા માગું છું કે આ બે ખુન કેવી રીત થવા પામ્યાં છે. આ સબંધમાં આપની પાસે કાંઇ કાગળો આવ્યા છે ?"

" નહીં, " સાહેબે જવાબ આપ્યો " પરંતુ માજીસ્ટ્રેટને ખબર મળી છે કે મેંમનસિંગ જીલ્લાની હદનો કોઇ અહસ્ય શીકાર માટે હથિયારનો પાસ લેવા આવ્યો હતો, તેજ મરેલો મળી આવ્યો છે. બીજું ખુન એક દારોગાનું કરવામાં આવ્યું છે. અને ખુનના ખબર ભયંકર છે અને ખુનીનો પતો લગાવવો પણ મુશ્કેલ થઈ પડયો છે. તેટલા માટે, જ એક ચાલાક અને અનુભવી ડિટેક્ટીવની જરૂર પડી છે. મેં તમોને તે કામને માટે યોગ્ય સમજી નીમ્યા છે. તમે આજને આજ અહીંથી જાઓ."

રામસિંહ જવાને તૈયાર થયો. પોતાના મકાન પર આવી તેણે બેટાની સારવાર માટે બંદોબસ્ત કર્યો અને સાંજની ગાડીમાં મેંમનસિંગ જવા રવાના થયો.

ગાડીમાં બેઠો બેઠો રામસિંહ પોતાના મનમાં વિચાર કરતો હતો કે મેંમનસિંગ, બાકરગંજ વિગેરે સ્થળોના લોકો બહુજ વિકટ છે. તેઓ પોતાના ભેદનો જલદી પત્તો લાગવા દેતા નથી. જો તેઓ જાણી જાય કે અમુક માણસ તેમનો ભેદ ખોલવા પાછળ પડયો છે તો તેઓ તેને જીવતો જવા દેતા નથી આવી સ્થિતિમાં ખુનીનો પતો લગાડવો, પ્રમાણો મેળવવાં, મુકદમો ખડો કરવો અને દેશ પાર કરવું એ સહેલું નથી. જણાય છે કે આમાં કોઇ મોટા માણસનો હાથ છે. કારણ કે, એક ગૃહસ્થના ખુન થવા સાથે દારોગાનું પણ ખુન થયું છે. પરંતુ તે એકજ માણસનું કામ જણાય છે. જો મારૂં અનુમાન બરાબર હોય તો ઘણા મુશ્કેલ મામલાની સામે મારે થવાનું છે. આટલા દિવસો વીતી ગયા બાદ ખુનીનો પતો લગાવવો એ કાંઇ સહેલું કામ તો નથીજ.

આ જાતના વિચાર કરતો રામસિંહ ત્રીજે દહાડે મેંમનસિંગ પહોંચ્યો. તેજ દિવસે સાંજે તે માજીસ્ટ્રેટ સાહેબને જઇ મળ્યો. માજીસ્ટ્રેટ સાહેબે તેને ત્યાંના પોલીસ ઇન્સ્પેકટરનું નામ બતાવી તેને મળવા કહ્યું. થોડા વખત પછી તે ઇન્સ્પેકટરને મકાને ગયો. ઇન્સ્પેકટરે રામસિંહને સલામ કરી બેઠક આપ્યા પછી રામસિંહે પોતાનો હેતુ દર્શાવી, ખુન સંબંધી હકીકત જાણવા ઇચ્છા દેખાડીને તેને લગતા કાગળો જોવા માગ્યા. ઇન્સપેકટરે કાગળો તેને સોંપતા કહ્યું કે, " કાગળ પત્ર કાંઇ વિશેષ નથી. જે કાંઇ મારી પાસે છે તે હું આપને આપું છું અને આ મામલા સબંધે જે કાંઇ હું જાણું છું તે કહી સંભળાવું છું. આ જીલ્લાની સરહદ ઉપર કેંડાખાલ નામનું મેદાન છે. ત્યાં કોઇ રહેતું નથી તેમ તે ખેતી કરવાના ઉપયોગમાં પણ આવતું નથી. આ પાનખર ઋતુમાં એક મોટો માણસ, માજીસ્ટ્રેટ સાહેબ પાસેથી હથીયારનો પરવાનો લઇ ત્યાં તંબુ નાખી બે ત્રણ માસ થયાં રહેતો હતો. તેની સાથે વીસ પચીસ જેટલા માણસો હતાં. ઉપરાંત ત્રણ ચાર ઉમદા ઘોડા, એક હાથી અને ઘણા કુતરા હતા. ગયા વૈશાક માસમાં એક દિવસે રાત્રીને વખતે કોઇએ તેનું ખુન કરી નાખ્યું છે."

" હું આપને કેટલાક સવાલો પુછવા માગું છું. " રામસિંહે કહ્યું.

" ભલે ખુશીથી પુછો "

" આ મુકદમાની પહેલી તપાસ કોણે કરી ? "

" અહીંના દારોગાએ. "

" જે ઠેકાણે માર્યા ગયેલા માણસનો મુકામ હતો, ત્યાં પોલીસ ચોકી છે કે ? "

" નહીં. પોલીસ ચોકી ત્યાંથી ત્રણ માઈલને છેટે દક્ષિણ દિશા તરફ આવેલા શક્તિપુર ગામમાં છે, અને શક્તિપુરના દારોગાએજ પ્રથમ તપાસ કરી હતી. "

" ત્યાર પછી આપ ગયા હતા કે ? "

" જી, હા. "

" આપ શા માટે ગયા હતા ? "

" આ જાતના મામલામાં હું નીપુણ છું એવું મેજીસ્ટ્રેટ સાહેબ માનતા હોવાને લીધે મને મોકલવામાં આવ્યો હતો. પ્રથમ તો, શક્તિપુર જે સબ-ડીવીઝનમાં છે ત્યાંનો ઇન્સ્પેક્ટર ગયો હતો, પણ માજીસ્ટ્રેટ સાહેબે તે પછી મને મોકલ્યો હતો."

" આપે તે ઇન્સ્પેક્ટર અને દારોગા સાથે કાંઇ તપાસ ચલાવી હતી ? "

" જી, નહીં. જ્યારે તેઓ બન્ને કામમાં લાગ્યા હતા ત્યારે હું અહીં હતો. પાછળથી હું ગયો હતો. મેં મારી સાથે શક્તિપુર ચોકીના દારોગાને પણ લીધો હતો."

" મરનારની લાશ આપે જોઇ હતી ? "

" જી, નહી. "

" ખુનના વિષયમાં દારોગાએ આપને શું શું બતાવ્યું હતું ? "

" બસ એટલુંજ કે, બંદુક અગરતો તમંચાની ગોળીથી ખુન કરવામાં આવ્યું હતું. બરાબર કાનની નીચે ગોળી લાગેલી હતી. "

" આપ મરનારની ઉંમર બતાવી શકો છો ? "

" આશરે ૨૫ ની અંદર. "

" તેના મકાનનો પતો મળ્યો છે કે ? "

" બરાબર નહીં. "

" કેમ ? માજીસ્ટ્રેટ સાહેબે જ્યારે તેને શીકારનો પાસ આપ્યો ત્યારે તેના ઘર સંબંધે પુછવામાં નહોતું આવ્યું ? ફાઇલ ઉલટાવી જોવાથી તે મળી આવશે. "

" ફાઇલ પુરેપુરી તપાસી ગયા છીએ પણ મકાનનો પત્તો મળતો નથી. જ્યારે તેણે પાસ માટે અરજ કરી હતી ત્યારે કલકત્તા, હરિઘોશ લેનના એક મકાનનું ઠેકાણું આપ્યું હતું. ત્યાંની પોલીસ પાસેથી ખબર મંગાવતા જણાયું કે તે મકાન શાહજાદાનું છે. ત્રણ ચાર વરસથી તે વસવાટ વગરનું ખાલી પડેલું છે. શાહજાદાને ત્યાં કોઇના મરવાની ખબર મળી નથી. "

" મામલો બહુ પેચીલો છે, વારુ, પહેલાં તેણે પોતાની ઓળખ શું આપી હતી ? "

" તેનું નામ શરતચંદ્ર અને જાતના બ્રાહ્મણ હતા. "

" સાથે બચ્ચાં બાલાં વિગેરે કાંઇ હતું ? "

" કાંઇજ નહીં. "

" તેની પાસે કોઇ વેશ્યા આવતી હતી કે નહીં તે સંબંધમાં આપે કાંઇ તપાસ કરી છે કે ? "

" હા, તપાસ કરી હતી પણ કાંઇ પ્રમાણ મળ્યું નહીં: બધા કહેતાં હતા કે બાબુ બહુજ પવિત્ર વિચારના છે. "

" અને આપના શહેરમાં પોલીસ દારોગાનું ખુન કેવી રીતે થયું ? આપ અહીંના ઇન્સ્પેક્ટર છો. જરૂર આપે તે સંબંધમાં તપાસ ચલાવી હશે. તેની બરાબર સ્થિતિથી મને વાકેફ કરો. "

" તે ઘણી ભેદી સમસ્યા છે. સાંભળો—"

એટલામાં નોકરે હુક્કો લાવીને ડિટેક્ટીવ રામસિંહ સામે રાખી દીધો.

પ્રકરણ ૨ જું.

દારોગાનું ખુન.

હુક્કાની એક ઘુંટ ખેંચી, ધુંવાના ગોટ કહાડતાં રામસિંહે પુછ્યું, " દારોગાનું શું થાણામાંજ ખુન થયું ? "

" નહીં સાહેબ, તે પોતાના મકાનમાંજ માર્યો ગયો છે. "

" તેનું મકાન થાણાથી કેટલું દુર આવેલું છે ? "

" એકાદ માઇલ. "

" થાણાથી તેટલું દુર રહેવાનું શું કારણ ? "

" જે મકાનમાં તેનું ખુન થયું છે, તે મકાન તેણે ખુન થયા પહેલાં લગભગ દસ બાર દિવસ ઉપરજ ઓછી કીમતે ખરીદી લીધું હતું. થાણાની આજુબાજુના મકાનમાં તેને ભાડે રહેવું પડતું હતું. "

" તે મકાનમાં પ્રથમ કોણ રહેતું હતું ? "

" બરાબર ખબર નથી, પણ સાંભળ્યું છે કે કલકત્તાનો કોઇ માણસ ત્યાં માસ બે માસ માટે આવી રહ્યો હતો. "

" તેના જવા પછી તુરતમાંજ શું દારોગાએ તે મકાન ખરીદી લીધું ? "

" જી, હા. "

" તે મકાનમાં તે કુટુંબ કબીલા સહીત રહેતો હતો ? "

" કોણ ? "

" દારોગા "

" જી, નહીં. ભાડાના મકાનમાં રહેવાની પુરતી સગવડ ન હોવાને લીધે તેના ઘરનાં કોઇ આવ્યાંજ ન્હોતાં, તેથી ઘરના માણસોની સાથે રહેવા માટેજ તેણે આ મકાન ખરીદ્યું હતું, પરંતુ કુટુંબ આવ્યા પહેલાં તો તે માર્યો ગયો. "

" મરનાર દારોગાનું મુળ વતન કયું ? "

" બાંકરમંજ "

" અહીં તે કેટલા વખતથી હતો ? "

" થોડા વખતથીજ આવેલો હતો. ગયા વર્ષમાં તેણે પરીક્ષા પાસ કરી અને ત્યારથી તે અહીંજ હતો."

" તેની ચાલચલણ વિષે તમે કાંઇ જાણો છો ? "

" પુછપરછ કરવાથી માલુમ પડયું છે કે, તે કદીપણ ખરાબ લોકોના સહવાસમાં આવતો નહોતો. તેમજ તેણે ખોટી રીતે કોઇને પણ દુઃખ આપ્યું નહોતું."

" તેની ઉંમર કેટલી હતી ? "

" છવીસ સતાવીસથી વધારે નહીં."

" તેનું ખુન કેવી રીતે કરવામાં આવ્યું છે ? "

" છાતીમાં છરો ભોંકીને "

" મકાનના કયા ભાગમાં ખુન કરવામાં આવ્યું હતું ? "

" સુવાના ઓરડામાં. જણાય છે કે નિંદ્રાવસ્થામાં તેનું ખુન થઇ ગયું છે "

" ખુની આ જ ગામનો હોય તેમ તમને લાગે છે ? "

" હું તો તેમાં કાંઇ કરી શકયો નથી. મારી આટલી ઉમરમાં મેં ઘણા ખુની મામલાના ભેદો ખોલી અપરાધીઓને ગીરફતાર કર્યા છે. પરંતુ આ એ મામલામાં તો મારી અકલ કામ કરતી નથી અને તેટલા માટેજ આપને બોલાવવામાં આવ્યા છે."

" જોઇએ છીએ કે, શું થાય છે." રામસિંહે જવાબમાં કહ્યું

રામસિંહે મુકદમાના બધા કાગળો જોઇ લીધા બાદ ઇન્સ્પેકટરથી જુદો પડી તે પોતાના ઉતારા પર આવ્યો.

બીજે દિવસે સ્હવારે રામસિંહ એક સાધારણ માણસના પોશાકમાં મરનાર દારોગાના પ્રથમના મકાન પર ગયો. ત્યાં જઇ જોયું તો નીચેના એક ભાગમાં આઠ દસ માણસો સાથે રહેતાં હતાં. રામસિંહે સમજી લીધું કે તે લોકોની આ એક કલબ છે, કલબનો એક રસોયો હતો. તમામ ખર્ચ તેઓ ભાગે પડતું આપતા હતા. રસોયા ઉપરાંત એક નોકર પણ હતો રામસિંહ એક જગ્યા પર બેસી ગયો અને નવીન બાબુને બોલાવી પુછવા લાગ્યો કે " આપનું નામ નવીનબાબુ છે ? "

કહેવાની જરૂર નથી કે નવીનબાબુ તે કલબના એક મેમ્બર હતા અને રામસિંહે તેનું નામ કલબના નોકર પાસેથી જાણી લીધું હતું.

રામસિંહના ઉપલા સવાલનો જવાબ આપતાં નવીનબાબુએ કહ્યું. " જી, હા."

" આપનું વતન કયાં છે ? "

" બાકરગંજ જીલ્લામાં."

" આ મકાનમાં જે દારોગા રહે છે, તેનું વતન પણ બાકરગંજ જીલ્લામાં છે તો શું આપ બંનેનાં મકાનો પાસે પાસે છે ? "

" નહીં, નહીં, પાસે પાસે તો નથા. એક જીલ્લામાં છે. મારા ગામથી તેનું ગામ લગભગ આઠ નવ ગાઉ દુર છે."

" ઠીક છે આપને તેની સાથે કાંઇ ન્યાત જાતનો સબંધ છે કે ? "

" જી, નહીં. હું કાયસ્થ છું અને તે બ્રાહ્મણ હતો."

" હતો એટલે ? શું તે અત્યારે નથી ? " રામસિંહે અજાણ્યા થઇ પ્રશ્ન કર્યો.

" શું આપ નથી જાણતા ? આપ અહીં હમણાજ આવેલા છો ? "

" નહીં, હમેશને માટે તો અહીં રહેતો નથી. કોઇ કોઇ મુકદમા વખતે આવી જાઉં છું. વારૂ, શું તેમના સંબંધમાં કાંઇ માઠો બનાવ બન્યો છે ? "

" તેની સાથે આપને કાંઇ પીછાણ હતી ? "

" મારા એક આમલામાં તેણે ઘણી મહેનત કીધી હતી, અને તેટલા માટે હું તેને કાંઇ આપવા ચાહું છું."

" તે ક્યારની વાત છે ? "

" લગભગ બે માસ પહેલાંની."

" વારૂ, તો આપ રૂપચંદ દારોગાની વાત કરી રહ્યા છો ? "

" હા ઘણું કરીને રૂપચંદજ તેનું નામ હતું. તે આ જ મકાનમાં રહેતો હતો ?"

" જી, હા. તેનું તો ખુન થઇ ગયું." .

" ઓ ! શું દારોગાનું ખુન ! ક્યાં અને કોણે તેનું ખુન કર્યું ? "

" તેનો તો કાંઇ પતો મળ્યો નથી. શહેરમાં મોટો ખળભળાટ મચી રહ્યો છે. "

" પોલીસનું ખુન થયું ! તે કાંઈ સાધારણ વાત નથી. તે તો આ મકાનમાંજ રહેતો હતો ! ખુન ક્યાં થયું ? "

" ખુન થવા અગાઉ કેટલાક દીવસ પહેલાં તે આ મકાન છોડી એક બહુજ દુરના મકાનમાં રહેવા લાગ્યો હતો, અને તેજ મકાનમાં તેનું ખુન થઇ ગયું છે- "

" રૂપચંદ તો બહુ ભલો માણસ હતો. વારૂ, તેનું ખુન કેવી રીતે થયું ? આપ લોક તો તેની સાથે રહી ચુક્યા છો. શું આ બાબતમાં આપ કાંઇ પણ નથી જાણતા ?"

" જી, નહીં. અમો કેવી રીતે જાણી શકીએ ? "

" તેના કોઇ અતલગના મિત્રનો પતો આપ આપી શકો છો ? "

' તેનાં અહીં કોઇ મિત્ર ન્હોતા, તે સરકારી કામકાજથી છુટો થઇ ઘેર આવતો ત્યારે તેનો બધો સમય તે પુસ્તકો વાંચવામાંજ ગાળતો હતો. "

રામસિંહે જોયું કે અહીંથી કાંઇ પતો મળી શકે તેમ નથી તેથી તેણે નવીનબાબુનો ઉપકાર માની ત્યાંથી ચાલતી પકડી.

રામસિંહ કબ્રવાળા મકાનથી નીકળી પતો લગાવતો લગાવતો રૂપચંદ દારોગાના નવા મકાનપર આવ્યો. જોયું તો મકાન ખાલી છે. કોઇપણ જાતનો માલ અસબાબ નથી.

મકાનનો દરવાજો ખુલ્લો પડેલો છે. રામસિંહ દરવાજાની અંદર જોવા લાગ્યો. તે વખતે એક માણસ રસ્તાપર ચાલ્યો જતો હતો. રામસિંહને આમ દરવાજામાં અંદર જોતો ઉભો રહેલો જોઇને તેણે પુછ્યું, " આપ કોને શોધો છો ? "

" હું કલકત્તાથી આવ્યો છું. "

" કલકત્તાનોજ કોઇ માણસ અહીં રહેતો હતો, જણાય છે કે, આપ તેનીજ શોધમાં છો."

" આપનું અનુમાન બરાબર છે. હું તેનીજ શોધમાં છું. તે મારો મિત્ર છે. હું કામકાજ માટે અત્રે આવ્યો છું પણ ઉતરવાનું ઠેકાણું મળતું નથી. તેની સાથે મુલાકાત થવા પછી કાંઇને કાંઇ વ્યવસ્થા જરૂર થઇ જશે. તે આ વખતે કયાં હશે, તે આપ જાણો છો ? "

" નહીં સાહેબ, હું તેને લગતી કાંઇપણ ખબર જાણતો નથી. હા, એટલું જાણું છું કે તે અહીં નથી "

" આ મકાન છોડી શું તે અહીંથી ચાલી ગયો છે ? આપ સાચેસાચું કહો છો ! "

" હા. ખરૂંજ કહું છું. તે અહીંથી ચાલ્યો ગયો છે, તેના જવા પછી રૂપચંદ દારોગાએ આ મકાન ખરીદી લીધું અને આ મકાનમાંજ તેનું ખુન થઇ ગયું. "

" ખુન કોણે કર્યું ? "

" ભલા, તે હું કેવી રીતે કહી શકું. જ્યાં પોલીસની અકલ પણ કામ કરતી નથી તેનો પતો હું કેવી રીતે મેળવી શકું ? "

" આ મકાન કોનું હતું ? "

" અહીંના પ્રખ્યાત ગુરૂવાણુનું."

એટલું કહી તે માણસે પોતાનો માર્ગ લીધો. રામસિંહ નજીકની એક દુકાનપર બેસી ગયો. દુકાનદારે તેને પુછ્યું " આપ ક્યાં રહો છો ? "

" કલકત્તામાં " રામસિંહે જવાબ આપ્યો.

" અહીં કેવી રીતે આવવું થયું ? "

" આ મકાનના માલીકને મળવા આવ્યો હતો પરંતુ હવે સાંભળું છું કે તે તો અહીંથી ચાલ્યો ગયો છે. "

" શું, આપ માણેકલાલજીના સંબંધી છો ? "

" નહીં, પણ તે મારો મિત્ર છે. "

" તે બહુજ ભલો માણસ છે, જે દિવસે તે જવાનો હતો, તેજ દિવસે તેણે અમારી દુકાનનો પાઇએ પાઇનો હિસાબ ચુકવી આપ્યો હતો."

" ક્યાં ગયો છે તે આપ જાણો છો ? "

" તેણે કહ્યું હતું કે હવે હું દેશ તરફ જાઉં છું. "

" તે અહીં શું કામ કરતો હતો ? "

" તેની કાંઇ ધંધો રોજગાર કરવાની ઇચ્છા હતી. પરંતુ જતી વખતે તેને મોઢે-થીજ સાંભળ્યું કે વેપાર રોજગાર કાંઇ જામ્યો નહીં. "

" હું એક વાત આપને પુછવા માગું છું:—માણેકલાલની ચાલચલગત ઘણી ખોટી ભરી હતી. ઘરના લોકો સાથે તેથી હંમેશ ઝઘડા થતા હતા, અને તે કારણને લઇનેજ તે અહીં આવ્યો હતો અહીં તેની ચાલચલગત કેવી હતી ?"

" તમે આ શું કહો છો, શું આવા સારા માણસોને પણ દોષીત કહેવામાં આવે છે ? "

" આજકાલ શ્રીમંતોના છોકરાઓને " શરાબ અને રંડી " વિના ચેન પડતું નથી."

" અહીં તો અમે કદી પણ તેને આવા ખરાબ કામ કરતાં જોયો નથી. તે લગભગ આખો દીવસ અહીં બેસી વીતાવતો હતો પરંતુ કદી પણ તેના મ્હોડેથી શરાબ કબાબનું નામ સાંભળ્યું નથી. "

રામસિંહ નિરાશ થઇ ત્યાંથી ઉઠયો. દુકાનથી થોડે છેટે જતાં તેના ચ્હેરા પર ચિન્તા જણાવા લાગી. બે ખુન થઇ ગયાં. બંનેની ચાલચલણમાં દોષ નથી. માણેકલાલ પણ નિર્દોષ નીકળ્યો, કેવો મામલો છે ? રામસિંહ વિચારવા લાગ્યો કે જેટલાં ખુન થાય છે તે ઘણું કરીને સ્ત્રી અગર તો ધન દોલતને માટેજ થાય છે. બીજાબીજા મામલામાં વિશેષ ખુન થાય છે. પરંતુ અહીંનો મામલો તો કાંઇક અજબ છે. ફુંડાખાલવાળા મેદાનમાં જે ગૃહસ્થનું ખુન થયું તેનું ઠેકાણું હરીઘોષ સ્ટ્રીટ–કલકત્તા બતાવવામાં આવ્યું હતું. ઠેકાણું આપતી વખતે કલકત્તાની પોલીસનું સરટીફીકેટ તેણે રજુ કરેલું હતું, પરંતુ અત્યારે તો માલુમ પડે છે કે, તે ગૃહસ્થનું ત્યાં નામ નિશાન નહોતું. માત્ર એટલુંજ નહીં પણ જે મકાનનો નંબર લખાવવામાં આવ્યો હતો તે ઘણા વખતથી ખાલી પડયું છે, ત્યારે પોલીસે તે સરટીફીકેટ કેવી રીતે આપ્યું ? મરનારે પોતાનું નામ ઠેકાણું છુપાવ્યું હતું, તે યુક્તિ શું તેણે પોતાને મરવા માટે રચી હતી ? જો એમ માનીએ કે, તેણે આત્મઘાત કર્યો હોય, તો કલકત્તાથી આટલે દુર સુધી આવવાનું શું કારણ ? તેના તંબુઓ, માણસો, હાથી, ઘોડા વિગેરેનો વિચાર કરતાં, તે એક મોટો શ્રીમંત હતો. તે શીકાર કરવાને માટે આવ્યો હતો પરંતુ તેનો ખુદનો શિકાર થઇ ગયો ! કેવો ભેદથી ભરપુર આ મામલો છે ?

હવે રૂપચંદ દારોગાનું ખુન કેમ થયું, કેવી રીતે થયું, કોણે કર્યું તેનો પતો લાગતો નથી. એક ભેદ એ છે કે રૂપચંદની પહેલાં જે માણસ તે મકાનમા રહેતો હતો તે કલકત્તા વાસી હતો. ગમે તેમ હોય પણ આ મામલો કલકત્તા સાથે ઘણો ગાઢો સંબંધ ધરાવે છે.

સોચતો વિચારતો રામસિંહ ગુરૂબાબુના મકાનની સામે આવી પહોંચ્યો. દરવાજા પર દરવાન ઉભો હતો. રામસિંહે તેને પુછ્યું, " ગુરૂબાબુનું મકાન આ જ કે ? "

" જી, હા સાહેબ. " દરવાને જવાબ આપ્યો.

" તમારો મુનીમ અહીં છે કે ? "

" કોણ મુનીમ ? "

" જે હિસાબ કિતાબ રાખે છે તે. "

" અમારા બાબુને એક ગુમાસ્તો છે અને તેજ હિસાબ રાખે છે. તેની સાથે આપને શું કામ છે ? "

" તેને મળવું છે. "

" અચ્છા, અંદર આવો. "

રામસિંહ દરવાનની સાથે બેઠકમાં આવી પહોંચ્યો. ત્યાં મુનીમ એક ફાટેલી ચટાઇ ઉપર બેસી આંગળીઓની મદદ વડે હિસાબ ગણી રહ્યો હતો. સામે બે બેકુનો અંદરો અંદર ઘુસપુસ કરી રહ્યા હતા. એક નોકર હુક્કાની ચીલમ ભરતો હતો. મુનીમે ડિટેક્ટીવને જોઇ પોતાની આંખપરના ચશ્મા ઉતાર્યાં અને તેને યોગ્ય આવકાર આપી બેઠક લેવા કહ્યું.

પાસે પડેલી એક ખુરશી ઉપર રામસિંહે પોતાની બેઠક લીધી. મુનીમ તરફ ફરી તેણે કહ્યું. " આપને એક વાત પુછવા હું માગું છું. "

" ભલે ખુશીથી પુછો. " મુનીમે જવાબ આપ્યો.

" આ શહેરની પૂર્વ તરફ આપનું કોઇ મકાન હતું કે ? "

" જી હા, પણ તે તો અમે વેચી નાખ્યું છે. "

" કોણને વેચાતું આપ્યું ? "

" રૂપચંદ દારોગાને. "

" રૂપચંદનું તે મકાનમાં ખુન થયું તે આપ જાણો છો ? "

' હા, સાંભળ્યું છે, શું આપ પોલીસ છો ? "

" માની લ્યો કે પોલીસજ છીએ. "

મુનીમનું નામ રામતનું ઘોષ છે. રામસિંહને પોલીસ સમજતાંજ તે ઉભો થઇ ગયો. નોકરને હુકકો લાવવાનું કહી તેને પોલીસના આવવાની ખબર વડા બાબુને આપવા મોકલ્યો. બડાબાબુ તુરતજ આવી પહોંચ્યા અને રામસિંહ સાથે સવાલ જવાબ કરવા લાગ્યા.

નોકરે હુકકો લાવી ડિટેક્ટીવ રામસિંહની સામે રાખી દીધો. રામસિંહ હુકકો પીતો પીતો બડાબાબુ સાથે વાતચીત કરવા લાગ્યો. તેણે બડાબાબુને કહ્યું, " મારા આવવાથી આપને વિશેષ તકલીફ નહીં થશે. આપને થોડા સવાલો પુછી હું જવા માગું છું. "

" ભલે જે કાંઇ પુછવું હોય તે ખુશીથી પુછો. "

" આપના મકાનનો રૂપચંદ દારોગા સીવાય બીજો કોઇ ગ્રાહક હતો ? "

" જી, નહીં. અમારા એક મુકદમાને લીધે રૂપચંદ દારોગા સાથે અમને ઓળખાણ થઇ. તે વખતે અમારી મકાન વેચવાની મરજી હતી. રૂપચંદે તે મકાન ખરીદવાની ઇચ્છા દર્શાવી અને અમોએ તે મકાન તેને વેચાતું આપ્યું. "

" જે મુકદમાને લઇને રૂપચંદ આપના સંબંધમાં આવ્યો તેમાં આપને લાભ મળ્યો? "

" જી, ના. હારી ગયા. "

" મુકદમો કોણની સામે હતો. ? "

" મ્યુનીસીપાલીટી સામે. અમારી જમીન મ્યુનીસીપાલીટી પોતાની સત્તા નીચે લેવા માગતી હતી અને ઝગડાનું મુળ કારણ તેજ હતું. "

" શું રૂપચદે તે સંબંધમાં આપની કાંઇ વિરૂદ્ધમાં રીપોર્ટ કર્યો હતો ?"

" નહીં, નહીં. તે તો બહુ ભલો માણસ હતો. તેણે તો બધા સાચે સાચો અહેવાલ લખ્યો હતો."

" હવે એક વાત પુછું છું અને તે એ કે, આપના તે મકાનમાં જે ભાડુત રહેતો હતો તે ત્યાંથી ક્યારે ચાલ્યો ગયો ? મકાન વેચવા પહેલાં કે પછી ?"

" નહીં, તે પહેલાંજ નીકળી ગયો હતો, અને ત્યાર પછી મકાન વેચી નાખવામાં આવ્યું."

" ત્યાં જે એક બાબુ રહેતો હતો તેનું નામ અને ઠેકાણું આપ જાણો છો ?"

" તેનું નામ માણેકલાલ અને તે કલકત્તાનો રહેવાશી હતો."

" કલકત્તામાં કઇ જગ્યાએ ?"

" તે તો હું નથી જાણતો, અને જાણવાની જરૂર પણ પડી ન્હોતી. ફક્ત એટલુંજ જાણું છું કે તે કલકત્તામાં રહેતો હતો"

" માણેકલાલની ચાલચલણ કેવી હતી ? આપ કાંઇ તે વિષે જાણો છો ?"

" તે તો હું કાંઇ નથી જાણતો. આજ દિવસ સુધીમાં તેની માત્ર બે વખત મુલાકાત થઇ હતી. અને તે પણ ઘણા થોડા વખત માટે. હા એટલું તો હું ખાત્રીથી કહું છું કે, તે બધા માણસો સાથે નમ્રતાથી વર્તતો હતો."

રામસિંહ હવે બીજુ શું પુછે ? તેણે ચીપીચીપીને, ફેરવી ફેરવીને બારીક પ્રશ્નો પુછ્યા છતાં પણ જ્યારે કાંઇ ન વળ્યું, ત્યારે તે ત્યાંથી વિદાય થઇ માજીસ્ટ્રેટ સાહેબના બંગલાપર આવી પહોંચ્યો. ત્યાં ઘણા વખત સુધી વાતચીત થઇ. છેવટે રામસિંહે કહ્યુ, " આવી સ્થિતિમાં કંડાખાલના મેદાનમાં એક વખત જઇ આવવું એ મારા ખ્યાલથી મને ઠીક લાગે છે; મારે બે અનુભવી કોન્સ્ટેબલોની જરૂર પડશે. હું આજેજ સાંજનાં રવાના થઇશ."

સાહેબે રામસિંહને બે કોન્સ્ટેબલો આપ્યા. સાંજને વખતે રામસિંહ અને તે બંને કોન્સ્ટેબલો પોતાના પોશાક બદલીને કંડાખાલના મેદાન તરફ જવા રવાના થયા.

પ્રકરણ ૩ જું.

અફિયમ.

કંડાખાલનું મેદાન મૈમનસિંગથી આસરે ૪૦ ગાઉ દુર છે. કંડાખાલ ખરી રીતે એક પાણીના વહેળાનું નામ છે, જે બ્રહ્મપુત્રા નદીમાંથી નીકળે છે. ચૈત્ર વૈશાક માસમાં આવા વહેળાઓ સુકાઇ જાય છે, પરંતુ ચોમાસામાં તેમાં પાણી ભરપુર ભરાઇ જાય છે. તેની આસપાસ માણસ જાતની વસ્તીનું બીલકુલ નામ નિશાન નથી.

રામસિંહ, બંને કોન્સ્ટેબલો સાથે કેટલાક દિવસે અહીં આવી પહોંચ્યો. ત્યાંથી પ્રથમ તે શક્તિપુરના દારોગાને મળ્યો. દારોગાએ તેની ખુબ આગતા સ્વાગતા કરી. રામસિંહના ખાણા માટે પણ બહુજ સારી વ્યવસ્થા કરીને તેને જમાડ્યો. એ રીતે ખાણાંનો પ્રારંભ થયા પછી દારોગા અને રામસિંહની વચ્ચે મુકદમાને લગતી વાતચીતની શરૂઆત થઇ.

રામસિંહે પુછ્યું, " મરનારની ઉમર વિગેરે બાબતો મેં મનસિંગના ઇન્સ્પેક્ટર પાસેથી મેં જાણી છે. આપને એટલુંજ પુછવાનું છે કે, જે માણસો મરનારની સાથે હતાં તે બધાં હાલ ક્યાં છે ? "

" તેમાં જેઓ મુખ્ય માણસો હતાં તેઓ બધાંને હવાલતમાં કેદ રાખવામાં આવ્યાં છે."

" મરનાર ગૃહસ્થના ઠેકાણાં વિષે આપે તેઓ પાસેથી કાંઇ જાણ્યું છે ? "

" જી, નહીં. ઘણી કોશીશો કરવા છતાં તેની પાસેથી કાંઇ પણ પતો મળી શક્યો નહીં."

" તેઓ શું કહે છે ? "

" તેમનું કહેવું એમ છે કે અમે બધા કલકતાની જાનબજારમાં તે બાબુને ત્યાં નોકર હતા."

" ત્યાં કાંઇ તપાસ થઇ હતી ? "

" જી, હા. થઇ હતી."

" તપાસ કરવા માટે કોણ ગયું હતું ? "

" હું અને અમારા ઇન્સ્પેક્ટર સાહેબ."

" ત્યાં જઇ, આપ બંનેએ શું જાણ્યું ? "

" જાનબજારવાળા મકાનમાં મરનાર ભાડે રહેતો હતો અને ત્યાં તેણે હાથી, ઘોડા વિગેરે ખરીદ્યા હતા."

" ત્યાંથી કંઇ નવી વાત જાણવામાં ન આવી ? "

" તેની સાથે જે માણસ કાયમને માટે રહેતો હતો, તેને મેં અહીંજ રાખ્યો છે. કહો તો બોલાવી આપું."

" હા. તેને હમણાંજ બોલાવી આપો."

દારોગાનો હુકમ થતાંજ એક કોન્સ્ટેબલે હવાલતમાંથી તે માણસને લાવી હાજર કર્યો.

તે આવનાર માણસની ઉમર લગભગ ૪૦ વર્ષની હતી. તે દેખાવમાં સારો માણસ જણાતો હતો. રામસિંહે તેને પગથી તે છેક માથા સુધી જોઇને પુછ્યું, " તમારૂં વતન ક્યાં છે ? "

" જેસોર જીલ્લામાં."

" જે બાબુનું તે દિવસે ખુન થયું, તેની સાથે તમારે પહેલ વહેલી મુલાકાત ક્યાં થઇ ?"

" કલકતામાં."

" તમારૂં નામ શું છે ? "

" મારૂં નામ મથુરાનાથ છે."

" કલકતામાં તમે શું કામ કરતા હતા ? "

" જાન બજારમાં મારી તંબાકુની દુકાન હતી. તે અરસામાં બાબુ સાહેબ સાથે મારે મુલાકાત થઇ અને તેણે મને માસીક ત્રીસ રૂપીઆના પગારથી નોકર રાખી લીધો. ત્યારથી મેં દુકાન ઉઠાવી લીધી અને તેની સાથે રહેવા લાગ્યો. "

" હું તમને થોડાક સવાલો પુછવા માગું છું. તેના જો બરાબર ઉત્તર આપશો તો તમારા શેઠના ખુનીનો પતો લાગી જશે અને તમો લોકોનો છુટકારો પણ થઇ જશે. "

" સાહેબ, દુકાનમાં મહેનત કરવાથી જે વીસ પચીસ રૂપીયા મળી જતા હતા, તે અત્યારે બહુજ સુખના લાગે છે કારણ કે તે સ્થિતિમાં મારી વૃદ્ધ માતા, સ્ત્રી, બાળ બચ્ચાંને આટલાં દુર છોડવાનો વખત ન આવત. હવે કોણ જાણે હું ક્યારે તેઓને મળીશ." એટલું કહી તેણે લાંબો નિશ્વાસ ખેંચ્યો.

" જો ખુની પકડાઇ જાય તો પછી તમારા છુટકારા માટે બિલકુલ વિલંબ નથી. પણ જો કાંઇ પતો ન મળ્યો તો કેદખાનામાં સડવું પડશે. માટે જે પુછું તેનો બરાબર જવાબ આપો. "

" ભલે ખુશીથી પુછો. જેટલા આવે છે તે બધા એજ પ્રશ્ન કરે છે પણ કોઇ ખુનીના પકડાઇ જવાની ખબર નથી સંભળાવતું. આપ આવ્યા છો તો આપ પણ પુછપરછ કરી જાઓ. હું જાણું છું તે કહી આપીશ."

મથુરાનાથની વાતચીતના ઢંગ ઉપરથી તે બીલકુલ બેગુનાહ સાબીત થાય છે. રામસિંહની પણ તેવીજ ખાત્રી હતી; તો પણ તેણે તેને પુછ્યું; " તમારો શેઠ કોઇ દિવસ કોઇ પણ સ્ત્રીને ત્યાં જતો આવતો હતો ? "

" આ મેદાનમાં તે ભલા સ્ત્રી ક્યાંથી આવે ? જ્યારથી અમે તેમની સાથે છીએ, ત્યારથી તે છેક આજસુધી તેની ચાલ ચલણમાં કાંઇ પણ કલંક આંખે જોયો નથી તેમ કાને સાંભળ્યો નથી "

" વારૂ, જ્યારે તે કલકતામાં હતો ત્યારે એવી કોઇ વાત તમે સાંભળી હતી ? "

" ત્યાંની સ્થિતિની તો ઇશ્વરને ખબર, જે દિવસે તે કલકત્તાથી નીકળ્યા, તેજ દિવસથી હું તેના સહવાસમાં આવ્યો. "

" તમારો શેઠ શું અહીં કોઇ સ્ત્રીને સાથે ન્હોતો લાવ્યો ? "

" જી, નહી. "

" અહીં હમેશ તે શું શું કામ કરતો હતો ? "

" તેના વખતનો મોટો ભાગ તો પુસ્તકો વાંચવામાંજ પસાર થતો હતો. કોઇ કોઇ વખતે તે શીકારને માટે બહાર નીકળતા હતા. "

" શીકારને વખતે તેની સાથે કોણ કોણ રહેતું હતું ? "

" ત્રણ શીકારીઓ હતા અને તેઓજ તેની સાથે જતા હતા. કોઇ કોઇ વખતે હું અગર તો કોઇ બીજો માણસ તેમની સાથે જતો હતો.

" કદી બીજે ક્યાંથી પણ જતા હતા કે ? "

" જી નહી, બીજે જાય ક્યાં ? હા, કોઇ વખત તે કાળા રંગના ઘોડા ઉપર સ્વાર થઇને એકલા જંગલમાં નીકળી જતા હતા અને એક પહોર રાત વીતી ગયા પછી પાછા ફરતા હતા "

" શું તે એકલાજ જતા હતા, સાથે કોઇ નોકર ચાકર રહેતો ન્હોતો. ?"

" જી, નહી. સાથે કોઇ રહેતું ન્હોતું અને તે કોઇને સાથે લઇ જતા પણ ન્હોતા."

રામસિંહના મનમાં હવે કાંઇક આશા બંધાઇ. તેણે મથુરાને કહ્યું " તમારા લોકોમાંથી કોઇએ પણ જંગલમાં જઇ તમારા શેઠનું આવવા જવાનું સ્થાન જોયું હતું ?"

" નહીં, એવી કાંઇ જરૂર ન્હોતી પડી કે જેથી અમે તેની પાછળ પાછળ જઇ તે સ્થાનનો પતો લગાવીએ."

" તમારા મુકામની કઇ બાજુએથી તે જંગલમાં દાખલ થતા હતા ?"

" બરાબર ઉત્તર તરફ સાગવાનનું જંગલ છે. ત્યાંથી એક ન્હાની કેડી એક ઘોર જંગલમાં ગયેલી છે, અને તેજ રસ્તેથી તે જતા હતા જોઇએ."

રામસિંહે દારોગા તરફ ફરીને કહ્યું, " તેના ઘોડા વિગેરે ક્યાં છે ?"

" બધા ઘોડા, હાથી અને કુતરા વિગેરે મેમનસિંગ મોકલી દેવામાં આવ્યા છે."

રામસિંહે બીજી કોઇ વાત પુછી નહીં, કેદીને રવાના કરી, તે અને દારોગા આપસ આપસમાં વાતચીત કરવા લાગ્યા. તે દિવસ રામસિંહે ત્યાંજ ગાળ્યો. સાથેના કોન્સ્ટેબલોને ત્યાં છોડી બીજે દિવસે રામસિંહ ત્યાંથી વિદાય થયો.

શક્તિપુરના થાણા અને મરનારબાબુના મુકામ વચ્ચે સાત આઠ માઇલનું અંતર હતું.

ડિટેક્ટીવોને પોતાનો વેશ બદલવાની વખતો વખત જરૂર પડે છે. રામસિંહ કલકતાથી રવાના થયો તે વખતે તેણે પોતાની સાથે સન્યાસીનો પોશાક પણ લઇ લીધો હતો. શાન્તિપુરના થાણાગાથી રવાના થઇ તેણે આખા શરીર પર ભસ્મ ચોળી, માથા પર જટા ધારણ કરી, હાથમાં એક લાંબો લોઢાનો ચીપીયો લઇ એક આબાદ સન્યાસી બની ગયો અને તે એકાન્ત બિયાબાન જંગલમાં ઇશ્વરનું ભજન ગાતો, રસ્તો કાપવા લાગ્યો.

તંબુવાળી જગ્યા પાસે આવી તેણે જોયું તો, ત્યાંથી થોડે છેટે સાગવાનનું એક અઘોર જંગલ દ્રષ્ટિની ગતિને રોકી રહ્યું છે. તેણે વિચાર્યું કે, મથુરા તરફથી કહેવામાં આવે છે તે જંગલ આ જ છે. રામસિંહ પોતાના ધારણ કરેલા વેશમાં બેધડક થઇ તે તરફ આવ્યો. જંગલની પાસે પહોંચ્યો. પેલી સાંકડી કેડી મળી આવી. રામસિંહ તે સાંકડે રસ્તે ચાલવા લાગ્યો. ઘોર જંગલ ધીમે ધીમે વધારે અંધકારમય થતું ચાલ્યું. રસ્તો એવો વાંકો ચુંકો હતો કે જો તેને સાપની વક્ર ગતિની ઉપમા આપવામાં આવે તો કાંઇ અતિશયોક્તિ કરી કહેવાય નહીં. કોઇ કોઇ ઠેકાણે ઝાડની ડાળીઓ અને પાંદડાથી રસ્તો લાંબા વિસ્તારમાં ઢંકાઇ ગયો હતો. રામસિંહ આ ભયાનક જંગલની દીલ ધ્રુજાવનારી ક્રુરતા સામે હિંમતથી થઇને રસ્તો કાપવા લાગ્યો. થોડો વખત ચાલ્યા પછી એક સુંદર વહેતી નદીની પાસે તે આવી પહોંચ્યો.

આટલે દુર આવવા છતાં પણ જ્યારે ડિટેકટિવે માણસ જાતનું નામ નિશાન ન જોયું, ત્યારે તેનાથી વધારે આગળ જવાનું નિરર્થક સમજી એક ઘટાદાર ઝાડની નીચે નદીના કીનારા પર જઇને તે બેઠો. નદીની મંદ મંદ વહેતી લહરો નિહાળીને પોતાનો થાક

દુર કરતો રામસિંહ ચોતરફ નજર ફેંકી રહ્યો છે. સઘળી દિશાઓ તેને અંધકારમય જ-ણાવા લાગી. તે મનમાં વિચારવા લાગ્યો:—" આવો કેસ કોઇએ પોતાની આંખે જોયો નહીં હશે. બે માણસો માર્યા ગયા—અને મોટા કુટુમ્બના—વળી આ તો કોઇ વિચીત્ર માણસ હતો. હાથી, ઘોડા, નોકર, સવારોની સાથે શિકાર ખેલવા આવ્યો અને તે ક્યાંથી આવ્યો, કેવી રીતે આવ્યો તે કોઇ જાણતું નથી. ઘણાં ઘણાં ખુની મામલાનો પતો લ-ગાડયો, પરંતુ આવો ભેદી મામલો ક્યારે પણ સામે આવ્યો નહોતો. બીજી જગ્યાએ તો ખુનીના ઘરબારનો પતો મેળવવાનું હોય છે, પણ અહીં તો તેનાથી ઉલટું જેનું ખુન થયું છે તેના નામ ગામનો પતો લગાવવાનો છે. જાન બજારમા રહેવા છતાં હરિઘોષ સ્ટ્રીટનું ઠેકાણું લખવામાં આવ્યું અને પોલીસે પણ તે ખાલી મકાનનું સર્ટીફીકેટ રજુ કરી દીધું! કેવો અદભૂત બનાવ!

એકાએક રામસિંહની નજર એક નવીન સ્ત્રી પર પડી. આવી ઉજડ જગ્યામાં આ સ્ત્રી ક્યાંથી આવી? સ્ત્રીની ઉમર આશરે ચોવીસ વર્ષની જણાતી હતી. તે અંઘોળ કરતી હતી. તેનું શરીર ભરેલું અને સુંદર હતું. તેના દરેક અવયવોમાંથી સુંદરતા ટપકતી હતી.

રામસિંહ ભારે ઉત્સાહ અને આનંદમાં આવી ગયો. તેને ઘણી અજાયબી ઉપજી. તે મનમાં બોલી ઉઠયો:–હેં! આ જંગલમાં સ્ત્રી ક્યાંથી! શું મારી મહેનત અહીં સ-ફળ થશે?

રામસિંહે પેલી સ્ત્રીની નજરે ન પડવાનું ડહાપણ ભર્યું સમજી ઝાડની આડમાં છુ-પાઇ ગયો. ત્યાંથી તે સ્ત્રીની હિલચાલ જોવા લાગ્યો. તેની ખુબસુરતી એક રાજ્યવંશી જનાનાની મહારાણીને શરમાવે તેવી હતી. તે હવે રાજહંસણીની માફક નદીના સુનિર્મળ નીરમાં તરવા લાગી. પણ તે પાણીમાં વધુ વખત ન રહી. જલદીથી બહાર નીકળી એક માટીના ઘડામાં તેણીએ પાણી ભરી લીધું અને ભીંજાયેલા કપડા સાથે તે ચાલતી થઇ. ડિટેકટીવ રામસિંહ પણ થોડે થોડે અંતરે છુપાતો ભરાતો તેની પાછળ ચાલ્યો.

થોડે દુર જવા પછી તે સુંદરી એક ઘોર જંગલમાં દાખલ થઇ ત્યાં ન્હાની ન્હાની ઘણીક ઝુંપડીઓ હતી. એકમાં એક બુઢી સ્ત્રી બેઠી બેઠી કાંઇ કામકાજ કરતી હતી.

રામસિંહ તેની સામે ન ગયો, ત્યાંથી થોડો પાછો હઠી ગયો. થોડીવાર સુધી એજ વિચાર કરતો રહ્યો કે હવે શું કરવું? પેલી સુંદરીના દેખાવ અને ઘાટઘટમ ઉપરથી તે કયા દેશની અને કઇ જાતની હતી તેનું અનુમાન કરવું મુશકેલ થઇ પડયું. રામસિંહે વિ-ચાર કર્યો કે:–બનવાજોગ છે કે આ સ્ત્રી જ પેલા શ્રીમંત બાબુના ખુનનું કારણ હોય. સ્ત્રીના રૂપ અને લાવણ્યથી મોહ પામીને કદાચ તે અહીંયા આવતો હોય તો શું નવાઇ? આ પ્રકારે તે અહીં હમેશ આવતો જતો હોય અને તેથી આ સ્ત્રીના કોઇ સગા સંબંધીને ખરાબ લાગ્યું હોય તો શું આશ્ચર્ય? બનવાજોગ છે કે, આ સ્ત્રીના કોઇ સંબંધીએ તે બાબુને મારી નાખ્યો હોય. પરંતુ જો તેમ હોય તો પછી તે પોતાના નામ ગામ ખોટા બતાવીને અહીં શું કામ આવે? વળી તે કોઇ સાધારણ મનુષ્ય ન્હોતો. તે ધારે તો તે-ણીને પોતાનાજ મુકામ પર બોલાવી શકે. જે હોય તે. છતાં એટલું તો ચોકસ કે, રામ-

સિંહના નિરાશ હૃદયમાં હવે આશાના કિરણો ઝબકવા લાગ્યા. કેટલોક વિચાર કરવા પછી છેવટે તે ઝુપડીની તરફ આવ્યો.

બુઢી સ્ત્રીએ સન્યાસીને આવતો જોઇને વિસ્મિત ભાવથી સાદ કર્યો:—" મરિયમ "

આ સાદ સાંભળતાં બાજુની ઝુંપડીમાંથી પેલી યુવતી બહાર આવી અને બોલી:—
" શું છે ? "

" એક સન્યાસી બાવા આવ્યા છે " બુઢીયાએ કહ્યું.

સન્યાસી બાવા ઉર્ફે રામસિંહ ડિટેકટીવે જોયું કે, પેલી નદી પરની મનમોહન સુંદરી બહાર આવીને ઉભી છે. આ સ્ત્રીનું નામ મરિયમ છે. રામસિંહ ભેજાનું દહીં કરી નાખ્યું, પરંતુ તેની સમજ કે યાદમાં આ વાત ન આવી કે, " મરિયમ " એ કઇ ભાષા યા કયા દેશનો શબ્દ છે.

છેવટે આવા સ્થિતિમાં વધુ વિચાર કરવાનું યોગ્ય ન સમજી તેણે સમક્ષ જઇ કહ્યું:—
" માઇ, કાંઇ ખાવાનું આપશો, ભુખ લાગી છે, "

મરિયમ સન્યાસી બાવાની નજીક આવી. તેની મુખ મુદ્રા નિહાળી સ્હેજ ઓઠ્ઠું મરકાવી બોલી:—આપ રજપુત છો ? "

" હમે તો સાધુ છીએ, રજપુત કહો યા બ્રાહ્મણ કહો; હમારી દ્રષ્ટિમાં તો સઘળો સંસાર સમાન છે."

" આપ કયાંથી આવો છો ?"

" માઇ, ઓ તરફ ચન્દ્રનાથની જાત્રા પર ગયો હતો, ત્યાંથી ભૂલતો ભટકતો અહીં આવી પહોંચ્યો છું."

" પણ આપને આ સન્યાસ ગ્રહણ કરવાને બે ચાર દીવસથી વધુ વખત થયો ન હોય તેમ જણાય છે. હજુ પગમાં જોડાના ડાઘ પણ મોજુદ છે."

" નહીં, હું લગભગ દસ વર્ષથી આ આશ્રમમાં છું."

" હા, તેમ પણ હોઇ શકે. એકદમ આમ ઉન્નતિ થવી પણ મુશ્કેલ તો છે. અગાઉ કદાચ ગલીએ ગલીએ હાંક મારીને ઘુમવું પણ પડયું હશે. " ચાલાક મરિયમે ભરમમાં તાણો માર્યો.

આ સાંભળતાં રામસિંહ સહમસમી ગયો, ને મનમાં બોલ્યો:— રમણી ઘણી ચતુર છે, તેણી મારો ભેદ અવશ્ય પામી ગઇ છે. આવી સ્ત્રીનું રહેઠાણ જંગલમાં કદી પણ હોઇ શકે નહીં. હોય ન હોય. પણ અવશ્ય આ કલકત્તાની રહેવાવાળી કોઇ બુદ્ધિશાળી અને ચારિત્રવાન યુવતી છે. તો પણ મારે મારો ભેદ ખોલવો ઠીક નથી. " આવો ઝડપી વિચાર કરી લઇને તે બોલ્યો:—" હમે સન્યાસી છીએ, હમારી ઠઠ્ઠા-મશકરી ન કરો. માઇ, ભૂખ લાગી છે, કાંઇ ખાવાનું હોય તો આપો."

" સારૂ, તો આપ શું ખાશો ? "

વેશધારી સન્યાસીએ કહ્યું:-" કદાચ તું સમજી ગઇ છો કે હમે રાજપુત સન્યાસી છીએ. રજપુતોને માટે યોગ્ય હોય તેવા આહારથી હમે પ્રસન્ન થઇશું,"

મરિયમ બોલી—" સન્યાસી છો કે નહીં તે તો ઇશ્વર જાણે, હું એટલું તો જરૂર સમજું છું કે, આપ રજપુત છો."

રામસિંહને વધુ વાદવિવાદ કરવાનું ઉચિત ન લાગ્યું. મરિયમે રસોઇને માટે સીધો લાવીને સામે મુકયો. રામસિંહે પોતાને હાથે રસોઇ બનાવી અને ઇચ્છાનુસાર ભોજન કર્યું. બુઢીયા અને મરિયમે પોતા માટે અલગ રસોઇ પકાવી. રામસિંહ ભોજન કરતો હતો, તેવામાં મરિયમ એક થાળીમાં તરકારી લઇ આવીને સન્યાસીને પીરસવા લાગી; કે તુરતજ રામસિંહે તેણીને અટકાવીને ના પાડી. મરિયમ બિચારી લજ્જિત થઇને પાછી ચાલી ગઇ, પરંતુ તેણી જતાં જતાં લાંબા નિશ્વાસ સાથે એટલું બોલતી ગઇ કે-" આહ ! સઘળી દુનીયા દુશમન થઇ રહી છે, કોણુ કોને આપે છે, કોણુ કોને ખવરાવે છે, આતો બધી જુઠી માયા છે. "

રામસિંહે આ શબ્દો સાંભળીને મરિયમની મનમાં પ્રશંસા કરી અને તે દીવસે ચોવીસ કલાક તેણે ત્યાંજ વીતાવ્યા.

મરિયમ પોતાના હમેશના નિયમ અનુસાર નદીપરથી નાઇ ધોઇ ગળામાં સુગંધી વન ફુલોની માળા પહેરી ઝુંપડીમાં પછી ફરી. ચોતરફ સુગંધ ફેલાઈ રહી હતી. તેણી હસતી મુસ્કરાતી સન્યાસી બાવા પાસે આવી અને નયન કટાક્ષથી તેને મોહીત કરતાં તે બોલી— " આપ હજુ નથી ગયા ? "

" ઘણી લાંબી મંજલ કરીને આવ્યા છીએ, તેથી શરીરમાં કાંઇક અશક્તિ આવી ગઇ છે, નજીકમાં કોઇ વિશ્રામસ્થાન પણ જણાતું નથી; તેટલા માટે આજ રાતની રાત અહીં ગુજારી સવારમા પોહ ફાટતાંજ અહીંથી ચાલ્યા જવાનો વિચાર છે. "

મરીયમ હવે જરા સન્યાસીની વધુ નજીકમાં જઇને બેઠી અને બોલી:-"આજે જયારે અમારા પર કૃપા કરીને અહીં પધાર્યા છો, ત્યારે કાંઇક ધર્મજ્ઞાન તો સંભળાવો ? "

રામસિંહ પોલીસનો માણસ હતો. પોલીસને ઉપયોગતુંજ તેને જ્ઞાન હતું. ધર્મની સાથે તો આજેજ તેને કામ પડયું ! પરંતુ જ્યાર સન્યાસીનો વેશ ધારણ કર્યો છે ત્યારે ધર્મ ચર્ચા કર્યા વગર કેમ ચાલે ? રામસિંહે ભેજાને ખુબ કસ્યું, અને પછી થોડું બળતું ગોઠવીને બોલ્યા:—" સાંભળો, ધર્મજ માનવ જીવનનો સાર છે, મનુષ્ય આજ છે ને કાલ નથી. મનુષ્ય જાતને કોઇને કોઇ દીવસ મરવું તો છેજ તેટલા માટે કદી પાપનું કામ કરવું નહીં જોઇએ. "

મરીયમ ખડખડાટ હસી પડી અને બોલી:—બાબાજી, આવો ઉપદેશ શહેરમાં રહેવા વાળી ન્હાની ન્હાની છોકરીઓને આપો. એક વનમાં વસનારી-વન વિહારીણી તપસ્વીની આવા ઉપદેશથી સંતોષ પામી શકે નહીં."

આ સાંભળતાં રામસિંહના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. જે યુવતીને તે એક અબોધ જેવી સમજ્યો હતો, તે તો ધર્મના ઉંચા જ્ઞાનવાળી એક સંસ્કારી સુંદરી નીકળી ! રામસિંહે કહ્યુ:—હમે તમારા જ્ઞાનની સીમા તો જાણુતા ન્હોતા, એટલે વિશેષ શું કહી શકાય ? ખેર, આવો તમે સવાલ કરો, હમે ઉત્તર આપશું.

" મરિયમ—" સારૂ, આપ સ્ત્રી પુત્રનો ત્યાગ કરી સન્યાસ લઇને જે તિર્થયાત્રા કરી રહ્યા છો, તો જગત અને ઇશ્વરનો સબંધ શું છે, તે બતાવો. જીવ અને બ્રહ્મમાં અંતર શું છે : "

રામસિંહ આ પ્રશ્નનો અર્થ શું સમજ્યો તે તો તેની બલા જાણે. પરંતુ તે પણ એક પહેલા દરજ્જાનો ચાલાક મનુષ્ય હતો. તેણે નાના પ્રકારની અનેક વાતો છેડીને મુળ પ્રશ્નને ઉડાવી દીધો. પણ મનમાં તો મરિયમના સવાલનો ઉત્તર ગોઠવતો રહ્યો હતો. મરીયમ કાંઇ ઓછી ચાલાક ન્હોતી. તે તુરત પામી ગઇ કે સન્યાસી બાવાનું ભેજું તદન કોરૂં કડાક છે. થોડીવાર પછી તે બોલીઃ—આમ કરવાથી શું ફાયદો છે, મુગ વાત સંબંધમાં જે કાંઇ કહેવું પુછવું હોય તે પુછો, જે કાંઇ જાણતી હોઇશ તે કહી આપીશ."

રામસિંહ આ ચતુર રમણીની ચતુરાઇથી ઉપરા સાપરી માત થવા લાગ્યો. તે પોતાનો ભેદ ખોલી નાખવા પણ તૈયાર થયો, પણ પાછો થોભી ગયો.

" રાત્રે શું ખાણું લેશો. " મરીયમે પુછ્યું.

રામસિંહ:—" નહીં આજે તો કાંઇ નથી ખાવું."

" તો શું ઉપવાસ કરીને ભુખે મરશો ? સારૂં, એ વાત જવા દો. ચાલો, આજે હમે બંને આ ઘરમાં સુઇશું."

"ભલે, તેમ કરો."

અને તુરત મરિયમ ત્યાંથી ચાલી ગઇ.

પ્રકરણ ૪ થું.

બંધીવાન બુલબુલ.

રાત્રીનો સમય હતો. શાન્ત ચુપકીદી પથરાઇ રહી હતી. માત્ર કંસારીઓની તાનાતીરીજ તે શાન્તીમાં થોડી ખલલ કરતી હતી. આ વખતે રામસિંહ પેલી રાજહંસની મરિયમની એકાન્ત ઝુંપડીની ઓશરીના ભાગમાં સુતો છે, શીતળ પવનની મંદમંદ લહરોથી હુલ્લાસિત થઇ રહ્યો છે, સાથેજ મરિયમનો ભેદ જાણવાની ઉત્કંઠામાં બાછાનામાં પડ્યો પડ્યો કેટલાય તરંગો કરી રહ્યો છે, પરંતુ હજુ સુધી મરિયમ આવી નહીં. છેવટે તેણે પોતાને ઉંઘ આવી જવાનું બ્હાનું કર્યું.

મરિયમ ખાઇપી હાથ મોં ધોઇ જ્યાં સન્યાસી સુતો હતો તે ઘરની ઓશરીમાં આવી અને ઓશરીના એક ભાગમાં સુતેલા સન્યાસી તરફ જોઇને બોલી:—"કેમ, બાબાજી સુઇ ગયા ? "

રામસિંહ તો જાણે ભર ઉંઘમાં પડ્યો હોય તેમ જવાબ ન આપ્યો. મરિયમ મનમાં બોલી:—" બાબાજી સુઇ ગયા જણાય છે, મોટા ઘરના માણસ છે. ક્યાંસુધી દુઃખ ઉઠાવશે ?"

મરિયમ એ પ્રમાણે ટકોર કરીને ઓશરીમાંથી ઘરની અંદર ગઇ. રામસિંહ સાવધાન થઇને અંધારામાં પોતાના બીછાના પર છુપીને બેઠો. અંદર ઘરમાં મરિયમે પેલી બુઢીયા સાથે કેટલીક વાતો કરી અને પછી ગાવાની શરૂઆત કરી. તેણીનો મધુર સુકોમલ સુર અને ગાવાની ઢબથી રામસીંહ એટલો મુગ્ધ બન્યો કે જાણે પોતે અત્યારે ઇંદ્ર ભુવનમાં બેઠો, સબ્જપરીનું ગાન સાંભળતો હોયની ! મરીયમનું આ ગાયન જેમ સુરીલું હતું તેમ તેણીની મર્મપીડાનું પણ સાંભળનારને ભાન કરાવતું હતું. રામસિંહે મરિયમની પ્રથમની વાતચીતો અને આ ગાયનના ભાવ ઉપરથી અનુમાન કર્યું કે, અવશ્ય મરિયમનું જીવન ભેદ ભરમોથી ભરેલું છે. મરિયમ બચપણથીજ વનમાં વસનારી જણાતી નથી.

ડિટેક્ટીવ રામસિંહ આ વિચારમાં મશગુલ હતો તે પહેલાં થોડીવારે મરિયમનું ગાયન બંધ પડયું હતું. રામસિંહ સમજ્યો કે મરીયમ હવે ઉંઘી ગઇ; પરંતુ રામસિંહને ઉંઘ નહોતી, તે બેઠોજ રહ્યો.

રામસિંહ આ જાગૃત સ્થિતિમાં પણ અવાર નવાર ઝોકું ખાઇ જતો હતો. ઉંઘ તેની ઉપર ગમખો કરીને તેને બિછાના વશ કરવાને તૈયાર રહેતી હતી, પણ ઝાડના પાંદડાઓના પવનની વધતી ઓછી લહેરીથી થતા ખખડાટથી તે પાછો સચેત થઇ જતો હતો.

એકાએક કાંઇ અવાજ આવ્યો. રામસિંહ આંખો ફાડીને જાળીયામાંથી બહાર જોવા લાગ્યો. તે સમજ્યો કે કોઇ માણુસ ઘણી દયા ભરી રીતે પોતાના છુટકારા માટેની પ્રાર્થના કરતું હતું.

રામસિંહ ઝડપથી બહાર નીકળી આવ્યો, અને એક જગ્યા પર ઉભો રહીને ધ્યાનથી સાંભળવા લાગ્યો. પછી તેને સમજાયું કે, નજીકમાં વાંસળીનો કરૂણા સ્વર ગુંજી રહ્યો હતો. પેલો સંભળાતો અવાજ બીજો કાંઇજ નહીં પણ મનુષ્ય સ્વરમાં વાંસળીજ પ્રાર્થના કરી રહી હતી.

રામસિંહ આ સ્થિતિમાં પોતાનું સઘળું કામ ભુલી જઇને વાંસળીના અવાજ પર આવ્યો. રસ્તો જંગલનો હતો. વળી જંગલ સાધારણ નહિ, પણ ભયાનક હતું.

ઝાડી ઘણી ઘટ્ટ છે, વચમાં એક નવું મકાન છે. ઇંટ પથ્થરનું મકાન નહોતું, પણ જંગલના લાકડાઓથી બનાવેલું એક ન્હાનું મકાન હતું. તે મકાનની અંદરથી બંસીનો મધુર સુર બહાર નીકળી, હવામાં મળી જંગલને ધમધમાવી મુકતો હતો.

રામસિંહ તે મકાન પાસે જઈ પહોંચ્યો. જોયું તો દરવાજો બંધ હતો. રામસિંહે ખુબ જોરથી દરવાજાને ધક્કો માર્યો કે તે ખુલ્લી ગયો. રામસિંહ નિડર થઇ અંદર દાખલ થયો. તેના મનમાં એમ પણ ડર ન આવ્યો કે, હું બીજાના મકાનમાં ઘરધણીની રજા વગર આ ઘોર અંધારી ભયંકર રાત્રીએ ઘુસીને અન્યાય કરી રહ્યો છું. બસ રામસિંહ તો એક મતવાલાની માફક અંદર ઘુસ્યો.

મકાનમાં એક મોટું ઝાડ હતું, જેના ઘેરાવાને લીધે મકાનનો આજુબાજુનો ભાગ અંધારામાં ઢંકાઇ ગયો હતો. રામસિંહ અંધારામાંજ ઉભો રહ્યો. તેજ પળે માનો, રામસિંહ

ની ઉમેદ પુરી કરવાને માટે એક નવયૌવન સુંદરી સામે આવીને ઉભી રહી. તેણીની ઉમર ૧૬ વર્ષની જણાતી હતી. રામસીંહ તેને એકાએક સામે આવી ઉભેલી જોઇને ચકિત થયો અને સમજ્યો કે, આ પરીજ પોતાની બંસીથી સમગ્ર વનસ્પતિને રડાવી રહી હતી.

પછી યુવતીએ અતીશય શાન્ત અને ગંભીર અવાજે કહ્યું:–" તમે આવી ગયા ? "

રામસિંહના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે કહ્યું:–" હું કોણ છું, તુ મને ઓળખી શકે નહીં. "

પેલી નિરાશ થઇ બોલી—" ત્યારે તો તે આવી ન શક્યા. તમે કોણ છો ? તમે પણ શું આ અભાગણીનું સર્વનાશ કરવા આવ્યા છો ? તમારા પગ ચુમું છું—હું બહુજ દુઃખી છું—આજે છ માસ થયા હું આ નિર્જન જંગલના કારાગૃહમાં પડી છું. ઇશ્વર પાસે હમેશ પ્રાર્થના કરૂં છું કે, મને અહીંથી છોડાવે. પણ તેની કોણ જાણે શું ઇચ્છા છે. મારાથી હવે આ દુઃખ નથી સહેવાતું. તમોને જોઇને મારા મનમાં આશા થઇ હતી કે, મારા દુઃખનો અંત આવ્યો—મારા હૃદય દેવતા—મારા સ્વામી મારી પાસે આવી પહોંચ્યા, ઇશ્વરે મારી દીન અબળાની પુકાર સાંભળી. પણ હાય અફસોસ ! હજુ મારા ભાગ્યમાં કેટલું દુઃખ લખ્યું હશે ?'

આ સાંભળીને રામસિંહને વધુ અજાયબી ઉપજી, તેને આ સઘળી લીલા અરેબીયન નાઇટ્સ માંહેલી " ઉંઘ્રયેલો જાગૃત થયેલા " ની કહાણી જેવી લાગવા માંડી. રામસિંહે તેને કહ્યું: –" હું તારૂં કાંઇપણ બગાડવા કે પુરૂં કરવા આવ્યો નથી. હું પોલીસ છું એક મુકદમાની તપાસમાં અહીં આવી ચડયો છું. માલુમ પડે છે કે તુંજ બંસી બજાવી રહી હતી તારી બંસીજ મને અહીં લઇ આવી છે. "

" આપ પોલીસ છો ! આ દેશમાં તો પોલીસ શબ્દ સાંભળ્યો નથી. હા, અંગ્રેજ રાજ્યમાં પોલીસ છે અંગ્રેજ રાજ્ય સ્ત્રી જાતિના સતિત્વના રક્ષણ માટે સદા તત્પર રહે છે. શું તમે તેજ અંગ્રેજ રાજ્યના પોલીસ છો ? "

રામસિંહ—હા, હું અંગ્રેજ સરકારનો પોલીસ છું.

" તમારી સાથે ફોજ પણ છે ? " પેલીએ પુછ્યું.

" નહિં, ફોજ બોજનો કાંઇ નથી. "

" ત્યારે તમે અહીંથી જલદી નાસી જાઓ, તમે મારો છુટકારો નહીં કરી શકો. "

" કેમ ? " રામસિંહે પુછ્યું,

" અહીં મારી ચોકી માટે ચાર પહેરવાનો છે, તે સિવાય નજીકમાંજ વળી એ તીચનો મુકામ છે."

" કોનો મુકામ ? "

" સાંભળો, ખાંસવાની અવાજ આવી ?" પેલી ગભરાટથી બોલી. " કર્ણસિંહ જાગી ગયો જણાય છે. હવે તમે ભાગો જલદી ભાગી જાઓ, નહીંતો તમારા પ્રાણ નહીં બચે "

" તું સ્ત્રી છો-તું અબળા છો, તને આવી આફતમાં જોયા પછી છોડીને હું ભાગી

શકતો નથી. જો મારી સાથે ચાલવામાં તને કાંઇ સંકોચ કે વાંધો ન હોય તો ચાલ સાથે. તું મારી બ્હેન અને હું તારો ભાઇ છું. ચાલ જલદી કર."

"બંધીવાન પક્ષી જો ઉડીને ભાગી શકતું હોય તો પછી પીંજરામાં બંધ રહેવાનું શું કામ પસંદ કરે ? પરંતુ મારા સ્વામી મને ક્યાં મળશે ?"

"તેમનું નામ જાણવા પછી તેમનો પત્તો લગાવીને હું તને ત્યાં પહોંચાડી દઇશ, અને જેણે તારી આ દુર્દશા કરી છે તેને પણ પકડીને યોગ્ય સજા અપાવીશ."

"સારૂ, ત્યારે આવો. હવે એક પળ માત્ર પણ અહીં થોભવું સલામતી ભર્યું નથી. વાતો કરવી પણ જોખમ ભરી છે. પહેલવાનો જાગી ઉઠે તો પ્રાણ બચવા કઠણ થઇ પડે."

રામસિંહ એક શબ્દ પણ બોલ્યો નહીં, તુરત તે રમણીને લઇને રસ્તે પડ્યો.

ડિટેક્ટીવ જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તો ભુલી ગયો. તેનું દિશા જ્ઞાન પણ જતું રહ્યું. થોડે દુર જવા પછી તેણે પેલા નદી વનને જોયું. સામેજ નદી હતી. રામસિંહ વિચારવા લાગ્યો કે, હવે નદી કેવી રીતે પાર કરવી ? જો કિનારે કિનારે જઇએ તો કોણ જાણે ક્યાં પહોંચીએ.

એકાએક રમણીએ ભયની ચીસ પાડીને કહ્યું—"હાય, સર્વનાશ ! જુઓ મોટું રીંછ આવે છે. તેની આંખો કેવી ચમકી રહી છે !"

રામસિંહે પોતાની ઝોળીમાંથી પીસ્તોલ કહાડી રીંછની ચમકતી આંખોનું નિશાન તાકીને છોડી. રીંછે જોરથી ચીસ પાડી અને જમીન પર પટકાઇ પડ્યું.

પીસ્તોલનો ધડાકો અને રીંછની ચીસ વાયુ મંડળમાં ગુંજતા પહેલા જ ચુ હવાલદાર બંધ પહેલવાનો તેમની તરફ દોડતા આવતા દેખાયા.

રમણીએ તેને જોઇ લીધા અને ભયથી તે થરથર ધ્રુજવા લાગી. તેના હોંશ હવાસ ઉડી ગયા; તે ધીરજ એકઠી કરીને બોલી:—"હાય ! દુઃખ ! છેવટે સર્વનાશજ મારા ભાગ્યમાં લખ્યું હતું. પહેલવાનોએ આપણને જોઇ લીધા છે. જુઓ તે આ તરફજ દોડતા આવે છે."

રામસિંહે તુરતજ પીસ્તોલ પાછી ભરી લીધી અને કહ્યું:—"ડરો નહીં, જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી તારો એક વાળ પણ વાંકો થવાનો નથી."

રામસિંહ એટલું કહેવા પામ્યો તેટલામાં તેના કાન પાસેથી સનસનાટ કરતી એક ગોળી પસાર થઇ ગઇ. રામસિંહે પણ પીસ્તોલ છોડી સામો ધડાકો કર્યો. ભડાકો બાર ખાલી ગયો. પહેલવાનો નજીક આવી લાગ્યા. રામસિંહે બીજીવાર પીસ્તોલ છોડી અને એક પહેલવાનને જમીનપર પટકાવી દીધો.

બીજા બે પહેલવાનો ઝડપથી આવીને રામસિંહપર તુટી પડ્યા. તે માંહેના એકે રામસિંહના હાથપર એવા જોરથી લાકડી મારી કે રામસિંહના હાથમાંથી પીસ્તોલ પડી ગઇ, અને તે જમીનપર ઉંધે મ્હોડે પડ્યો.

જોત જોતામાં બે પહેલવાનો પેલી બાને લઇને નાઠા. બી ચીસો પાડવા અને રોવા લાગી, પરંતુ તે કઠોર અંતઃકરણના રાક્ષસોને દયા ન આવી. આ રમણીનું અહીં જંગલમાં રોવું સાંભળે એમ પણ કોણ હતું ? પેલા રાક્ષસો તે બિચારીને આ ભયાનક જંગલમાં ઘસડી ચાલ્યા. કોઇ અટકાવનાર નથી !

આ નવયોવન રમણી કોણ છે, આવા ભયાનક જંગલમાં પહેલવાનોના પહેરા તળે તેને કોણ છોડી ગયું છે, તેણીની મુલાકાતે વખતો વખત આવનાર માણસ કોણ હતો; તે તો ઇશ્વર જાણે ! જે રામસિંહ ડિટેક્ટીવે આ ભેદનો ભંડો ફોડવાને માટે પોતાના કદમ લંબાવ્યા હતા, તે પણ અત્યારે પહેલવાનોના માસ્થી અહીં બેહોશ થઇને પડયો છે. !

પ્રકરણ ૫ મું.

સોનાની અંગુઠી.

સ્હવારની ખુસનુમા ગુલાબી લહેરીએ રામસિંહને જાગૃત કર્યો. તેણે આંખ ઉઘાડી તો પોતાને એક નદી કીનારે પડેલો જોયો. તેના શરીરની નસેનસ ઢીલી પડી ગયેલી છે, તેનામાં ઉઠવાની શક્તિ હજુ આવી નહોતી.

થોડીવાર સુધી રામસિંહ પોતા પર વિતેલીનો પોતેજ વિચાર કરતો પડયો રહ્યો, પછી જરા મુશ્કેલીથી બેઠો થયો અને ચોંતરફ જોવા લાગ્યો. રામસિંહે જાણ્યું કે આ જંગલ નથી. નજીકમાંજ એક ગામડું નજરે પડયું. તે સમજ્યો કે પેલા પહેલવાનોએ મને માર મારી બેહોશ સ્થિતિમાં ઉપાડી લાવી અહીં ફેંકી દીધો છે, અને પેલી રમણીને પાછી તેજ જંગલમાં લાકડાના મકાનમાં લઇ ગયાં છે. છેલ્લા વિચારે તેને ઉત્સાહિત બનાવ્યો અને તેણે ઇચ્છયું કે તે લાકડાના મકાન પર એકદમ હુમલો લઇ જઇ રમણીને છોડાવી લાવવી. પણ તે જંગલ કયાં, લાકડાનું મકાન કયાં, અને પોતે કયાં ? તે સઘળું કેટલું દુર હતું તે કોણ જાણતું હતું ? રામસિંહ હવે શાન્તિથી વિચાર કરવા લાગ્યો;–ગમે તેમ હોય, પણ આટલું તો ચોક્કસ જણાય છે કે, પેલી બીના મકાન સાથે પેલા મરનાર ગ્રહસ્થને કોઇ ન કોઇ જાતનો સંબંધ હોવો જોઇએ. પણ મરીયમ અને પેલી બુઢી કોણ છે ? આ બીહામણા જંગલમાં જ્યાં જંગલી માણસની પણ વસ્તી નથી, ત્યાં રજપુત કુટુમ્બની બે બીઓનું હોવું આશ્ચર્યની વાત છે ! કોઈ શ્રીમંત બદમાસનું તો આ કામ નહીં હોય ? બનવા જોગ છે કે પોતાની કુવાસના તૃપ્ત કરવા માટે કોઇ નીચ માણસે પેલી યુવતીને આ જંગલમાં લાવીને સંતાડી હોય. પરંતુ મરિયમ અહીં શું કામ રહી છે ? તે જુવાન છે, ખુબસુરત છે, ખાનદાન કુટુમ્બની બાળા જેવી વાતો કરે છે, વળી તે કેદી અવસ્થામાં નહીં પણ સ્વતંત્રતાથી રહે છે, તો પછી તે અહીં કેમ ? શું તેણી, પેલી રમણીને કેદ રાખનાર કોઇ લાકુકાર લુટારાની રાખેલી બી હશે ? અને તેટલા માટેજ તે આવી રીતે સ્વતંત્રતાથી ફરતી હરતી રહે છે ? વળી જે લોકો આવા જંગલમાં છુપી રીતે આ બે બીઓને અહીં લાવ્યા છે તે શું એટલા બધા મુર્ખ હશે ? તે શું નહીં

સમજતા હોય કે એક મ્યાનમાં બે તલવાર કદી રહી શકે નહીં ? ચબરાક મરીયમની વા તોથી સ્પષ્ટ જણાય છે કે તેણે મને સારી રીતે ઓળખી લીધો છે. તો આવી સ્થિતિમાં તેણીએ મને કાંઇ કહ્યું કેમ નહીં ? ગમે તે હોય, પણ આ સઘળી બાબતનો ભેદ શોધવો અગત્યનું છે. આ ભેદજાળમાં કંડાબાલવાળા મરનાર બાબુના ખુનનો ભેદ પણ છુપાયેલો જણાય છે. આ પ્રમાણેના વિચારો કરી, ઉત્સાહમાં આવી રામસિંહ ઉભો થવા જતો હતો; પણ તે ઉભો થઇ શક્યો નહીં. તેનું માથું ફરવા લાગ્યું, તે પાછો બેસી ગયો. તેના આખા શરીરમાં પીડા થતી હતી, ડાબા હાથનું કાંડું તો જાણે તુટીને નીચે પડવા લાગતું હતું.

સ્હવાર થઇ ચુક્યું હતું. પુર્વ દિશામાંથી સુર્ય પોતાના સોનેરી કિરણો ફેંકતો અંધકારમય જગતને શણગારી રહ્યો હતો. એટલામાં એક ભિક્ષુક બ્રાહ્મણ પાસેના ગામમાં ભિક્ષા માટે જતો દેખાયો. રામસિંહે તેને નમ્ર અને ધીમા અવાજે પુછ્યું; " ભાઇ આ ગામનું નામ શું છે ? "

" કાસિમપુર " પેલાએ કહ્યું " તમારી તબીયત શું એકદમ ખરાબ છે ? તમો આવી રીતે દુઃખી અવસ્થામાં કેમ દેખાવ છો ? "

" હા, હું ઘણોજ બિમાર છું આ કયો જીલ્લો છે ? "

" જ્યારે તમે કાંઇ જાણતાજ નથી, તો પછી અહીંયા કેમ આવી ચડયા ? "

" તે ઘણી મોટી કહાણી છે. પછી કહીશ. હમણા તમે મારા સવાલનો જવાબ આપો."

" આ મેમનસિંગ જીલ્લો છે. " બ્રાહ્મણે જણાવ્યું.

" અહીંથી શક્તિપુર થાણું કેટલું દુર છે ? "

" આશરે અરધો ગાઉ હશે. શું તમે ત્યાં જવા માગો છો ? કાંઇ માઠો બનાવ તો નથી બન્યો ને ? "

" હું મોટી આફતમાં પડયો છું. તમે મારૂં એક કામ કરશો ? "

" શું ? "

" હું શક્તિપુરના થાણામાં જવા માગું છું. જો બની શકે તો કોઇપણ ઠેકાણેથી એક પાલખી મંગાવી આપો. ભાડું હું આપીશ."

" હું ગરીબ માણુસ છું, ઘરમાં ચાર પાંચ માણુસો છે. બહારથી ભિક્ષા માગી આવીશ, ત્યારે તે સઘળા અન્ન પાણી ભેગા થશે." બ્રાહ્મણે આનાકાની ભર્યો જવાબ આપ્યો.

" તમારી મહેનત ફોકટમાં જશે નહીં; તેને માટે હું તમને આઠ આના આપીશ."

બ્રાહ્મણે હવે વધુ આનાકાની કરી નહીં. તેણે કહ્યું. " મારા ગામમાં ભોઇ નથી. બીજે ગામ જવું પડશે. જો તમને બહુજ જરૂર હોય તો એક રૂપીયો આગાઉનો આપો. તમે સારા માણુસ છો એટલે તમારૂં એટલું કામ કરવામાં મને કાંઇ વાંધો નથી."

" આ વખતે મારી પાસે રૂપીયા નથી. થાણામાં જઇને પાલખીવાળા ભોઇને રૂપીયો આપી દઇશ, અને તમારો હીસાબ પણ ચુકવી આપીશ.

રામસિંહની પાસે જે કાંઇ હતું, તે સઘળું ઝોળી સમેત પહેલવાનોએ પોતાના કબ-જામાં લઇને તેને બેહોશ હાલતમાં છોડી દીધો હતો. પણ રામસિંહના ઉપલા જવાબથી બ્રાહ્મણનો ઉત્સાહ જતો રહ્યો. તેણે કહ્યું. "મહારાજ! માફ કરો. કોઇ લોકોને પ્રથમ પૈસા આપ્યા વગર કામ નહીં થાય."

"તમે એક કામ કરી શકશો?"

"નહિં, હું તમારા કામમાં પડીને મારો વખત ગુમાવવા માગતો નથી. હું તો પહેલેથીજ કહી ચુકયો છું કે, જ્યારે હું ભીક્ષા માગીને લઇ જઇશ ત્યારે રસોઇ થશે."

"તેની તમે ચીંતા ન કરો. થાણામાં પહોંચતાંજ હું તમારા આઠ આના મોકલી દઇશ. તમે આ ગામના ચોકીદારને બોલાવી લાવો. પાલખીવાળા પાસે જવાની જરૂર નથી."

"નહીં, તે મારાથી નહીં બને. હું ગરીબ માણસ ભિક્ષા માગીને ગુજારો કરૂં છું. ભીખ ન માગું તો મારૂં ગાડું અટકી પડે. લુટારાઓ તમોને લુંટયા છે. ચોકીદાર આવ-વાથી તેની સાથે સાક્ષી આપવા માટે મારે ઠેક ઠેકાણે ભટકવું પડે, એવી પંચાતમાં તે કોણ પડવાનું હતું?"

રામસિંહ—"કેમ! સાક્ષી શાની? તમારે સાક્ષી થવાની શું જરૂર?"

બ્રાહ્મણ—"તે હું જાણું છું. પોલીસની કાર્યવાઇ હું સારી પેઠે સમજુ છું. ચોકીદાર આવે તે પછી ફોજદાર આવે અને હજારો પ્રશ્નો પુછીને મારૂં માથું ખાય જાય. ત્યાર પછી અદાલતમાં સાક્ષી આપવા પકડાવું પડે. એવી નકામી ઝીંઝટમાં હું પડવા માગતો નથી"

આમ કહીને તે જવા લાગ્યો, રામસિંહે તેને પાછો બોલાવીને કહ્યું. "જુઓ, હું પોલીસ દારોગો છું. બિમાર પડયો છું. રસ્તો ભુલી જવાથી મારી સાથના બીજા માણસો જુદે રસ્તે ગયા અને હું આ તરફ આવી ચડયો છું. મારે થાણાપર જવું છે, તમે ચોકી દારને બોલાવો તો ઠીક છે નહીંતર તમારે ખમવું પડશે, સમજ્યા કે?"

બ્રાહ્મણ પાછો ફર્યો અને બોલ્યો. "જ્યારે સવારના પહોરમાં તમારા દર્શન થયા, ત્યારથીજ હું સમજ્યો હતો કે આજે હું બદ ચોઘડીયે ઘરમાંથી નીકળ્યો છું. તમે દારોગા હો અથવા કોઇપણ હો, હું ચોકીદારને બોલાવી લાવું છું. પણ મહેરબાની કરીને કોઈ સાક્ષી વિગેરેના લફરામાં મને ન નાખતા."

એટલું કહીને બ્રાહ્મણ ગામની તરફ ચાલ્યો. રામસિંહના શરીરમાં કાંઇક ચૈતન્ય આ-વ્યું, તે ઉઠીને ઉભો થયો, બે ત્રણ ડગલા ચાલ્યો. પહેલા કરતાં તબીયત સારી જણાઇ; પણ પીઠ અને હાથ ઉપરની વેદના જેમની તેમ હતી. તે ધીમે ધીમે જમીનપર પગ મુકતો ચાલવા લાગ્યો, તેટલામાં હરીરામ નામનો ચોકીદાર પોતાના પોલીસ પોશાકમાં ત્યાં આવી પહોંચ્યો. સાથે પેલો બ્રાહ્મણ ન હતો. તે બીજે રસ્તેથી ભીક્ષા માગવા ચાલ્યો ગયો હતો.

ચોકીદાર આવતાંજ રામસિંહે તેને કહ્યું. "હું શક્તિપુરના થાણા પર જવા માગું છું. એક પાલખી અથવા ઘોડાનો બંદોબસ્ત જલદીથી થવો જોઇએ."

" આપ શું પોલીસના આદમી છો ?" ચોકીદારે પુછ્યું.

" હા, હું પોલીસ છું."

" આપ આવી દશામાં કેમ આવી પડયા ? આપનો પોશાક પણ આપની સાથે નથી, તેમ બીજા કોઇ માણસો પણ સાથે નથી, હકીકત શું છે ? "

" એ સઘળી વાતો સાથે તમોને કાંઇ સંબંધ નથી, તમે એક પાલખી અને નહીંતો એક ઘોડો મંગાવી આપો અને મારી સાથે થાણા પર ચાલો."

ચોકીદારઃ--પાલખી મંગાવવાથી વખત ઘણો લાગશે, જો ઘોડો જોઇતો હશે તો હમણા મંગાવી આપું.

રામસિંહે ઘોડો લાવવાને માટે કહ્યું અને ચોકીદાર લઇ આવ્યો. તે પર સ્વાર થઇ ચોકીદારને લઇ રામસિંહ શકિતપુરના થાણા તરફ જવા ઉપડયો.

રામસિંહ શક્તિપુરના થાણામાં આવી પહોંચ્યો. આ વખતે ત્યાંનો દારોગા થાણામાં હાજર નહોતો. રામસિંહના ત્યાં પહોંચવા પછી કેટલીકવારે દારોગા કેટલાક પોલીસમેનો સાથે આવી પહોંચ્યો. રામસિંહને પાછો આવેલો જોઇ દારોગાએ પુછ્યું. " કેમ સાહેબ ! શું થયું ? કાંઇ પતો લાગ્યો ? "

" તે વાત પછી કરીશું." રામસિંહે કહ્યું. " કેટલોક પતો મળી ચુકયો છે. પરંતુ પ્રથમ એ કહો કે, આપ આટલી ધસત સાથે કયાં ગયા હતા ? "

" અહીંથી લગભગ ત્રણ ગાઉ પર બડુઆ નામનું એક ગામડું છે." દારોગાએ કહ્યું " ત્યાં ડાકુઓના દોરથી લોકોમાં ત્રાસ વર્તાઇ રહ્યો છે. જે દીવસે આપ અહીંથી કુંડાખા લની તરફ રવાના થયા તે દીવસે મને ખબર મળ્યા કે બડુઆમાં પાછલી રાત્રે બદમાશોએ મોટી ધાડ પાડી છે. અમે એકદમ ત્યાં જવા ઉપડયા અને આજે ત્યાંથી પાછા ચાલ્યા આવીએ છીએ."

" ડાકુઓનો કાંઇ પતો મળ્યો ? " રામસિંહે પુછ્યું.

" બીલકુલ નહીં. ઘણી મગજમારી કરવા છતાં કાંઇ પણ વાત સમજમાં નથી આવતી."

" શું વાત ? "

" ત્યાં એક મકાનમાં એક સ્ત્રીનું ખુન થયું છે, અને બેચાર જોરાવર માણસો ઝખમી થએલા છે. તે ઝખમી થયેલાઓને પુછવાથી જણાયું કે, ધાડપાડુઓ માત્ર દસ હતા, પણ તેમની સાથે એકયુવાન સ્ત્રી હતી. સ્ત્રીની ખુબસુરતી અનુપમ છે, પણ તે ઘણી ક્રુર છે. તે માથાના વાળોને છુટા મુકીને ડાબા હાથમાં ખંજર અને જમણા હાથમાં તલવાર લઇને લડી રહી હતી. સાંભળ્યું કે, આ રણદેવીની સામે વાતની વાતમાં સેંકડો જવાંમર્દ સીર નમાવીને ધારતીના માર્યા રફુચક્કર થઇ ગયા. શું આ ઓછા આશ્ચર્યની વાત છે ? "

" બેશક, કેમ નહીં." રામસિંહે કહ્યું. " પરંતુ હું જે બાબતનો પતો લગાવી આવ્યો છું તે તેનાથી પણ વિશેષ આશ્ચર્યકારક છે."

"કહો તો." દારોગાએ કહ્યું.

રામસિંહે પોતા પર વિતેલી સઘળી રામકહાણી દારોગાને સંભળાવી દીધી. તે સાંભળી દારોગાએ કહ્યું. "ખરેખર ઘણો અદભૂત અને આશ્ચર્યકારક મામલો છે. આપ ખુશી ખેરીયતથી અહીં પાછા આવ્યા એજ હું તો ગનીમત સમજું છું. ત્યાં કોઇ જાદુઇ રચનાની જાળ તો નથી બીછાવેલીને? જંગલો અને પહાડોની ગુફાઓમાં ઘણાં એવા યોગી રહે છે. શું એ ઇન્દ્રજાળ તો નથી?

રામસિંહે હસીને કહ્યું. "ઇન્દ્રજાલ! પરંતુ મારી પીઠ અને મારા હાથની વેદના ઇન્દ્રજાળ નહીં, પણ સાચી છે–સઘળી ઘટના ખરેખરી છે."

"તો હવે શું કરવું યોગ્ય છે?" દારોગાએ પુછયું.

"આજેજ ત્યાં દળબળ સાથે જવું જોઇએ, અને તેઓને પકડી લાવવા જોઇએ. મારી તો એવી માન્યતા થઇ ચુકી છે કે કેંડાખાનવાળા ખુનનો ભેદ પણ તેમાંથીજ ખુલી જશે, તમે જે ધાડ પડવાની વાત કહી તેનો પતો પણ તેમાંથીજ મળી આવશે, અને કદાચ એ સઘળું ન પણ થયું તો પેલી રમણીનો છુટકારો તો અવશ્ય થશેજ."

દારોગાએ તેજ વખતે આસપાસની સઘળી પોલીસ ચોકીઓ પરનાં ચોકીદારોને થાણામાં હાજર થવાનો હુકમ મોકલાવ્યો.

રામસિંહે પુછયું. "પણ આપની સાથે આ બીજાઓ કોણ છે?"

"એ બધા સકદારો છે."

"તેને પકડીને અહીં શું કામ લઇ આવ્યા?"

"જોઇએ, કદાચ કાંઇ પતો મળે તો."

"સારૂં, આજે તેને છોડી મુકો. કેમકે તે લોકોના અહીં રહેવાથી આપણી હિલચાલની ખબર પેલા લોકોને મળી જશે, અને આપણી ગુપ્ત ગોઠવણો પણ તેઓ જાણી જશે."

આ ઉપરથી દારોગાએ તે લોકોને ધમકાવી ચેતાવીને છોડી મેલ્યા.

સાંજ પડવાની પહેલાંજ લગભગ ૫૦ ચોકીદારો થાણામાં હાજર થઇ ગયા, તેમાં પચીસને આશરે કોન્સટેબલો હતા, તેમાંથી દસ કોન્સટેબલોને થાણામાં રાખવાનું ઠરાવીને બાકીના સઘળાઓને તૈયાર થવાને માટે રામસિંહે સુચના આપી. બંદુક, પીસ્તોલ, તલવાર, લાકડીઓ વિગેરે સરંજામની સાથે રાતના નવ કલાકે આ સઘળું દળ લઇને રામસિંહ કેંડાખાનની તરફ ચાલ્યો. દારોગા સાહેબને પણ સાથે લીધા.

આટલા માણસો એક સાથે ચાલ્યા જાય છે, પણ જરા જેટલો અવાજ નહીં. એક સરખી ચુપકીદીથી ચાલે છે. ન તો કોઇના મોઢામાંથી એક શબ્દ નીકળે છે, ન તો કોઇના પગનો અવાજ સંભળાય છે, સઘળું પોલીસ દળ સંપૂર્ણ સાવચેતી અને ચુપકીદી અખત્યાર કરીને રસ્તો કાપી રહ્યું છે.

રાતના ૧૨ કલાકે સઘળા કંડાખાલના મેદાનમાં આવી પહોંચ્યા. ત્યાંથી બધા સાથે રામસિંહ પેલા સાગવાનના જંગલમાં થઇને પેલી નદીના કીનારે આવ્યો અને ત્યાંથી તે સઘળા અરિયમની ઝુંપડી તરફ જવાનું કરતા હતા કે, રસ્તામાં આગના ભડકા સોધા જોઇને રામસિંહના સાથી દારોગા સાહેબના હોંશ ઠેકાણે ન રહ્યા. તેણે ધીમેથી રામસિંહને કહ્યું. "શું આ ઇંદ્રજાળીક માયા નહીં તો બીજું શું છે ? "

"બ્હીવાનું કાંઇ કારણ નથી." રામસિંહે કહ્યું. "હું ધારું છું કે અરિયમ આપણું આગમન સમજી જઇને ઝુંપડીમાં આગ લગાવી અહીંથી નાસી ગઇ છે. તે સાધારણ બાઇ નથી. તેણે મને સારી પેઠે ઓળખી લીધો છે."

"ત્યારે હવે શું કરવા ધાર્યું ? "

"આગળ નહીં વધી શકાય."

"તો ચાલો પાછા ફરીયે."

"નહીં, ચાલો પેલી બંધીવાન થયેલી રમણીને છોડાવીએ."

"તેનું ઠેકાણું કઇ તરફ છે ? "

"રસ્તો તો નથી જાણતો. કાલે તો બંસીના સુર પર ચાલ્યો હતો."

"પણ આજે તો બંસી ફંસી કાંઇ સંભળાતું નથી."

"સારૂં, ચાલો, આ રસ્તે ચાલીએ."

સઘળાઓ એક ચોકસ રસ્તો મુકરર કરીને ચાલ્યા. ઘણાં આડા અવળા અને ઉંચા નીચા રસ્તાં પસાર કરતા, રસ્તો કાપવા લાગ્યા. આ પ્રમાણે ખુબ ફરતા ભટકતા પછી રામસિંહે એક રસ્તો શોધી કહાડયો. રામસિંહે વિચાર્યું કે કાલે આ રસ્તેજ આવ્યો હતો. અને ખરેખર આ ગઇ કાલવાળોજ રસ્તો હતો. તે સઘળા તે રસ્તો પસાર કરીને અંતે પેલા લાકડાના મકાનની સામે આવી પહોંચ્યા.

ગઇ કાલે જે દરવાજાને ધક્કો મારીને રામસિંહ અંદર ઘુસ્યો હતો, આજે પણ તેજ દરવાજેથી તેણે અંદર પ્રવેશ કર્યો. જોયું તો મકાન ખાલી છે ! અંદર કોઇ પણ નથી !

રામસિંહે પોલીસ લાલટેન સળગાવી ઘરને રાઇ રતી બારીકીથી તપાસી લીધું, પરંતુ કાંઇ પણ વળ્યું નહીં. જાણે કે આ મકાનમાં આગળ કોઇ રહેતુંજ નહોય એવી સ્થિતિમાં જણાતું હતું. અકસ્માત રામસિંહની નજરે એક સોનાની અંગુઠી પડી. તેણે તે ઉઠાવી લીધી અને તેને બારીકીથી તપાસવા લાગ્યો. તેની પર N. K. T. (એન. કે. ટી.) ત્રણ અક્ષરો ખોદેલા હતા. રામસિંહે તુરત તે વીંટી ખીસ્સામાં નાખી અને ત્યાંથી બહાર નીકળ્યા. રામસિંહ સમજ્યો કે, મારા ભયથીજ અહીંના બદમાશો નાસી ગયા છે.

પોલીસે તે રાત કંડાખાલના મેદાનમાંજ ગુજારી. બીજે દીવસે જંગલને રતી રતી તપાસ્યું, પણ ત્યાં બીજુ કોઇપણ મકાન કે રહેઠાણ નજરે પડયું નહીં. ગાત્ર પેલું લાકડાનું ઘર ખાલી પડ્યું હતું. અરિયમના ઘર તો બળીને ખાક થઇ ગયા હતા.

પ્રકરણ ૬ ઠું.

નિરાશા—મહેનત બરબાદ.

રામસિંહ આશ્ચર્ય ચકિત થતો મનમાં ને મનમાં બોલ્યો; "કેવી ચાલાક ટોળી છે! કેવી ભેદી ઘટના છે! હું નહોતો જાણતો કે તેઓ આટલા ચતુર અને ચમત્કારી હશે, કે જેઓ આટલી ઝડપે અહીંયાથી રફુચક્કર થઇ જશે! જણાય છે કે આ લોકોનું મોટું મંડળ છે. જે ઠાગ ધાડ, ચોરી, અને ખુન ખરાબા કરવામાં આવે છે. પરંતુ એ સઘળું એવું બધું ભેદી છે કે, તેમાં અક્કલ કાંઇ કામ કરતી નથી. ફાવે તેમ હોય પણ તેને શોધવા અને પકડવાજ જોઇએ. હમણાં તો તે સઘળા અહીંથી નીકળીને કોણ જાણે કયાં પહોંચ્યા હશે." વિગેરે તર્ક વિતર્ક કરીને રામસિંહે પોતાની સાથે બે સીપાઇઓને રાખીને બાકીનાને દારોગા સહ વિદાય કરી દીધા.

રામસિંહ હવે દીલોજાનથી શોધખોળ કરવા લાગ્યો. રાત દીવસ ડાકુઓની તપાસમાં ઘુમતો ફરતો રહ્યો. ઘણાક જંગલોમાં ફરી, નદી નાળાં પાર કરી, ગીરી ગુફાઓમાં ઘુસી તેઓનું રહેઠાણ શોધવામાં લગભગ બે મહીના વિતાવી દીધા; એટલું છતાં જયારે કાંઇ પતો ન લાગ્યો. હજાર પ્રયત્નોમાંથી એક પણ સફળ ન થયો ત્યારે છેવટે નિરાશ થઇને તે મેમનસિંગ પાછો ગયો.

પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ અને મેજીસ્ટ્રેટ સાહેબથી મુલાકાત થઇ અને રામસિંહને મ્હોડેથી પેલા ભયાનક જંગલના કૈતોની હકીકત સાંભળીને બંને સાહેબોના આશ્ચર્યનો પાર ન રહ્યો. પરંતુ ડાકુઓ ગુમ થવાથી તેઓ અતીશય દીલગીર થયા.

ત્યાર પછી મેમનસિંગના દારોગા રૂપચંદના ખુનના સબંધમાં વધુ તપાસ કરતાં, તેનો પણ કાંઇ પતો ન મળ્યો ત્યારે રામસિંહ ડિટેકટીવે મેજીસ્ટ્રેટ પાસે કલકતા જવાની રજા માગી.

મેજીસ્ટ્રેટે કહ્યું, "તમે બુદ્ધિમાન અને ચાલાક છો, એટલા માટે તમારા વડાએ તમોને અહીં મોકલી આપ્યા હતા, પણ તમે તો આ કામને અધુરૂં છોડીને જાઓ છો."

"હું હવે શું કરી શકું તેમ છું. માલમ એવો પેચીલો છે કે, ખુનીનું પકડાવું અસંભવ જેવું છે."

"મોટા અફસોસની વાત છે કે, આવા ભયંકર અપરાધીઓ નિડર થઇને જંગલોમાં મોજ ઉડાવી રહ્યા છે." મેજીસ્ટ્રેટે કહ્યું.

"પતો ન લાગવાનું એક ખાસ કારણ છે." રામસિંહે કહ્યું.

"શું?"

"જે ગૃહસ્થનું ખુન થયું. તેના નામ ગામનો જો બરાબર પતો મળત, તો આ મામલાનો ભેદ ખુલવો કાંઇ મોટી વાત નહોતી"

"તો શું તેના નામ ગામનો પતો ન મળ્યો?"

"જી, નહીં"

" ખેર, પણ રૂપચંદ દારોગાના સંબંધમાં તો નામ માત્રની કોઈ અડચણ નથી, તો તે મામલાનો નીવેડો હજુ સુધી કેમ ન આવ્યો ?"

" જ્યાં સુધી હું સમજી શક્યો છું—મારી માન્યતા થઇ છે, ત્યાં સુધી રૂપચંદ દારોગો પણ આ ભેદી મામલામાં માર્યો ગયો છે. સાધારણ કે સ્થાનિક માણસનું એ કામ નથી."

" હું ધારૂં છું કે એ તમારો ખાલી ભ્રમ છે, કેમકે પેલી ટોળીનો જે હેવાલ તમે સંભળાવ્યો છે, તેની સાથે રૂપચંદના મામલા વાળી કોઇ વાત સંબંધ ધરાવતી કે બંધબેસતી આવતી નથી. રૂપચંદનો તેમાં કોઇ પ્રકારનો સંબંધ હોવો અસંભવિત છે."

" હું ખાત્રીથી માનું છું કે, રૂપચંદના ખુન સાથે આ મામલાને અવસ્ય સંબંધ છે."

" તો શું તમો હવે જશોજ."

" રહીને શું કરૂં ? આ કેસનો ફેસલો જો આજ આવવાનું કહો, તો તે નહીં બનવાજોગ છે. કોણ જાણે તેની પાછળ કેટલો વખત વિતાડવો પડે."

" અંગુઠીનું શું કર્યું ?"

" તેને મારી પાસે રહેવા દો."

" કેમ ?"

" કદાચ કોઇ વખતે તેના આધારે પતો મળી જાય."

" તેની ઉપર જે N. K. T. લખેલું છે, તેનો તમે શું અર્થ કરો છો ?"

" કોઇનું નામ છે."

" કોઇ બંગાળીનું નામ ?"

" તે કયા રીતે કહી શકાય ? ગમે તેનું પણ નામ હોઇ શકે છે."

" જરા જુઓ તો આ ત્રણ અક્ષરોથી કયા કયા નામ થઇ શકે છે, પછી એ નામે પરથી પતો લગાવી શકાય."

" એ ઉપાય અજમાવી ચુકયો છું, પણ તે સફળ ન થયો."

" તો હવે શું કરવા ધાર્યું છે ?"

" કલકતા જઇશ."

મેજીસ્ટ્રેટે પણ પછી વધુ આગ્રહ કરવાનું વ્યર્થ સમજી કલકતા જવા માટે પોતાની અનુમતિ દેખાડી. તેજ દીને સાંજે રામસિંહ કલકતા ઉપડી ગયો. સઘળી મહેનત બરબાદ ગઇ !

રામસિંહ કલકતા ચાલ્યો ગયો ખરો, પણ તેનું મન તે ચિન્તામાંથી મુકત થઇ શકયું નહીં. તેણે આ કરતાં પણ વિશેષ ભેદી અને પેચીલા મામલામાં પોતાની ચાલાકી અને હિંમતને ઝળકાવી દીધી હતી, તે સઘળી આ મામલામાં નિષ્ફળ ઉતરવાથી ઝાંખી પડવા લાગી. આ અદ્ભુત ભેદી અને જટીલ મામલાને ફોડી નાખવામાં રામસિંહ અસમર્થ જણાવાથી તેના ઉપરીઓ પણ તેની પર નારાજ થયા હતા.

દીવસ પર દીવસો પસાર થવા લાગ્યા—મહીનાઓ વિતી ગયા, ધીરે ધીરે, રામસિંહ એ મામલાની વાત પણ ભુલી ગયો.

પ્રકરણ ૭ મું.

નકલી બેગમ.

સાંજનો સમય છે. સુર્ય પોતાના મંદમંદ કિરણો સાથે પશ્ચિમના મુલકોને પ્રકાશિત કરવા માટે ઉતરી રહ્યો હતો. આ સમયે કલકતાની એમહર્સ્ટ સ્ટ્રીટમાંથી ડિટેકટીવ રામસિંહ સાધારણ ગ્રુહસ્થના પોશાકમાં પસાર થતો નજરે પડે છે.

રામસિંહ જ્યારે એમહર્સ્ટ સ્ટ્રીટમાંથી હરીતકી બાગાનની તરફ વળ્યો, ત્યારે ત્રણ માળના એક મકાનના દરવાજા પર એક જનાના ગાડી ઉભી રહેલી તેની નજરે પડી. ગાડીમાં મોતીઓની ઝાલર ઝુલી રહી હતી, બહાર રેશમના પરદા લટકી રહ્યા હતા, આજુબાજુ સઇસ ટહેલી રહ્યા હતા. ગાડી બે ઘોડાની હતી, અને તેમાં બેસનારની રાહ જોઇને તે ઉભી રાખવામાં આવી હતી.

રામસિંહ જાણતો હતો કે, લાંબો વખત થયા આ મકાન ખાલી પડયું હતું, તેમાં એકાએક કોઇ મોટા દરજ્જાના અમીરને રહેલા જોઇને તેને જોવાની ઇચ્છા થઇ તેથી તે ત્યાંજ રોકાઇ ગયો. છુપી પોલીસનું એ કામ જ છે.

થોડીવાર પછી અમુલ્ય પોશાકમાં સજ થયેલી એક સ્ત્રી ગાડીમાં આવીને બેઠી, અને ગાડીના દરવાજા બંધ કરવામાં આવ્યા. ગાડી ઝડપથી દક્ષિણ તરફ ઉપડી ગઇ. પરંતુ પેલી સ્ત્રી જેવી ગાડીમાં બેસીને બુરખો જરા હઠાવી બાહેરની તરફ જોવા જતી હતી કે, રામસિંહે તેનો ચહેરો જોઇ લીધો. ચહેરો જોઇને તેને મોટી અજાયબી ઉપજી.

ગાડી ચાલી ગઇ; રામસિંહ તે મકાનની પાસેની દુકાન પર જઇ બેઠો. દુકાનદારને તેણે કહ્યું:—" કેમ ભાઇ, છો તો ખુશીમાંને ? "

દુકાનદાર રામસિંહને ઓળખી શકયો નહીં, પણ તે ઠર્યો કલકતાનો દુકાનદાર! ઓળખાણ પીછાન સાથે તેને શું સંબંધ ? તેણે ચટ જવાબ દીધો:—" જી, હા; આનંદ છે, આપ પણ મજેહમાં છો ? "

" હાંવે ! પુર મજેહમાં. ભલા, આ તમારી પાસેનું મકાન કોણે ભાડે રાખ્યું છે, કહી શકશો ?

" કેમ, કાંઇ ખાસ જરૂર છે ? "

" અમે તેને ભાડે લેવા માગીએ છીએ, વાતચીત પણ થઇ ચુકી હતી."

" તે કયારની વાત છે ? લગભગ ત્રણ મહીના થયા તો એ ભાડે દેવાઇ ચુકયું છે."

" હું તે પહેલાની વાત કરૂં છું."

" આટલી મુદત સુધી કલકતામાં તે કોઇ મકાન ખાલી રહી શકે કે ? "

" પણ આ મકાન તો ઘણા દીવસ થયા ખાલી પડયું હતું. હમણા તે કોણે ભાડે રાખ્યું છે ? "

" કોણ જાણે કયાંકના નવાબ છે."

" નવાબ ! એક નવાબ સાહેબ શું અહીં રહે છે ?"

" તે કાંઇ ચોકસપણે કહી શકાતું નથી—"

એટલામાં કોઇ ગ્રહસ્થ જેવો માણસ તે દુકાન પર કાંઇ ખરીદ કરવા આવ્યો. દુકાનદારને ઓર્ડર આપીને તે રામસિંહ તરફ ફર્યો અને બોલ્યોઃ—" કેમ છો સાહેબ ! "

" હું તો પુછતો હતો કે આ બાજુનું મકાન કોણે ભાડે લીધું છે ?"

" આ મકાન ! હા, તે મકાન તો એક બેગમ સાહેબાએ રાખ્યું છે."

" આ દુકાનદાર તો કોઇ નવાબ કહે છે. આપ બેગમ કહો છો "

દુકાનદાર ઓર્ડર પ્રમાણેની વસ્તુઓ પેલા ગ્રહસ્થ સામે મુકતાં બોલ્યો; " શું બેગમ હોવાથી તેમાં તેનો નવાબ ન રહી શકે ?"

" નહીં, નવાબ નથી. બેગમ વિધવા છે" પેલા ગૃહસ્થે કહ્યું.

" તે કયાંની બેગમ છે, કાંઇ જાણો છો ? " રામસિંહે પુછપરછ ચાલુ રાખી.

" નહીં, એ સઘળું કોણ પુછવા ગયું છે, અને પુછવાથી મતલબ પણ શું ? હા, લોકો કહે છે કે પંજાબના કોઇ ભાગની બેગમ છે."

પેલો ગ્રહસ્થ ચાલ્યો ગયો. દુકાનદાર પાસેથી બીજી કોઇ વાત મળવી અશકય ધારી રામસિંહ પણ ત્યાંથી છુટી ગયો. તે થોડે દુર ઉભો રહી મનમાં કાંઇ વિચારવા લાગ્યો. અંતે કપાળ કુટી થાણા તરફ ચાલતો થયો. થાણામાં જઇને કેટલાક કોન્સટેબલોને સાદો પોશાક પહેરાવી, કેટલીક વાતો સમજાવી બેગમ સાહેબાના મકાન પાસે હાજર કરી દીધા. સઘળા છુપી પોલીસના માણસો એક બીજાથી બબ્બે હાથના છેટા પર ઉભા હતા. આ પ્રકારે બહારનો બંદોબસ્ત કરીને રામસિંહ મકાનની અંદર ઘુસ્યો. બેગમ સાહેબા હજુ બહારથી આવ્યાં નહોતાં.

એક દરવાન એક સ્ટુલ પર બેઠો હતો. તે રામસિંહને દાખલ થતો જોઇ આંખોના ડોળા ચડાવી બોલ્યો. " તમે કોને મળવા માગો છો ? "

" હું અહીંનો એક વેપારી છું. બેગમ સાહેબાના પધારવાની ખબર સાંભળીને આવ્યો છું. જો કાંઇ ખરીદી કરે તો અમોને બે પાંચ રૂપીયા પેદા થાય. તમારા કારભારી સાહેબ કયાં છે ? "

" કારભારી અહીં નથી રહેતા."

" તો બીજા કોઇ અમલદારો છે કે નહીં ? "

" હા, એક અમલદાર છે."

" કયાં છે ? "

" પાસેની રૂમમાંજ હશે. પરંતુ અજાણ્યા લોકોને રજા વગર અંદર જવાનો હુકમ નથી."

ઉડી ગઇ ! કોઇ પણ પ્રકારના આધાર કે સાબેની વગર તે તેણીને પકડી શકયો નહીં. કદાચ તે ખરેખર કોઇ બેગમ હોયતો ? મતલબ કે રામસિંહે તેને સ્પષ્ટ રીતે જોયેલી નહીં, તેથી તેને નહીં પકડવામાં ભુલ કરી એમ પણ કહી શકાય નહીં.

મરીયમે રામસિંહને જોઇ લીધો હતો, અને જ્યારે તેણીએ મકાનપર આવીને સાંભ-ળ્યું કે, એક માણસ અહીં તપાસ કરવા માટે વેપારી બનીને આવ્યો હતો, ત્યારે તેણીએ અહીં રહેવામાં સલામતી જોઇ નહીં. બસ ઝટ ત્યાંથી ઉઠાંગરા કરી પોતાના માણસો સમેત તે રવાના થઇ ગઇ.

પ્રકરણ ૮ મું.

શિકારની પાછળ શિકારી.

રામસિંહના અફસોસનો પાર રહ્યો નહીં. હાથ લાગેલો અપરાધી આંખમાં ધુળ ના-ખીને રફૂચક્કર થઇ ગયો. રામસિંહની સઘળી કોશીશ ધુળમાં મળી ગઇ. હા, હજુ એટલી આશા રહી છે કે, ગાડીની પાછળ દોડતો ગયેલો દયાળસિંહ કાંઇ કરી શકે, અને તે પાછો આવીને કાંઇક સારા સમાચાર આપે. રામસિંહ સઘળા કોન્સ્ટેબલો સાથે પાછો થાણામાં આવ્યો અને દયાળસિંહના આવવાની ઇન્તેજારીથી રાહ જોવા લાગ્યો.

આસરે દોઢ કલાક પછી દયાળસિંહ હાંફતો હાંફતો થાણામાં આવી પહોંચ્યો. રામ-સિંહે કહ્યું. " બેગમ કયાં ગઇ ? "

દયાળસિંહે કહ્યું. " બલીયાઘટા સ્ટેશન પર તેની ગાડી ઉભી રહી, આ વખતે ટ્રેન સ્ટેશનમાં હતી. બેગમ સાહેબાના માણસો ટીકીટ કઢાવી આવ્યા અને બેગમ સાહેબા ગાડીમાં ચડીને રવાના થઇ ગઇ."

" ટીકીટ કયાંની લીધી છે ? "

" ડાયમંડ હારબરની. હું એક બીજું કામ કરતો આવ્યો છું."

" શું ? " રામસિંહે આતુરતાથી પુછયું.

દયાળસિંહ—" સ્ટેશન પર જઇને જોયું કે, બેગમ સાહેબા પલાયન થવા ચાહે છે, ત્યારે ટ્રેન ઉપડવાની સાથેજ મેં ડાયમંડ હારબરની રેલવે પોલીસ પર એક ટેલીગ્રામ રવાના કરી દીધો કે, એક સ્ત્રી બેગમના લેબાસમાં શાહી સરંજામની સાથે ફર્સ્ટ કલાસમાં બેસી ડાયમંડ હારબર જવા ઉપડી છે. બેગમ હમણાં જો કે અપરાધી નથી, પણ થવાની છે. તેની પર અહીંની પોલીસને મોટો સંદેહ છે; ત્યાંની પોલીસે ખુબ સાવચેત રહેવું. એવું ન થવા પામે કે, તેણી પોલીસની પ્રબંધ જાળ તોડીને ત્યાંથી છટકી જવા પામે. "

" શાબાશ ! ખૂબ કરી." રામસિંહે આનંદમાં આવી જઇને કહ્યું અને દયાળસિંહ-ની બુદ્ધિની તારીફ કરી.

રામસિંહ તુરત ત્યાંથી દયાળસિંહને સાથે લઇને સ્ટેશન પર પહોંચ્યો. સ્ટેશન પર

કોઇ ટ્રેન હાજર ન્હોતી. એટલે રામસિંહને ફરજ્યાત પોતાના વેગને અટકાવવો પડયો. પરંતુ તે ત્યાં નકામો ન બેઠો. તેણે ડાયમંડ હારબરની પોલીસને પાછો એક તાર કર્યો. અને તે પછી પોતે, બેગમ સાહેબાની ચાલાકી અને તેને પકડી પાડવાનો સુયોગ—એ બંનેની મનમાં પ્રસંશા કરવા લાગ્યો.

રામસિંહ સ્ટેશનના ફર્સ્ટ કલાસ વેઇટીંગ રૂમમાં એક આરામચેર પર પડયો હતો. થોડીવાર પછી તેનું ધ્યાન સામેની ઘડીયાળ તરફ ગયું અને તે એકદમ ઉઠીને બેઠો. તે મનમાં બબડયો. "હજુ સુધી જવાબ કેમ ન આવ્યો? ગાડી તો ત્યાં પહોંચી ગઇ હશે.' તે હજુ વધુ વિચાર કરે તે પહેલાં ડાયમંડ હારબરની પોલીસ તરફનો તાર આવ્યો. તેમાં લખ્યું હતું કે, " બેગમના લેબાસમાં એક પણ સ્ત્રી અહીં ઉતરેલી જોવામાં આવી નથી. ચાર પાંચ નીચા દરજ્જાની સ્ત્રીઓ ઉતરી હતી. સઘળાની ટીકીટો થર્ડ કલાસની હતી: ફર્સ્ટ કલાસની એક ટીકીટ હતી, પણ તે છાવણીના એક યુરોપિયનની હતી '

જવાબ વાંચીને રામસિંહ મનમાં બોલ્યો, " ચબરાક અરિયમે દગો દીધો, ડાયમંડ હારબરની ટીકીટ કઢાવીને વચમાં કોઇ સ્ટેશન પર ઉતરી પડી છે. જ્યાં ઉતરી હશે ત્યાં ટીકીટ દીધી હશે. ફર્સ્ટ કલાસની ટીકીટો આ લાઇનોમાં રહે છે પણ કેટલીક ?"

તેજ વખતે ડાયમંડ હારબર જવાને એક ગાડી તૈયાર થઇ. રામસિંહ અને દયાળસિંહ બંને તેમાં ચડી બેઠા. ઉપડવાનો ટાઇમ થતાં ફક ફક ધુંવો કહાડતી રેલવે ચાલતી થઇ.

રામસિંહ દરેક સ્ટેશન પર ઉતરી સ્ટેશન માસ્તરને પુછતો જતો હતો કે, ફર્સ્ટ કલાસની ટીકીટ વાળી કોઇ સ્ત્રી અહીંયા ઉતરી હતી યા નહીં ?

રામસિંહ અત્યારે પોલીસ અમલદારના પોતાના અસલ ડ્રેસમાં હતો. તેનો ડ્રેસ જોઇને સ્ટેશન પરના સઘળા નોકરો તેના પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપવા માટે તુટાતુટ પડતા હતા. ડાયમંડ હારબર સુધીના દરેક સ્ટેશનો પર આ પ્રકારની પુછપરછ શરૂ રાખવામાં આવી હતી. પરંતુ છેવટે ડાયમંડ હારબરમાં રામસિંહ કાંઇપણ ખબર મેળવ્યા વગર ઉતર્યો. કોઇ પણ સ્ટેશન પર કોઇએ પણ તેવી એક સ્ત્રી ઉતરતાં જોઇ નહોતી. રામસિંહની અજાયબીનો પાર ન રહ્યો.

જ્યારે ડાયમંડ હારબરમાં પણ કાંઇ પતો ન લાગ્યો, ત્યારે રામસિંહે દયાળસિંહને પુછયું. " તેણીએ ફર્સ્ટ કલાસની ટીકીટ કઢાવી તે તમે તમારી આંખોથી જોઇ હતી ?"

" જ્યારે બેગમ સાહેબાના માણસો ટીકીટ લેવા માટે ટીકીટ ઓફીસ આગળ ગયા, ત્યારે હું તેની પાછળ થઇ ગયો. ફર્સ્ટ કલાસની ટીકીટવાળી બારી પાસે વધુ ભીડ થતી નથી. હું બરાબર જોઇ શકયો કે તે ટીકીટ ફર્સ્ટ કલાસની લેવામાં આવી, અને તે ડાયમંડ હારબરનીજ હતી."

" તમે બેગમને ગાડી પર ચડતાં જોઇ હતી ?"

" તેણી ગાડી પર ચડી, તે મેં મારી આંખોએ જોયું છે. જો મારી પાસે વારંટ હતે, તો હું તેજ વખતે પકડતે. જો આપ હતે તો પણ પકડી શકાત. પરંતુ હું એક

સાધારણ કોન્સ્ટેબલ એવા કામમાં કેમ હાથ નાખી શકું ? વળી આ વાત પણ નક્કી નહીં કે, તે અસલી બેગમ છે યા નકલી છે"

રામસિંહ ટીકીટ ચેક કરવાવાળા પાસે ગયો અને કહ્યું. " જુઓ મીસ્ટર, અમારો એક અપરાધી અહીંયા નાસી આવ્યો છે, અને તે એક ઓરત છે. આ પહેલાં જે ટ્રેન આવી, તેમાં બેસીને તે અહીં આવેલી છે. તેનો ઘણો ખરો પતો પણ લાગ્યો છે. હું તે સંબંધમાં તમોને થોડા પ્રશ્નો પુછવા માગું છું, આશા છે કે, તમે તેના બરાબર જવાબ આપશો. આ વાત ખ્યાલમાં રાખશો કે, અમો મહાન બ્રિટીશ સરકારના ફરારી થયેલા અપરાધીનો પતો મેળવવા આવ્યા છીએ."

" આપને જે કાંઇ પુછવું હોય તે પુછો, હું જે કાંઇ જાણતો હોઇશ, તે છુપાવવાનું કારણ નથી.' પેલા બુકીંગ કલાર્કે કહ્યું.

" શું તે ટ્રેનમાંથી ફર્સ્ટ કલાસ ટીકીટનો એક પણ પેસેન્જર નથી ઉતર્યો ? "

" હા, એક પેસેન્જર હતો પણ તે સ્ત્રી નહીં, છાવણીનો એક અંગ્રેજ હતો."

" બસ તે એકજ ટીકીટ હતી ? "

" જી હા. અને તે વખતે તપાસ કરવાને માટે પોલીસ પણ અહીંયા હાજર ઉભી હતી "

" કોઇ અમીરી પોશાક પહેરેલી સ્ત્રી નહોતી ઉતરી ? "

" જી, નહીં. ફકત ચારપાંચ હલકા દરજ્જાની સ્ત્રીઓ ઉતરી હતી. તે બધીની ટીકીટો થર્ડ કલાસની હતી. "

" તે સઘળીઓના ચહેરા તમે ઓળખી શકો ? "

" નહીં, તેની સામે એક ધ્યાનથી જોવાનું થોડું હોય છે ? બસ ટીકીટ આપીને પસાર થતાં જાય. હા, એટલું યાદ છે કે, સઘળીઓનાં કપડાં મેલાં હતાં અને તેની પાસે એક એક કપડાં વિગેરેની પોટલી હતી.

" તેમાં કોઇ ૨૪-૨૫ વર્ષની સરખા અને ગોરા શરીરની સ્ત્રી હતી ? "

" જી, નહીં. અને કદાચ હોયતો મારા ખ્યાલમાં નથી. જ્યારે ટ્રેન આવી ત્યારે તો હું સુતેલો હતો. એક ખ્લાસીએ આવીને મને જગાડયો હું આંખો ચોળતો ઝડપથી ઉઠીને મારી ડયુટી પર હાજર થઇ ગયો. પેસેન્જરોનું ટોળું ધક્કાધક્કી કરતું ટીકીટો આપીને પસાર થતું હતું. તેમાંથી તેવી કોઇ સ્ત્રીને માટે અનુમાન કરવું મુશકેલ છે. વળી જ્યારે તેમ કરવાનું કોઇ ખાસ કારણ ન હોય, તો પછી ધ્યાન પણ કેવી રીતે રહે ? આપની તરફના તારને લીધે રેલવે પોલીસ નિઃસંદેહ ઘણીજ તકેદારી રાખીને ઉભી હતી.

રેલવે પોલીસને પુછપરછ કરવા છતાં પેલી મેલાં કપડાવાળી સ્ત્રીઓના સંબંધમાં કાંઇ જાણવા જોગ ન મળ્યું, ત્યારે રામસિંહ ચિન્તાતુર અને નિરાશ થઇને કલકતા તરફ પાછો ફરવાને તૈયાર થયો. પુછવાથી જણાયું કે કલકતા ઉપડવા વાળી ગાડીને હજુ વાર છે. તેથી વેઇટીંગ રૂમમાં જઇ તે એક આરામ ખુરશી પર પડયો.

રામસિંહ વિચારવા લાગ્યો; આ બેગમ બીજી કોઇજ નહીં, જરૂર પેલી મરીયમજ છે. પણ શું મરીયમ કાંઇ જાદુ મંતર જાણે છે કે, પંખી બનીને ઉડી ગઈ ? ઘણા ઘણા ચોર લુટારા જોયા, મોટા મોટા ઠગો અને બદમાશોની ખોડ ભુલાવી દીધી; પરંતુ આવી ચાલાકી ક્યાંઇ ન જોઇ ! પોલીસની હિલચાલ પર આ રીતે નજર રાખીને આવી બેધડક રીતે કોઇને નાસી જતાં નથી જોયો. મરીયમ મનુષ્ય છે યા ડાકણ ? મરીયમ સ્ત્રી છે, છતાં ખરેખર પુરૂષોના પણ કાન કાપે તેવી છે !

ટિકીટનો ઘંટ વાગ્યો. પેસેન્જરો ટીકીટ કઢાવાં માટે એક બીજા પર તુટી પડતા હતા. પણ આ ગડબડ બધી માત્ર થર્ડક્લાસની બારી ઉપર થતી હતી-ફર્સ્ટ યા સેકન્ડમાં નહીં. રામસિંહ ખીસ્સામાંથી ચીરૂટ કાઢીને દીવાસળીથી તેને સળગાવવા જતો હતો, તેટલામાં એક યુરોપિયન ચમચમતા બુટ પહેરીને તેની પાસેથી પસાર થતાં દીવાસળી હાથમાંથી પડી ગઇ.

રામસિંહે તે યુરોપીયન ગૃહસ્થને અદબથી સલામ કરી, અને ચીરૂટ તથા દીવાસળીની પેટી પાસેના ટેબલ પર મુકીને ઉભો રહ્યો.

સાહેબ ઘણો લાયક હતો તેણે હસીને કહ્યું. " બેઠ જાઓ બાબુ, તુમ તો કલકતેકે પુલીસ માલુમ હોતે હો."

રામસિંહ ખુરસીપર બેઠો અને બોલ્યો. " જી, હાં હમ કલકતેકે પુલીસ હૈ."

" યહાં કિસ લીયે આયે હો ? " સાહેબે પુછ્યું.

" હમારા એક અસામી (આરોપી) ભાગ આયા હૈ."

" ઉસે પકડ પાયા ? "

" જી, નહીં."

" યહ કૈસા અસામી હૈ ? "

" એક ઓરત હૈ."

" ઓરત ! ઓરત ભાગ ગઇ હૈ ? " સાહેબે અજબ થઇને પુછ્યું.

" તહેકીકાત હો રહીથી; ખબર પાતેહી નિકલ ભાગીહૈ. "

" યહ કૈસી ઓરત હૈ ? "

" ઉસકી ઉમ્ર ૨૪–૨૫ વર્ષકી હોગી. બદન ખુબસુરત વ સુડૌલ હૈ. અભી જો ગાડી આઇ, ઉસસે પહેલીકી ગાડીમેં સવાર હો વહ યહાં આઇ હૈ, ઉસકા ટીકીટ ફર્સ્ટ ક્લાસકા થા."

" ઓહ, તબતો ઉસને હમકો ભી ધોખા દીયા. "

" આપ જીસ ઓરતકી બાત કર રહે હૈં, ક્યા ઉસસે આપકી મુલાકાત હુઇ થી ? " રામસિંહે આતુર થઇને પુછ્યું.

" ખાલી મુલાકાત નહીં, દગા ભી દે ગઇ હૈ. "

" કૈસે ? હમસે યદિ આપ સબ હાલ બયાન કરેંગે તો દયાવાન બ્રિટીશ સરકારકે એક પેચીદે મામલેકા પતા મીલનેમેં બહુત કુચ્છ સહાયતા હોગી."

" હમ ભી ઉસી ટ્રેનસે યહાં આયા. અબ લૌટ રહા હૈ. જબ હમ સ્ટેશન પહુંચા, તબ ગાડી છુટનેકોહી થી, હમારા નોકર હમારે પીછે થા. હમ ટીકીટ કટા નહીં સકે, ડાયમંડ કારખાનેમેંહી સબ દામ દે દેગે, ગાડીમેં ચઢે, તો દેખા એક સુંદર ઓરત અકેલી બેઠી હૈ."

" ઉસકી ઉમ્ર અંદાજ કીતની હોગી ? ઉસકે કપડે કૈસે થે ? "

" એક મેલા કપડા પહને હુએથા, ઔર એક મૈલેહી કપડેસે સબ બદન ઢાંકે હુએ થી. જહાં બેઠી થી ઉસીકે પાસહી એક ગઠડી રખ્ખી હુઇ થી. હમને ઉસે દેખા ઔર મનમેં સોચા કી અનજાન ઔરતને બિના સમઝે બુઝેહી ફર્સ્ટ કલાસમેં ડેરા ડાલા હૈ. ઉસકો હમને પુછા. " તુમ્હારા ટીકીટ કહાં હૈ ? " ટીકીટ ઉસકે બાંયે હાથમે થા વહ ઉસને દિખા દીયા. દેખા તો ટિકીટ ફર્સ્ટ કલાસકા હૈ. મુઝે બડા તાજ્જુબ હુઆ. ક્યોંકી ઉસકે કપડોંસે તો વહ ફર્સ્ટ કલાસકી મુસાફિર માલૂમ નહીં હોતી થી, હમને ઉસસે કહા. "હમ ભલે આદમી હૈ. તુમ ઔરત હો, એક બાત પૂછતે હૈં."

ઉસ ઔરતને હલકે અવાજસે કહા. " કયા ? "

" કયા તુમ બહોત સુખી હો ? " હમને પુછા.

" નહીં સાહેબ, મેં ગરીબ ઔરત હું."

" તબ પહેલે દરજ્જેકી ગાડીમેં સવાર હો કયોંકર સફર કર રહી હો ? "

" સફર બહુત દૂરકી નહીં હૈ. જબ સ્ટેશનપર આઇ તો દેખા–એક તરફ ટીકીટ લેનેકે લીયે બહુત આદમી જુટે હૈ, ઔર દુસરી તરફ બહુત કમ હૈ. મૈને સોચા કી યહાં ઔરતો કે ટીકીટ કટતે હૈં. સો વહીંસે અપના ટીકીટ કટા લાઇ. નોટ દીયા થા, જીતને રૂપયે બાબુને ગિનકર દે દીયે ઉતને લે લીયે. કુલીને ટીકીટ દેખકર યહાં યહ ગઠડી લા ધર દી, મેં ભી સાથ સાથ બેઠ ગઇ. ટીકીટમેં હી સબ રૂપયે ચલે ગયે મેરે પાસ તીન રૂપયેકે સિવા એક પૈસાભી બાકી ન રહા."

" ઉસકી ઇન બાતોંસે હમને તો યહી સમઝા કી ઉસને ભુલકરહી ફર્સ્ટ કલાસકા ટીકીટ લે લીયા હૈ, ઔર નુકસાન ઉઠાયા હૈ. હમ બિના ટીકીટ લીયેહી ચઢ બેઠે થે; ઇસ લીયે ઉસસે કહા. " તુમને ધોખા ખાકર જ્યાદા દામકા ટીકીટ કટા લીયા હૈ. યદિ ચેચ દો તો હમ તુમારે લીયે લે લેં. ઔર તુમ્હે કમ દામકા ટીકીટ કટા દે. ઇસસે તુમ્હે ઇસ ગાડીસે ઉતર કર દુસરી ગાડીસેં જાના હોગા, "

" ઔરતને હમારી બાત કબુલ કીયા. હમને દુસરેહી સ્ટેશન પર થર્ડ કલાસકા ટીકીટ ઉસે દીલવા દીયા ઔર તીસરે દરજ્જેકી ગાડીમેં બેઠાકર હમ અપને કમ્પાર્ટમેન્ટ મેં બેઠે. અબ માલુમ હુઆ કી વહ ભુલને વાલી નહીં, ભુલાનેમેં ફસાને વાલી હૈ. દેખીયે ન, કૈસી ચાલાકી કે સાથ વહ યહ ચાલ ચલી હૈ. "

સાહેબની વાત એક ચિત્તે સાંભળી લીધા પછી રામસિંહે પુછ્યું. " જબ આપ ગાડીસે ઉતરે તબ ઉસીકો આપને દેખા થા ? "

" જી, હાં; દેખાથા. "

" ફીર કહાં ગઇ, વહ શાયદ આપને નહીં દેખા."

" જબ હમ સ્ટેશનસે બહાર આ અપની ગાડીમેં બેઠને ચલે, તબ વહ એક કિરાયેકી ગાડીમેં બેઠ ન જાને કિધર ચલી ગઇ."

આ વખતે ટ્રેન ઉપડવાની ઘંટી વાગી, સાહેબ ગાડીમાં ચડી બેઠા. રામસિંહ ત્યાં બેસી રહ્યો.

પ્રકરણ ૯ મું.

શિકારની પાછળ શિકારી. (ચાલુ)

રામસિંહ વેઇટીંગ રૂમમાંથી બહાર નીકળીને જ્યાં ભાડાની ગાડીઓ ઉભી રહે છે, ત્યાં જઇને ઉભો રહ્યો.

આ વખતે ત્યાં માત્ર ત્રણ ગાડીઓ હતી. રામસિંહે એક ગાડીવાનને પુછ્યું, " હમણા જે ટ્રેન આવી, તેના પહેલાની ટ્રેનને વખતે તું અહીં હતો ? "

" જી, હા." ગાડીવાને કહ્યું.

" તારી ગાડીમાં કોઇ ૨૪-૨૫ વર્ષની ખુબસુરત સ્ત્રીને તું લઇ ગયો ? "

" મારી ગાડીમાં નહીં, પણ મદારનની ગાડીમાં તેવી એક સ્ત્રી ગઇ હતી."

" મદારન તે સ્ત્રીને ઉતારીને પાછો ફર્યો છે કે ? "

" હા, તે તો કયારનો પાછો આવ્યો છે."

" હમણાં તે કયાં છે ? "

" જુઓ સામે ઉભેલી તેની ગાડી છે. "

" જરા તેને બોલાવતો. "

ગાડીવાન ગાડીપરથી ઉતરીને મદારનને બોલાવી લાવ્યો. રામસિંહે તેને પુછ્યું. "આ પહેલાની ટ્રેનમાં ઉતરેલી એક સ્ત્રીને તું કયાં ઉતારી આવ્યો ? "

" તેને મેં કાઠાખાલ ઉતારી હતી, ત્યાંથી હોડીમાં બેસીને કોણ જાણે કયાં ગઇ. મેં તેને કીનારા પર હોડી સુધી પહોંચાડી દીધી હતી."

" જ્યાં તું તેણીને છોડી આવ્યો, ત્યાં મને પણ લઇ ચાલ."

તુરત મદારને ગાડીનું બારણું ખોલ્યું અને રામસિંહ તથા દયાળસિંહ તેમાં બેસી ગયા. થોડા વખતમાં ગાડી ધારેલે ઠેકાણે પહોંચી.

ખાડી પાસે આવીને રામસિંહે ત્યાંના સઘળા માંઝીયોને બોલાવીને પુછ્યું. " આ ગાડીમાં બેસીને એક સ્ત્રી આવી હતી, તે અહીંથી કોની હોડીમાં બેસીને ગઇ ? "

માંઝી બરકતઅલીએ કહ્યું. " સાહેબ, તે જેની હોડીમાં બેસીને ગઇ છે, તે હજુ પાછો ફર્યો નથી, તેમ હમણાં પાછો ફરવાની વકી પણ નથી. કારણ કે તે 'રત્નખાખી' ના જંગલ સુધી જવાનો છે."

"ચાલો, હું ડબલ ભાડું આપીશ. હમણાંજ મને ત્યાં લઇ ચાલો, બોલો શું કહોછો?"

"બહુ સારૂં, અમારૂં તો એ કામજ છે." બરકતે કહ્યું.

રામસિંહે ગાડીવાનને ભાડું આપીને રવાના કરી દીધો, અને પોતે બંને જણા હોડીમાં બેસી ગયા માંઝીએ હલેસા મારવા શરૂ કર્યા અને હોડી ચાલવા લાગી.

રાતનો અમલ પુરો થઇને પ્રભાતનો ઉજ્વળ અમલ શરૂ થઇ ચુકયો હતો. સમુદ્રની શાન્ત સફરથી રામસિંહનો થાક પણ ઉતરી ગયો; છતાં તેની ચિન્તામાં એટલો બધો ઘટાડો થયો નહોતો. તે મનમાં વિચાર કરી રહ્યો હતો કે આ તરફ મરિયમ કયાં ગઇ હશે ? સાંભળ્યું છે કે, પ્રથમ રત્નપાખીના જંગલમાં ચોર લુટારા રહ્યા કરતા હતા. મરિયમની પણ એક ટોળકી છે. મૈમનસિંગના જંગલમાંથી નીકળીને મરીયમે શું અહી રહેઠાણ કર્યું હશે કે, કલકતામાંજ રહી હશે ? કદાચ મારા તરફની હિલચાલ જાણી જઇને તે પોતાની ટોળીમાં ચાલી ગઇ હોય. જો ત્યાં પોતાની ટોળી સાથે હશે, તો અમે બે જણા ત્યાં જઇને શું કરી શકીશું? મૈમનસિંગ વાળા જંગલમાં જે સ્થિતિ થઇ તે અહીંયા પણ થાય તો કદાચ જીવ ઉપર પણ આવી બને. ત્યાં તો કદાચ હું પોલીસજ છું તેમ સમજી ન હોય, પણ અહીંતો જાન જવાનો સોદો છે. પરંતુ હવે એવા વિચારો નકામા છે અહીં સુધી આવ્યો છું ત્યારે તો કાંઇક કરવુંજ જોઇએ.

પ્રભાતનો સુર્ય હવે ન રહ્યો. જેમ જેમ બપોરનો ટાઇમ નજીક આવતો ગયો તેમ તેમ તેની ગરમી વધતી ચાલી. માંઝી હલેસા મારતો હોડી ચલાવી રહ્યો છે એટલામાં સામેથી એક હોડીને આવતી જોઇને માંઝીએ કહ્યું: "દારોગા સાહેબ, પેલી હોડીજ સામેથી આવતી જણાય છે."

"કઇ."

"જેમાં બેસીને પેલી બાઈ ગઇ; તેણીને પહોંચાડીને તે પાછી ફરેલી છે."

રામસિંહે માંઝીને હોડીને વલાણ આપી, પેલી હોડીની તરફ હંકારવા કહ્યું, નજીક આવી પહોંચતાં તે હોડીના મલ્લાહને પાસે બોલાવીને રામસિંહે કહ્યું. "તું તારી હોડીમાં કોને બેસારી ગયો હતો ?"

"જી, એક ઓરત હતી."

"તેને કયાં ઉતારી ?"

"નીદા ગામને કિનારે."

"શું પછી તેણી તે ગામ તરફ ચાલી ગઇ."

"જી, હા; તેણે મારૂં ભાડું ચુકવી આપ્યું અને પોતાના ગામ તરફ ચાલી ગઇ."

"તેની સાથે એક ગાંસડી હતી, તે શું પોતાની સાથે લઇ ગઇ ?"

"ગાંસડી ! હા, જ્યારે તે આવી અને હોડીમાં બેઠી તે વખતે તેની પાસે એક ગાંસડી હતી; પણ કિનારે ઉતરી તે વખતે બે ત્રણ કપડાં સિવાય તેના હાથમાં બીજું કાંઇ ન્હોતું, તે વખતે ગાંસડી વિશે મને ખ્યાલ પણ નહોતો. આપ અત્યારે પુછો છો ત્યારે યાદ આવે છે."

" સારૂં, અંદર જઇને જરા જુઓ તો સહી, કાંઇ છે યા નહીં ? "

મલ્લાહ ઉઠ્યો અને અંદર જઇને જોવા લાગ્યો. જોઇને પાછો આવીને કહ્યું. " બાબુ સાહેબ, બીજું તો કાંઇ નથી, ફક્ત નાળીયેરના છોતરા, બે ત્રણ પાકેલા બેલ અને આલુની તરકારી; એટલો સામાન પડયો છે."

રામસિંહે ખ્યાલ કર્યો કે ઠગારી ઔરતે થાપ આપવા માટે આ સઘળી વસ્તુઓ સાથે લીધી હતી, અને હવે જ્યારે તેની જરૂર ન રહી, ત્યારે ફેંકીને ચાલતી થઇ. રામસિંહે માંઝીઓને કહ્યું:—

" ચાલો હવે જલદી કરો, આપણે ઝડપથી પહોચવું જોઇએ."

માંઝીઓ ઝડપથી હલેસા મારવા લાગ્યા, અને બીજી હોડી ડાયમંડ હારબર તરફ ચાલતી થઈ.

બપોરના બાર વાગતાને સુમારે રામસિંહ વાળી હોડી નૌદા ગામના કીનારે આવી પહોંચી. રામસિંહ અને દયાળસીંહ નીચે ઉતરી પડયા. રામસિંહે માંઝીઓને કહ્યું " જુઓ, બનશે ત્યાં સુધી તો અમે જલદીથી પાછા ફરશું, પણ જો એક બે દીવસમાં ન આવી શકીયે તો તમે ચાલ્યા જજો, અમે જરૂર આવશું અને તમારૂં ભાડું અને ઉપરાંત ઇનામ આપીને તમોને રાજી કરીશું."

માંઝીઓએ થોભી જવાનું કબુલ કર્યું, રામસિંહ અને દયાળસિંહ ગામ તરફ ચાલ્યા ગામ કહેવાથી જેવી વસ્તી ધારી શકાય, તેવી વસ્તી અહીં હતી નહીં. હાટ બાદનું નામ નથી. માત્ર સમુદ્ર કીનારાપર દસબાર ઝુંપડા જેવા મકાનો છે અને તે પણ જંગલી મનુષ્યોના.

રામસિંહના ત્યાં પહોંચવાથી ગામના લોકો જોવાને માટે તેમની પાસે આવ્યા સઘળાએ પોત પોતાની કલ્પના અને તરંગ અનુસાર તેઓને સારાનરસા કહ્યા. કોઇએ સાહેબ હોવાનું કહ્યું તો કોઇએ ફિરંગી કહ્યા.

રામસિંહે તે ટોળાને પુછ્યું. " આજે સવારે અહીં કોઇ ઔરત આવી હતી ? "

ટોળામાંથી એકે કહ્યું " હા, એક ઔરત નાવમાંથી ઉતરીને આવી હતી. પણ તે તો અમારી સાથે થોડી વાતચીત કરીને અહીંથી ચાલી પણ ગઇ."

" કયાં ચાલી ગઇ ? " રામસિંહે પ્રશ્ન કર્યો.

" તે અમે ખબર નથી" પેલાએ કહ્યું.

એક માણસે કહ્યું, " જ્યારે હું રાયબાંકાથી અહીં આવતો હતો, ત્યારે મેં એક ઘણી ખુબસુરત સ્ત્રીને જોઇ હતી, તેનું શરીર સુંદર અને ભરેલું હતું."

" કયારે જોઇ હતી ? "

" હજુ થોડીવાર પહેલાજ. તેને મેં જોઇ ત્યાર પછી મકાન પર આવીને પાછો મેદાનમાં ગયો, ત્યાંથી લાકડાનો એક ભારો લાવ્યો અને તે લઇને આપને અહીં જોવા પહોંચ્યો."

" રાયબાંકા અહીંથી કેટલે દુર છે ? "

" આ ગામની પછી મેદાન છે અને મેદાનની પેલી પાર રાયબાંકા છે."

રામસિંહે હવે ઝડપથી કામ લીધું. બંને રાયબાંકાની તરફ ચાલ્યા. રાયબાંકામાં પહોંચતાં ખબર મળી કે, અહીંયા એક સુંદર સ્ત્રી આવી હતી. અહીંયા તેણી નાહી, ધોઇ ખાઇ પીને પછી ગોબરપોત તરફ ચાલી ગઇ.

વખત બપોરનો હતો, તડકો જોરથી પડતો હતો, પણ તેની દરકાર નહીં કરતાં પુર ઝડપે બંનેએ ગોબરપોતનો રસ્તો લીધો.

"રાયબાંકાથી ગોબરપોત આશરે ત્રણ ગાઉ છે. ત્યાં પહોંચતાં બે વાગી ગયા. અહીં પણ મરીયમ મળી નહીં. ગામ લોકોએ કહ્યું: " બે ઘડી પહેલાં તે અહીંયા હતી." રામસિંહે વધુ પુછપરછ કરતાં જણાયું કે તે રતનપાણીના જંગલની તરફ ચાલી ગઇ હતી.

ભુખ અને તરસથી રામસિંહનું ગળું સુકાતું હતું, ચહેરાપર કાળાશ આવી હતી. કલકતામાં જે ખાધું હતું, તે પછી હમણા સુધી તેણે ખાધું નહોતું. આખી રાત પસાર થઇ, દીવસ પણ પસાર થતો આવ્યો છતાં તેના પેટમાં લેશ પણ અન્ન કે પાણી ગયું નથી. છેવટે દયાળસિંહે કહ્યું. " હવે તો મારાથી ચાલી શકાતું નથી. તે જંગલની તરફ ભાગી છે ત્યાં પહોંચવા પછી તેનો પતો મળવો અશક્ય છે. ગમે તેટલી હાડમારી અને મહેનત એકગન ઉઠાવવા છતાં પણ જ્યારે તે ન મળી, તો પછી હવે હેરાન પરેશાન શું કામ થવું જોઇએ ? આપનો ચહેરો એકદમ કાળો પડી ગયો છે. બસ, હવે તો મહેરબાની કરી બસ કરો."

" ત્યારે હવે શું કરવું જોઇએ ? "

" બીજું કાંઇ નહીં, કાંઇક અન્ન પાણી લઇને પછી ચાલીએ; નહીં તો પ્રાણ બચાવવા મુશકેલ છે."

" હું તારું કહેવું કબુલ કરું છું, પણ વાત એવી છે કે, પહેલાં આપણે તેનાથી ત્રણ કલાકનો રસ્તો પાછળ હતા, હવે માત્ર એક કલાકનો રસ્તો છે. માટે એક મંજલ સુધી ધીરજ ધરીને મારી પાછળ ચાલ્યો આવ તો મરીયમ આપણા હાથમાં છે."

" પણ પેટમાં કાંઇ નથી, ચાલવું કોના બળ પર ? "

" ખાવા પીવાની પંચાતમાં જો પડશું, તો હાથ આવેલો શિકાર ચુંગાલમાંથી નીકળી જશે, અને પછીથી તેનો પતો મળવો મુશકેલ થશે."

" સારું, પણ જો અહીંયા દુધ મળે તો પુછાવે."

ગામ લોકોને પુછતાં જવાબ મળ્યો કે, " અહીં કોઇ દુધ વેચતું નથી."

રામસિંહ—" ખાવા પીવાની કોઇ પણ ચીજ મળે છે યા નહીં ? "

" જી, નહીં. અહીં કાંઇ પણ મળતું નથી. જે ગામ હમણા તમે છોડી આવ્યા ત્યાં ગોળ અને દાળીયા મળે છે."

" શું આફત છે ! " રામસિંહ બબડયો.

દયાળસિંહે ગામ લોકોને ધમકીના તોર પર કહ્યું. " હમારા સાહેબ કંપની સરકારના મોટા આફસર છે, અને તેને અહીં ભુખે રહેવું પડે, કેવી શરમની વાત છે ! "

દયાળસિંહની ઉપલી ધમકીની લોકો પર અસર થયેલી જણાય, તેમાંથી એકે કહ્યું. "અમારે ત્યાં દુધ રહે છે અને હમણા પણ છે. સઘળાને ત્યાંથી જો થોડું થોડું લાવવામાં આવે તો ઘણું એકઠું થઇ જાય. પરંતુ ગરમ દુધ મળશે."

ગરમ હોય યા ઠંડું હોય, ભુખ્યા તરસ્યા મુસાફરને માટે તો તે અમૃત છે. ગામ લોકોએ ત્રણ ચાર શેર દુધ, બશેર ત્રણશેર જેટલો ગોળ લાવીને હાજર કર્યો. રામસિંહ અને દયાળસિંહે આનંદ સાથે તેનો આહાર કરીને, રત્નપાખીના જંગલ તરફ ચાલતી પકડી.

પ્રકરણ ૧૦ મું.

રત્નપાખીના જંગલમાં-મરિયમની ગીરફતારી.

સમુદ્રથી આશરે ત્રણ ગાઉ દુર રત્નપાખી નામનું એક મોટું જંગલ છે. કહેવામાં આવે છે કે, પુરાણા વખતમાં આ જંગલમાં રત્નપાખી નામનો એક મોટો પરાક્રમી લુટારો રહેતો હતો, એટલા ઉપરથી આ જંગલનું "રત્નપાખી" નામ પડયું.

હમણાં તો અંગ્રેજ સરકારે કાપી વાઢીને આ જંગલમાં ઘણાં ગામો વસાવી દીધા છે. તો પણ કેટલોક ભાગ હજુ ગીચ ઝાડીઓથી અંધકાર રહેલો છે. તેનો વિસ્તાર લગભગ બાર પંદર ગાઉમાં હશે.

દયાળસિંહને સાથે લઇ કિસ્મતના ભરૂસાપર રામસિંહે જંગલમાં પ્રવેશ કર્યો. જંગલમાં કોઇ રસ્તો નથી. હાં, કઠીઆરાઓના જવા આવવાથી એક ન્હાની સરખી કેડી પડી છે, અને તે પણ વચવચમાં ઝાડના પાતરાઓથી કેટલીક જગ્યાએ ઢંકાઇ ગયેલી છે.

આગળ રામસિંહ અને પાછળ દયાળસિંહ, એમ બંને જણા ચુપકીદીથી ચાલ્યા જાય છે—આ મુશકેલ અને ઉતાવળી મંજલથી શ્વાસો શ્વાસ થતા જાય છે. આશરે બે ગાઉ રસ્તો પસાર કરવા પછી દયાળસિંહે કહ્યું.—"સરકાર, હવે અહીંથી પાછા ફરીએ. નોકરી કાંઇ પ્રાણથી અધિક નથી. સામે જે જંગલ દેખાય છે, તેમાંથી પાછું ફરવું મુશકેલ છે.

"દયાળસિંહ ! તું ડરે છે ?"

"હા, હું તો ડરૂં છું."

"જ્યારે પોલીસનું કામ ઉઠાવ્યું, ત્યારે વળી ડરવાનું કેવું ?"

"જ્યારે પ્રાણજ નીકળી જશે, તો પછી નોકરી કોણ કરશે ?"

"ફક્ત નોકરીને માટેજ હું આ કામ નથી કરતો, ફરજ ઉપરજ હું હમેશાં ભાર મુકતો આવ્યો છું. નોકરી ભલે જાય, પણ ફરજમાં પછાત પડવાનો કલંક તો નહીંજ સહેવાય."

"સાહેબ ! મારી એક વધુ વાત સાંભળશો ?" દયાળસિંહે કહ્યું.

"શું વાત છે, કહોતો ?"

"હું એમ કહેવા માગું છું કે, તે ફરંદી સ્ત્રી આ જંગલમાંજ આવી હોય તેની કાંઇ ખાત્રી છે ?"

"સાબીતી તો કાંઇ નથી."

"તો પછી આ મહેનત શા વાસ્તે ?"

"ગામ લોકોએ કહ્યું કે, તેણી આ જંગલ તરફ ચાલી ગઇ છે; તેથી નસીબને ભરુસે જઇએ છીએ."

"તે કદાચ બીજે રસ્તેથી ચાલી ગઇ હોય તો ?"

"હા, તે બીજે રસ્તેથી જઇ શકે, પણ જ્યારે ગામમાંથી આ તરફ આવી હશે, ત્યારે આ રસ્તેથી જવાનુંજ તેણે પસંદ કર્યું હશે."

આ પ્રમાણે બંને વાતો કરતા કરતા ચાલ્યા જતા હતા, પણ તેઓની ઝડપમાં જરા જેટલો ફેર પડ્યો નહોતો.

જરા વધુ આગળ વધ્યા કે રામસિંહની નજર એક નહેરની તરફ ગઇ. રામસિંહનું કલેજું ધડકવા લાગ્યું. તેણે દયાળસિંહનો હાથ પકડી લીધો અને પાસેના એક ઝાડ પાછળ સંતાઇ ગયા.

દયાળસિંહે રામસિંહના કાનમાં મ્હોડું ઘાલીને પુછ્યું:—"શું છે ?"

રામસિંહે આંગળીથી દેખાડીને ધીમેથી કહ્યું. "પેલી નહેરની તરફ નજર કર."

દયાળસિંહ તે તરફ જોઇને બોલ્યો. "તો શું નકલી બેગમ એજ છે ?"

"હા, એજ છે. હું તેને ઓળખું છું." રામસિંહે કહ્યું.

"ત્યારે વિલંબ કેવો ? ચાલો તેને પકડી લઇએ !"

"તેને પકડવાનું કામ જેટલું તું સહેલું સમજે, તેટલું નથી."

"કેમ ? એક સ્ત્રીને પકડી લેવામાં મુશ્કેલી શું ? તેનો પતો મેળવવામાં હું ભલે તેનો અસમર્થ છું, પરંતુ પકડવામાં અસમર્થ નથી, અને તે પણ એક ઓરતને."

"પણ આ કાંઇ જેવી તેવી સ્ત્રી નથી. જેવી તે સ્ત્રી છે. તેવાજ તેની પાસે સાધનો પણ છે. શું તું એમ સમજે છે કે, તેની પાસે એકાદ પીસ્તોલ પણ નહીં હોય ? તું જઇશ તેને પકડવા પણ પરીણામ કાંઇક જુદુંજ આવશે."

"જી હા, આપનું કહેવું બરાબર છે."

"એક બીજી વાત પણ છે કે, જો તેનું અહીં રહેઠાણ હોય તો તેનો અવાજ સાંભળતાંજ ડાકુઓનું મોટું ટોળું અહીં હાજર થઇ જશે, એવી સ્થિતિમાં આપણે બચી શકાંયે નહીં."

"ત્યારે શું ઉપાય છે, તેને કેવી રીતે પકડી શકાય ?"

"ઉપાય છે. સાભળ, તું આ જંગલની અંદર છુપાતો છુપાતો જઇને સામેની ઝાડીમાં છુપાઇ જા. હું આ રસ્તેથી પેલી નહેરના કિનારા તરફ જાઉં છું. મરિયમ—તે સ્ત્રીનું નામ મરિયમ છે—તે પોતાનું ન્હાવા ધોવાનું કામ પુરું કરી કોઇ ન કોઇ રસ્તે ચાલતી થશે. તારે તેની પાછળ પાછળ જવું, અને તક સાધીને પાછળથી પગ પકડીને તેને નીચે પછાડી દેવી. હું બીજી બાજુએ રહીશ. અને જો તેણી તે તરફ આવશે, તો હું પણ તેવી રીતે

પછાડીને પકડીશ. જો તું પકડી પાડીશ તો હું દોડતો મદદે આવીશ, અને હું પકડું તો તું દોડતો આવી પહોંચજે. તે પછી શું કરવું તેનો વિચાર પછી થશે."

એક પળ પણ ફોકટ ગુમાવવામાં આવી નહીં. બંનેએ જુદો જુદો રસ્તો લઇ લીધો.

આ તરફ મરિયમ ન્હાઇ ધોઇને જંગલમાંથી બહાર નીકળી અને કોણ જાણે શું કામ તે પોતાના ચંચળ નેત્રો વડે ચોતરફ જોવા લાગી. એક વખત તેણીએ પોતાની આજુ-બાજુ બારીક દ્રષ્ટિ ફેંકી, પણ તે કાંઇ જોઇ શકી નહીં. છતાં તેના મનમાં કાંઇ સંદેહ પેઠો એ તો ચોક્કસ હતું. કારણ કે તેણે પોતા પાસેની એક નાની પોટલી છોડી તેમાંથી પિ-સ્તોલ કાઢી અને તેમાં દારૂગોળી ભરી, તે હાથમાં ધારણ કરી, બીજા હાથમાં એક ચમકતો છરો લીધો. જે કપડામાં તેણે આ બંને હથીઆર બાંધ્યાં હતાં તે કપડું તેણીએ ત્યાંજ પડતું મુકયું.

બંને તરફથી બે માણસો ઉભા ઉભા મરિયમની આ હિલચાલ—એક તરફ રામસિંહ અને બીજી તરફથી દયાળસિંહ જોઇ રહ્યા હતા. રામસિંહના બે ખીસામાં બે પીસ્તોલો હતી. તેણે પણ એક પીસ્તોલ કાઢીને પોતાના હાથમાં રાખી અને બીજીને ખીસામાંજ રહેવા દીધી. દયાળસિંહ પણ મુકાબલો કરવા માટે કમર કરી ટાંપીને ઉભો હતો.

મરિયમ એકવાર ફરીથી ચોતરફ નજર ફેંકીને ધીરે ધીરે ચાલી. રામસિંહ અને દયા-ળસિંહ બંને બાજુએ ઉભા હતા. મરિયમ તેની વચમાં થઇને ચાલી. બંને ધીમે ધીમે તેની લગોલગમાં આવી ગયા.

એક વૃક્ષની ડાળમાં જરા ખખડાટ થયો, જેથી મરીયમ ચોંકી. તેણે તુરત તે ડાળની ઝુંડમાં પીસ્તોલ છોડી, અને તે દયાળસિંહના ડાબા હાથમાં જોરથી ઘુસી ગઇ પરંતુ દયા-ળસિંહ રજપૂત હતો, વાઘની માફક છલાંગ મારી મરિયમ પર તુટી પડયો. મરિયમના હાથમાંથી પિસ્તોલ પડી ગઇ; પરંતુ તેણે પોતાનો છરો દયાળસિંહની છાતીમાં ભોંકવાને ચલાવ્યો, પણ દયાળસિંહ જરા ફરી જવાથી ઘા ખાલી ગયો. તેણીએ બીજી વખત ઘા કર્યો તેટલામાં રામસિંહે આવીને મરિયમને ગીરફતાર કરી લીધી.

મરિયમ અસાધારણ સ્ત્રી હતી. તેના શરીરમાં બળ પણ ઓછું નહોતું. તે રામ-સિંહની સાથે હાથોહાથ લડવા લાગી, એટલામાં દયાળસિંહે પાછળથી તેના પગમાં આંટી મારીને નીચે પટકી દીધી. મરિયમ બુમ પાડવા જતી હતી, કે તરત રામસિંહે તેના મ્હોડામાં પોતાના રૂમાલનો ડુચો દાબી દીધો. દયાળસિંહના ડાબા હાથમાં સખ્ત ચોટ થઇ હતી.

રામસિંહનો ઇસારો થતાં દયાળસિંહ મરિયમની છાતી પર ચડી બેઠો. રામસિંહે તેણીના બંને હાથ બાંધી લીધા, ત્યારપછી મરિયમના મ્હોડામાંથી રૂમાલ કહાડીને રામસિંહે કહ્યું.

"જો મરિયમ, મારા હાથમાં પીસ્તોલ છે, જરા પણ બુમ પાડી, તો જાનથી મારી જઇશ."

હાંફતી હાંફતી મરિયમ બોલી. "મેં તમને ઓળખી લીધા છે પ્રથમ ભૈરવસિંગના જંગલમાં તમને જોયા હતા, ત્યાર પછી પરમદીવસે રાત્રે મારા મકાનની સામે જોયા અને બહારથી પાછી મકાન પર આવતાં પાછા તમને ત્યાં જોતાંજ હું તુરત ત્યાંથી નીકળી ગઇ.

શાબાશ ! તમારી બુદ્ધિ ખરેખર વિલક્ષણ છે, તમારી હિંમત ધન્યવાદને પાત્ર છે. તમારા જેવા પોલીસ જાસુસો પોલીસમાં કેટલાક છે ? "

" સાંભળ મુરિયમ ! એવી વાતો કરવાનું આ સ્થાન નથી. અમે તને પકડી લીધી છે, હવે સાથે લઇ જઇશું. માટે જો ખુશીથી ચાલ તો તેમાં તારી બહેતરી છે."

" નહીં તો શું કરશો ? જો ચુપચુપ ચાલી આવું તો, શું સોનાની ફાંસીમાં લટકાવશો ? "

" ફાંસીથી બચી પણ શકે છે."

" સારૂં, તમે મને પકડી શું કામ ? મેં તમારૂં શું કર્યું છે ? "

" તારી ઉપર સદેહ છે ? "

" શાનો સદેહ ? "

" એ વાતો પછી થશે, હમણાં તું ચાલ."

" ક્યાં ! તમારે ત્યાં ? "

" અમે પોલીસ છીએ, જાણે છ કે ? "

" પોલીસ છો તે શું હું ડરી જાઉં ? મેંતો કોઇ ગુન્હો કર્યો નથી, તમે મારા વિરૂદ્ધ સાક્ષીઓ ઉભા કરશો, તો હું કહીશ કે, હું તો સન્યાસીની છું. દારોગા મારો ધર્મ ભ્રષ્ટ કરીને મને અહીં લાવ્યો છે."

" સારૂં, તારી મરજીમાં આવે તે કહેજે, હમણા તો ચાલ."

" પોતાની મરજીથી ભલા કોણ ફાસી પર લટકવા જાય ? "

" તારી ઇચ્છામાં નહીં આવે તો પકડીને લઇ જઇશું. "

" તમે મને લઇ જઇ નહીં શકો."

" જ્યારે તને પકડી લીધી છે, તો પછી લઇ જઇ પણ શકીયે છીએ."

" શું બંને જણ મળીને કાંધપર ઉઠાવી જશો ? તમારૂં તો અહીં કોઇ સહાયક નથી, આ કાંઇ કલકત્તા નથી."

" તો શું તું અમને હેરાન કરીશ ? "

" હું તો પહેલાથીજ કહી ચુકી છું કે, મરવાને માટે-ફાંસીએ લટકવાને માટે કોણ એવો છે જે ખુશીથી દોડતો આવે ? "

" તું ફાંસીથી બચી શકે છે. બનવાજોગ છે કે, નિર્દોષ ઠરીને છુટી પણ જાય."

" તો પછી મને પકડવાને માટે આટલી મહેનત શું કામ કરો છો ? ખાવું પીવું અને સુવાનું પણ છોડી દઇને મારી પાછળ કેમ પડયા છો ? "

" તું જો સીધી સીધી નહીં ચાલશે, તો મારી ઘસડીને પણ તને લઇ જશું."

" સારૂ એમ કરો, ચાલો લઇ જાઓ."

" હું નથી ઇચ્છતો તારૂં કંઇ બુરૂં થાય તારૂં રક્ષણ થાય એવુંજ હું ચાહું છું."

" તો પછી મને લઇ જઇને શું ઘર માંડશો ? "

" તું ઘણી બેશરમ છે."

" તમારા જેટલી નહીં. તમે એક માણસને સાથે લઇને મને અહીં પકડવા આવ્યા, અને તે સાથી પણ અધમુવો થઇને પડયો છે."

" મારો વિશ્વાસ અને મારો સાહસ મારી પાસે છે."

" પરંતુ તમારા પ્રાણ ડાકુઓની લઠ્ઠ પાસે છે. "

" ડાકુ કયાં છે ? તું તો એકલી છો. શું તું મને ડરપોક સમજે છે ?"

" નહિં, તમે ડરપોક નહીં, મોટા દીલેર જવાન છો; પણ તમને ચેતાવું છું કે કયાંક તમે અચાનક માર્યા ન જાઓ. ખરેખર મને તમારી દયા આવે છે. મકાનપર બાલ બચ્ચા હશે, તેના નિર્વાહનો કાંઇ બંદોબસ્ત કર્યો છે કે ? "

" આ જીલ્લામાં તો ચોર લુટારા છે નહીં."

" અહીંનો ચોર લુટારાઓની ફોજ છે."

" તો પછી અમારી નજરે કેમ નથી પડતા ? "

" આજે તે સઘળા અહીં નથી. હોત તો તમારો પ્રાણ અત્યાર સુધી બચવા પામત નહીં. પીસ્તોલના ધડાકા સાથે સાથે તમારા પ્રાણ પંખેરૂ પણ ઉડી જતે."

" સારૂંજ થયું, હવે તને વગર અડચણે લઇ જઇશું. "

" તમે મોટા મુર્ખ છો, સારા માણસની દીકરીને ચોર લુટારી કહીને જેલમાં ઠેલી દેવાથી તમારી વાહ વાહ શું થવાની હતી ? પછી મને તો કોઇ વાંધો નથી, હું તૈયાર છું. પરંતુ યાદ રાખજો કે જે સઘળા ગામવાળાઓથી તમે મળી હળીને આવ્યા છો તે સઘળા ચોરના ચોર અને ડાકુના ડાકુ છે. પાછા ફરતી વખતે તમારી બરાબર ખબર લેશે. "

રામસિંહે મરિયમની છેલ્લી વાત પર વિશ્વાસ મુકયો નહીં. તેને એમ લાગ્યું કે મારી ચુંગાલમાંથી છટકવા માટે તેણી આ પ્રમાણે ભય બતાવે છે. નિદાન રામસિંહે કહ્યું.

" ચાલ, જલદી ચાલ, નહીંતો હવે માર પડશે. "

મરીયમ ખડખડાટ હસી પડી, પોતાની જગ્યા પરથી એક ડગલું પણ ન ખસી. દ-યાળસિંહ જે અત્યાર સુધી ચુપ બેઠો હતો તે હવે ખીજવાઇને બોલ્યો. " સરકાર ! એ એમ નહીં ચાલે, તેને જરા કોપરાપાક ચખાડો."

મરીયમ એકાએક ઉભી થઇ-વિકાળ વાઘણની માફક ગર્દન ઘુમાવીને બોલી. " આ-ઓ, કયા ચાલવું છે ? "

આગળ દયાળસિંહ, વચમાં મરિયમ અને પાછળ રામસિંહ એવી રીતે ચાલવા લાગ્યા. રામસિંહ પાસે હવે ત્રણ પીસ્તોલ થઇ. બે તેની પાસે હતી અને એક મરિયમ પાસેથી મળી ગઇ. તેમાં દારૂ ગોળી ભરીને ત્રણે પિસ્તોલ તૈયાર રાખી.

ડિટેકટીવ આ પ્રમાણે આ બનાવટી બેગમ ઉર્ફે ખુની બેગમ-મરિયમને જીવનું જો-ખમ ખેડીને પણ પકડી પાડવામાં-કેદ કરવામાં ફતેહમંદ ઉતર્યો. તે અત્યારે મરિયમને એક બંધીવાન તરીકે લઇને ચાલ્યો જાય છે. મનમાં ને મનમાં મરિયમની જોરેમ દીનાજ નહીં

પણ તેની અલૌકિક બુદ્ધિના પણ વખાણ કરતો જાય છે. આવા વિચાર પરથી એકાએક તેને એક નવો વિચાર સુઝયો. પ્રથમ તેને મરિયમે આ સઘળો જીલ્લો ડાકુ લુટારાઓથી ભરેલો હોવાનું કહેલું તેની પર રામસિંહને વિશ્વાસ બેઠો નહોતો, પણ અત્યારે તેને વિચાર આવ્યો કે, મરિયમની વાતમાં વજુદ હોવું જોઇએ જો કે મરિયમે કાંઇ સ્પષ્ટ કહેલું નહોતું, તો પણ રામસિંહે તેની વાતો પરથી અત્યાર એટલું તો અનુમાન કર્યું કે, આ ગામોમાં ચોર લુટારા તો રહેતા હોવા જોઇએ. તે પ્રથમ આ ગામોમાં આવ્યો ત્યારે એટલું તો જોઇ શકયો હતો કે, અહીંની સઘળી વસ્તી હલકા વર્ગની છે. રામસિંહે વિચાર કર્યો કે, તેવા લોકો કદાચ મરિયમને બંધીવાન થયેલી જોઇને અમારી પર હુમલો કરે તો? હા, તે લોકો જાહેરમાં એવી રીતે પોલીસ પર હુમલો કરવાની હિંમત ન કરે; પરંતુ જ્યારે કિનારે જઇને હોડીમાં બેસવા જઇએ તે વખતે સામટું ટોળું આવીને હુમલો કરે તો શું ઉપાય? ખેર, જે થવાનું હશે તે થશે. હવે તો બની શકે ત્યાં સુધી સાવચેત રહેવું બહેતર છે. જ્યારે આવા ભયાનક જંગલમાં એકલા આવી પહોંચ્યાજ છીએ તો પછી હવે બીજા વિચારો કરવા ફોકટ છે. વળી આસપાસ પોલીસની ચોકી નહીં હોય એ પણ બનવાજોગ નથી. તે સિવાય ગોબરપોતમાંથી પણ પોલીસની મદદ મળી જશે.

આ પ્રકારના વિચારોમાં ઘણો રસ્તો પસાર થઇ ગયો. સાંજને વખતે તેઓ ગોબરપોત આવી પહોંચ્યા. ત્યાં ગામથી થોડે દુર એક વૃક્ષની ઘટા નીચે વિશ્રામ લેવા બેઠા. પાસેના બાવળના ઝાડ સાથે મરિયમને બાંધીને રામસિંહે દયાળસિંહને ચોકીદારને બોલાવી લાવવા મોકલી દીધો.

દયાળસિંહ જ્યારે પાછો ફર્યો ત્યારે રાત એક પહોર વીતી ચુકી હતી. દયાળસિંહ ચોકીદારને શોધવા માટે ઘણું ભટકયો, પણ છેવટે તેને સાથે લઇને રામસિંહ પાસે આવ્યો. ચોકીદાર આવીને ઉભો એટલે રામસિંહે તેને પગથી માથાં સુધી જોઇ લીધો. તે ભરેલા બદનનો, લાંબા કદનો એક પીઢતન જુવાન હતો. રામસિંહે દયાળસિંહને મરિયમ ઉપર નજર રાખવાનું કહીને ચોકીદારને જરા દુર લઇ જઇને પુછ્યું. "તમારૂં નામ?"

"ભીમસરદાર" ચોકીદારે જણાવ્યું.

"તમે શું આ સઘળા ગામોના ચોકીદાર છો?"

"જી. હા; માલુમ પડે છે કે આપ દારોગા સાહેબ છો?"

"હા. હું કલકતાનો દારોગા છું. અપરાધીને પકડવા માટે આવ્યો હતો."

"તેને ક્યાં પકડયો?"

"રત્નપાણીના જંગલમાંથી."

"ઓહ! એવા ભયાનક જંગલમાં જવું અને ત્યાંથી પાછા સહીસલામત ફરવું એ કેટલી નવાઇની વાત છે! જણાય છે કે, જંગલમાં ડાકુ લોકો નહીં હોય. નહીં તો આ રીતે આપ સલામતી સાથે પાછા ન ફરી શકત. એવા પોલીસ ઘણા થોડા છે કે જે ત્યાં જવાની હિંમત કરે. હજુ પણ આપનો રસ્તો સાફ નથી. ગુન્હેગારને લઇ જંવો અને પોતાના પ્રાણ બચાવવા એ બંને ભરૂસા બહારની વાત છે.

"કેમ ?" રામસિંહે પુછ્યું.

"સાંભળ્યું છે કે, કાડબાલની ખાડીમાં ચોર લુટારાઓ નાવ પર ફરતા રહીને આવજા કરતાં વહાણોને બરબાદ કરે છે; અને માલ અસબાબ લુંટી લે છે. જો તે લોકો સામા થયા તો ગુન્હેગારને સલામતી સાથે લઇ જવાનું કામ મુશ્કેલ છે."

"યાદ રાખો, અમે પોલીસ છીએ"

"તે યાદ રાખવાથી શું થશે. સરકાર ?"

"તમે જે રીતની વાતો બકી રહ્યા છો, તે પરથી તો એમ જણાય છે કે તમે પણ તે ચોર લુટારા માંહેના છો."

"મેં તો આપને ચેતાવવા માટે સઘળું કહ્યું."

"અહીંથી ચોકી કેટલી દુર છે ?"

"લગભગ ચાર માઇલ–સાગરપાડામાં."

"તમે હમણાં ત્યાં જાઓ અને હેડ કોન્સટેબલ અને બે ત્રણ બીજા સાદા કોન્સટેબલોને મારૂં નામ આપીને બોલાવી આવો."

ચોકીદાર ગયો અને રામસિંહ તથા દયાળસિંહ બંને હાથમાં પિસ્તોલો રાખીને મરિયમ પર પહેરો રાખવા લાગ્યા.

રાતના આશરે સાડાદસ કલાકે ચોકીદાર બીમસરદાર સાગરપાડાના હેડ કોન્સટેબલ અને બે ત્રણ બીજા સામાન્ય કોન્સટેબલોની સાથે આવી પહોંચ્યો. તે સઘળાને જોઇને રામસિંહમાં નવી હિંમત આવી, તેને પોતાના પરાક્રમ પર વિશ્વાસ બેસવા લાગ્યો કે, હવે મરિયમને લઇને હું સલામતી સાથે કલકતા પહોંચીશ.

હેડ કોન્સટેબલ કલકતાનો રહેવાશી હતો. અને મુસલમાન હતો. શરીર પુષ્ટ અને તાકતવર હતું. તેની સાથે બીજા બે કોન્સટેબલો હતા તે પંજાબના મોટા જવાન હતા.

રામસિંહે પોતાની ઓળખ આપીને કહ્યું. "અમે આ ગુન્હેગારને રેલપાણીના જંગલમાંથી કેદ પકડીને અહીં લાવ્યા છીએ. અહીં સુધી તો વગર અડચણે આવ્યા, પણ આગળ જતાં કોઇ મુશકેલી ઉભી ન થાય તેટલા માટે તમારી મદદની જરૂર છે, અમારી સાથે તમારે ડાયમંડ હારબર સુધી આવવાનું છે."

હેડ કોન્સટેબલે કહ્યું. "એતો અમારૂં કામજ છે–ફરજ છે. જરૂર આવીશું. પરંતુ રસ્તો સલામત નથી. કાલે જો દીવસના જઇયે તો બહેતર થશે, અત્યારે રાતને વખતે જવું જોખમભર્યું છે."

રામસિંહે હેડ કોન્સટેબલની વાત પર વિશ્વાસ ન કર્યો. તે જગ્યાજ એવી હતી કે કોઇ પર વિશ્વાસ રાખી શકાય નહીં. માત્ર એક હેડ કોન્સટેબલ અને ત્રણ બીજા કોન્સટેબલો રામસિંહ સાથે હોવાથી તે કેટલા માણસો સામે મુકાબલો કરી શકે ? જો મરિયમ તેના કાબુમાંથી છટકીને ભાગી તો કેટલા દીવસની મહેનત વ્યર્થ જાય ? અને સાથેજ એક અદભૂત ભેદી–ભારે જટીલ મુકદમાનું રહસ્ય પણ હમેશને માટે અંધકારમાં રહી જાય.

આવા અનેક વિચારો તેને આવતા રહેતા હોવાથી તે હેડ કોન્સટેબલના કહેવા પર ઇતબાર રાખી શક્યો નહીં. તેણે કહ્યું. " નહીં, અપરાધીને સાથે રાખીને અહીંયા રહેવું ઠીક નથી. બસ હમણાંજ અહીંમાથી ચાલવું જોઇએ."

" સારૂં, ચાલો ત્યારે." હેડ કોન્સટેબલે કહ્યું. " આપની સાથેનો કોન્સટેબલ આટલો દુઃખી કેમ છે ? "

" એટલું સારૂં થયું છે કે તેનો જીવ ન ગયો. જો કદાચ હાથને બદલે છાતી યા માથામાં ગોળી લાગી હતે, તો પ્રાણ ન બચતે."

હેડ કોન્સટેબલ પોતાની સાથે કેટલાક હથીયારો લઇ આવ્યો હતો, તે વડે સઘળા સજ થઇ, મરિયમને ઘેરીને બધાં સમુદ્રના કીનારા તરફ જવાને ઉપડયા.

કેટલોક વખત એવી રીતે પેદલ ચાલવા પછી રામસિંહ જે નાવને કિનારા પર છોડી આવ્યો હતો ત્યાં સઘળા આવી પહોંચ્યા અને ચોકીદાર ભીમસરદાર સિવાયના સઘળાઓ નાવ પર સવાર થયા. ચોકીદાર પોતાની જગ્યાપર પાછો ગયો. નાવમાં ઉતરીને પોતાના હથીયારો યોગ્ય સ્થળે મુકીને સઘળા યોગ્ય રીતે ગોઠવાઇ ગયા અને હુકમ થતાં નાવ ચલાવવામાં આવી. ચોકીદારને સાથે લેવામાં કાં નહીં આવ્યો તેનું કારણ હેડ કોન્સટેબલે ના પાડવાનું હતું. રામસિંહને તેણે કહ્યું હતું કે, " અમે આ ભાગના કોઇપણ માણસ પર વિશ્વાસ મુકતા નથી."

પ્રકરણ ૧૧ મું.

સમુદ્રમાં લડાઇ—ડિટેકટીવની ફતેહ.

સમુદ્રના આસમાની પાણીની શોભાને નિહાળતા—જોતાં રામસિંહ અને તેના સાથીઓ કાકખાલની ખાડી પસાર કરી રહ્યા છે. પવન જોરથી ફુંકાઇ રહ્યો છે. નાવ પણ બારે ઝડપથી જઈ રહી છે. આકાશમાંથી ચંદ્ર પણ પાણીમાં પોતાની પ્રતિમા પાડી રહ્યો છે.

રામસિંહ નાવના અંદરના ભાગમાંથી બહાર આવીને ઉભો રહી ગયો. તેને બહાર આવેલો જોઇને નજુમુલ્લા બોલ્યો:-" જનાબ બેસી જાઓ, હીલવા ડોલવાથી નાવ નીચે ઉપર થશે, અને ગફલતીથી આપ વખતે નીચે પડી જશો."

એટલું કહેતા ન કહેતા નજુમુલ્લા જાણી ચુક્યો કે, નાવ 'બરહાર બાગાન' પહોંચી ગઇ છે. રામસિંહે પણ જોયું કે નજીકમાંજ એક મોટો બાગ છે. જેની એક બાજુમાં બત્તીનો પ્રકાશ દેખાય છે.

એકાએક પ્રકાશની જગ્યા અંધકારે લીધી. રામસિંહે નજુમુલ્લાને પુછ્યું. " હમણાં જે રોશની હતી, તે એકાએક બુઝાઈ કેમ ગઇ ?"

" હું પણ એજ વિચારમાં છું." નજુએ કહ્યું, " જણાય છે કે, તે એકાદ એ નાવ છે. પણ સવાલ એ છે કે ત્યાં નાવ હોવાથી ત્યાંની બતી એકદમ બુઝાઇ કેમ ગઇ ? હ-

મળ્યાં તો નથી પવન ફુંકાતો કે નથી તોફાન આવતું; એકાએક અંધકાર ફાઇ જવાનું કારણ શું ? કંઇ સમજમાં નથી આવતું, ચિન્હ સારા નથી.”

રામસિંહે ધીરેથી કહ્યું. “ દયાળસિંહ ! પીસ્તોલ હાથમાં લ્યો.”

“ શું છે સાહેબ ? ” હેડ કોન્સટેબલે અંદર બેઠા બેઠા પુછ્યું.

“ ખાં સાહેબ, જરા બહાર આવો તો ? ” રામસિંહે કહ્યું.

“ શું હકીકત છે ? ” ખાં સાહેબે બહાર આવીને પુછ્યું.

“ જુઓ સામે એક બાગ તમોને દેખાય છે ? ”

“ જી, હા, દેખાય છે.”

“ ત્યાં હમણાં એક દીવો બળતો હતો.” રામસિંહે કહ્યું. “ જેની રોશનીથી બાગ પણ સાફ દેખાતો હતો. પરંતુ હવે જોઇએ છીએ કે, દીવો એકદમ ગુલ થઇ ગયો. હું ક્યારનો ત્યાંની રોશની જોઇ રહ્યો હતો, પણ આ નાવ અહીં પહોંચતાંજ તે બુઝાઇ ગઇ. તેટલા માટે કાંઇક શક ઉત્પન્ન થાય છે.”

“ બેશક, શક લઇ જવાની એ જગ્યા છે. ખરદાર બાગાનમાં હમેશ ભય રાખવો પડે છે. ભયનું એ મોટું સ્થાન છે. મારી માન્યતા તો એવી થાય છે કે, આપણી નાવની રોશની જોઇને તે લોકોએ બતી બુઝાવી દીધી છે.”

“ ત્યારે આપ પણ બંદુક હાથમાં લઇ લ્યો. કોન્સટેબલોને પણ કહી આપો કે તેઓ પણ તૈયાર રહે.”

ખાંસાહેબે પોતાની બંદુક પોતાના હાથમાં લીધી. બીજા બે કોન્સટેબલો પણ પોત પોતાની બંદુકો અને તલવારો લઇને લડવાને માટે તૈયાર થઇ ગયા. રામસિંહે દયાળસિંહને ફરીથી બોલાવ્યો અને કહ્યું. “ બે પિસ્તોલ મને દે, એક તારી પાસે રાખ, અને અંદર તું મરિયમની પાસે રહે.”

“ સરકાર ! આપે ઘણી તકલીફ ઉઠાવી છે.” દયાળસિંહ લાગણીથી બોલ્યો. “ઘણું કષ્ટ સહન કર્યું છે. આપ અંદર રહો, હું બહાર આવું છું.”

“ દયાળસિંહ ! મારા કરતાં તને ઘણું વધારે ખમવું પડયું છે. તારો ડાબો હાથ અત્યારે નકામો થઇ પડયો છે, તું બહાર રહીને શું કરી શકીશ ? ”

દયાળસિંહે વધુ આગ્રહ કર્યો નહીં. રામસિંહે માંઝીઓને બોલાવીને કહ્યું “ નજુ ! તને હથીયાર ચલાવતા આવડે છે ? ”

“ જ્યારે ડાકુઓને પાલે પડયા છીએ, તો પછી હથીયાર ચલાવ્યા વગર કામ કેમ ચાલે ? ” નજુએ કહ્યું.

“ આજે જો તમે મને મદદ કરો, તમારી મર્દાઇ દેખાડી આપો તો કંપની સરકાર તરફથી તમોને સેંકડોના હીસાબથી ઇનામ અપાવી દઇશ. અંતે જો કદાચ પોલીસમાં નોકરી કરવાની ઇચ્છા હશે તો, નોકરી પણ કરી આપીશ; એટલું છતાંપણ જો તમે ડરીને ભાગી જશો–નાવ છોડી જશો તો યાદ રાખજો–તમો સઘળાઓને પકડાવીને સખ્ત ખબર લઇશ.”

નજુએ પોતાના સાથી બંજનને કહ્યું. " અરે બંજન ! આજ કાલ તારા શરીરમાં ઘણી તાકાત આવી છે. જોઉં આજ શું કરે છે, ડાકુઓથી સામનો કરીશ ને ?"

બંજન—" હાં, હાં, અરે માર જૂતન માર જૂતન ખોપડી ફોડ ડાલેંગે, કહા બાત હે ભૈયા !"

નજુ અને બંજન બંને તૈયાર થઇ ગયા, નાવની નીચેથી તેઓએ ઘણા હથીયારો બહાર કાઢયાં, બંને ભારે જુસ્સામાં હતા; ડાકુઓની સામે થઇ, પોતાની બહાદુરી દેખાડી અંગ્રેજ સરકારના એક અફસરને ખુશી કરીને પોતાની ભાગ્ય પરિક્ષાનું ફળ જોવાને માટે બંને મોટા વેગથી ડાંડ મારવા લાગ્યા. નાવ ખરૅરાટા કરતી ચાલી.

નાવ જ્યારે બરદાર બાગાનની લગભગ સામે આવી ત્યારે સઘળાઓએ જોયું-રામસિંહે પણ જોયું કે સામે ઘણાં માણસોનું ટોળું સ્થિર થઇને ઉભું છે. જ્યારે નાવ તદન પાસે આવી ગઇ, ત્યારે તે લોકોએ આગ પાછી સળગાવી અને પ્રકાશ ફેલાઇ રહ્યો. સુકા પાંદડાઓના ઢેરના ઢેરમાં આગ લગાવવામાં આવી જેથી કીનારો સ્પષ્ટ દેખાવા લાગ્યો.

પાણીમાં ખરૅરાટીનો અવાજ સાંભળીને રામસિંહે પાછું ફરીને જોયું તો નૌકાઓ મોટા વેગથી ચાલી આવતી જણાઇ.

જે વખતનો આ બનાવ છે, તે વખતમાં સમુદ્રમાં ચાંચીયાઓનો ભારે ઉપદ્રવ હતો, સમુદ્રના જે જે ભાગમાં વહાણો ફરતાં, ત્યાં ત્યાં ચાંચીયાઓ ફરતા રહેતા હતા. તેમાં પણ કેટલાક પ્રસિદ્ધ ચાંચીયાઓએ આખા બંગાલમાં બુમ પડાવી દીધી હતી. આવા લોકોને બંગાળની પોલીસ 'બામ્બેટી' ના નામથી ઓળખતી અને ઓળખાવતી હતી. આ દરિયાઇ લુટારાઓનો દોર તે વખતે છેલ્લી હદ સુધી પહોંચ્યો હતો. પ્રખ્યાત ડાકુ ' ભગા બૈરામ ' નો કીસ્સો આજસુધી બંગાળમાં મશહુર છે,

આ ચાંચીયા અને ડાકુઓનુ કોઇ ખાસ રહેઠાણ નહોતું. તે કદી જળમાં તો કદી જમીનપર રહ્યા કરતા હતા. કદી છુટા છવાયા તો કદી સંખ્યાબંધ સાથે મળીને એક ટોળીના રૂપમાં રહેતા હતા. જે સમયનું આ વર્ણન કરવામાં આવે છે, તે વખતે આ લોકો ટોળી રૂપેજ સમુદ્રમાં ફરતા હતા.

પાછળથી બે નાવ આવતી જોઈ રામસિંહ સમજી ચુકયો કે, તે ચોર લુટારા છે. જળ અને જમીન બંને સ્થળ લુટારા વગર ખાલી નથી. કિનારાપર પાંચ છ ચાંચીયાઓ ઉભેલા જણાયા, તેના હાથમાં મોટી મોટી ડાંગો અને બે ત્રણ જણના હાથમાં લોખંડના મજબુત સળીયા-સોટા હતા. આ સળીયાની એકજ ચોટ માણસને જમીનદોસ્ત કરવાને પુરતી હતી. તે સમયમાં લુટારાઓ બંદુક પિસ્તોલ નહોતા રાખતા, હથીયારબંધીનો એ પ્રતાપ હતો. ધીમે ધીમે કીનારાપર ડઝનબંધ લુટારાઓ દેખાવ લાગ્યા. તે કેટલા હતા, તેની ગણત્રી રામસિંહ કરી શકયો નહીં. બીજી તરફથી જે બે નાવ આવી રહી હતી તેમાં અનુમાન ૨૦-૨૫ માણસો હતા. લુટારા લોકોને નાવ ચલાવા માટે કોઇ મલ્લાહની જરૂર નહોતી પડતી. કારણ કે તે નાવોમાં સઘળા લુટારાઓજ રહેતા અને સઘળું કામ તેઓજ કરતા હતા.

જમીન પર જુઓ યા જળ ઉપર જુઓ; લુટારાઓનો ભય સર્વત્ર છે. મનુષ્ય હોય યા પશુ હોય, દુષ્ટોની બીક સર્વ કોઇને હોય છે. બહાદુરો છે તે બહાદુરોથી સામનો કરવામાં અચકાતા નથી; પણ કાયરોની કપટ નીતિથી, દગાબાઝોની ફરેબીથી અને ડાકુઓની વિશ્વાસઘાતિક રીતીથી હમેશ ડરતા રહે છે. તેઓ ડરે છે, પણ ડગતા નથી. અર્થાત હિંમતથી સામાં થઇને પોતાનો ડર દુર કરે છે. રામસિંહ, દયાળસિંહ, ખાં સાહેબ અને બીજાં સઘળાંઓ હથીયાર ધારણ કરી તૈયાર થઇ ઉભા હતા, એટલામાં પેલી બંને નૌકાઓ તદન નજીકમાં આવી પહોંચી.

રામસિંહની ટોળી કરતાં તે ડાકુઓની ટોળી દરેક રીતે બળવાન હતી. સંખ્યામાં, સ્થળની સગવડતામાં, હથીયારોની સામગ્રીમાં અને રાતના સમયની અનુકુળતામાં—એમ સર્વે બાબતોમાં તે ચઢીયાતી હતી. તો પણ રામસિંહે બેધડક થઇ હિંમતથી અવાજ કર્યો. " તમે લોક કોણ છો ? "

" તમારા કાળ છીએ. " ઉત્તર આવ્યો. " રતનપાણીના જંગલમાંથી એક સ્ત્રીને પકડી લાવ્યા છો, જો જીવતા રહેવાની આશા હોય તો તેને હમણાંજ છોડી દો."

રામસિંહે તેના જવાબમાં તુરત પીસ્તોલ છોડી. તેના સાથીઓએ પણ તેનું અનુકરણ કર્યું. ધડાધડ અવાજ થવા લાગ્યા. ખાં સાહેબ પણ બંદુક ચલાવવા લાગ્યા. ડાકુઓ પણ બલ્લમ અને પેલા લોખંડી સોટા સાથે ઉતરી પડયા. સમુદ્રમાં ઘોર યુદ્ધ ચાલવા લાગ્યું. બલ્લમ અને સોટાઓના ઝપાટા જ્યારે ડાકુઓ તરફથી થવા માંડ્યા ત્યારે જનંજનથી પછી ન રહેવાયું. તે હાથમાં બલ્લમ લઇને એક છેડાયેલા વાઘની માફક છલાંગ મારીને ડાકુઓની નાવમાં કુદી પડયો. એક કોન્સટેબલ પણ તેની પાછળ કુદયો. જંજને ઘણી જલ્દીથી ત્રણ ડાકુઓને બલ્લમ ભોંકી નીચે પાડી, નાવને સમુદ્રમાં ડુબાડી દીધી. પોતે તરીને પાછો પોતાની નાવ પર ચડી ગયો. જંજનનો સાથી પેલો કોન્સટેબલ તરવાનું કામ જાણતો નહોતો. તેણે એક બે ગોથાં ખાધા પછી મહા મહેનતે તે નાવને પકડી શકયો. બીજી તરફ બંદુક તમન્ચામાંથી ધડાધડ ગોળીઓ વરસી રહી હતી. ધુમાડાથી ચારે દિશાઓ છવાઇ ગઇ.

ગોળીઓના ઝનુની મારા સામે ડાંગધારી ડાકુઓ વધુ વખત ટકી શકયા નહીં. જ્યારે ડાકુઓ સમજ્યા કે પોતાની ડાંગોના ભરોસા પર બંદુક અને પિસ્તોલના મારની પરવાહ ન કરીને શત્રુઓને જીતવા મુશ્કેલ છે, ત્યારે તે જીવ લઇને ભાગી જવા સિવાય બીજું કાંઇ પણ કરી શકયા નહીં.

" ભાગી ગયા સાલા ! " નજુ હાંફતો ઉત્સાહથી બોલી ઉઠયો.

બહાદુરી ભરી ફતેહ મેળવવાથી રામસિંહની છાતી ખુશાલીથી ફૂલી રહી હતી. તે આનંદની ધુનમાં હતો, નજુના ઉપલા શબ્દોએ તેને સચેત કર્યો. તે બોલ્યો:— " કેમ, નજુ ! સઘળા છો તો સલામતને ? "

" હા; સરકાર ! સઘળા સલામત છે. એક કોન્સટેબલનો પગ ભાંગ્યો છે. તે પાણીમાં પડી ગયો હતો, તેથી તેના પેટમાં પણ પાણી ગયું છે, અને પેટ ફુલ્યું છે."

" તે શું પાણીમાં પડી ગયો ?"

" જી, હા; તે ભંજનની પાછળ શત્રુની નાવમાં કુદી પડયો હતો. ભંજને તે સઘળાઓને સીકસ્ત આપીને જ્યારે નાવને ડુબાડી દીધી, ત્યારે ભંજન તો તરીને આવતો રહ્યો, પણ તે કોન્સટેબલ તેમ કરી શકયો નહીં. તેનો પગ ભાંગ્યો અને તે મહા મુશકેલીએ ઉપર ચઢી શકયો.'

" ખેર, જીવતો રહ્યો તેજ ગનીમત છે. હવે ઢીલ ન કરો, જલદી ચાલો, જોર લગાવો અને સઘળાઓ હલેસા મારવા લાગી જાઓ. તે લોકોનો કાંઇ ભરોસો નહીં; પાછા વળી મોટી સંખ્યામાં હુમલો લઇ આવે."

રામસિંહની ઇચ્છા અનુસાર આઠ જણાં હલેસા મારવા લાગ્યા. માંઝીઓ પણ ઉત્સાહમાં આવી દીલોજાનથી પોતાની કુશળતા દેખાડવા લાગ્યા. નાવ વિજળી વેગે ડાયમંડ હારબર તરફ ચાલી.

પ્રકરણ ૧૨ મું.

મરિયમ ઉર્ફે માહિનીની મુખ જબાની.

પૂર્વની પાંખમાંથી સુર્ય હજુ બહાર નીકળ્યો નહોતો, અર્થાત પોહ ફાટવાને હજુ થોડી વાર હતી, તે સમયે રામસિંહવાળી નાવ ડાયમંડ હારબરમાં સલામતી સાથે આવી પહોંચી. કિનારાપર ઉતરતાંજ તેણે એક માણસને પાસેના થાણાપર મોકલીને ત્યાંના હેડ કોન્સટેબલને પોલીસ પાર્ટી સાથે હાજર થવાનું કહેવરાવ્યું. કારણ કે રામસિંહના મનમાંથી ડાકુઓનો ડર હજુ દુર થયો નહોતો. તેણે વિચાર્યું કે કદાચ હજુપણ તે લોકો સામટા ચડી આવીને રમખાણ મચાવે.

થાણામાં ખબર મળતાંજ દારોગા સાહેબ રામસિંહની સ્વાગતા કરવા માટે તૈયાર થઇ, બીજાઓને પોતાની સાથે લઇ ડાયમંડ હારબર પર આવી હાજર થયા. આ વખતે સુર્યે જગતને પ્રકાશિત બનાવી દીધું હતું, અર્થાત સવાર પડી ચુકયું હતું. દારોગાના પહોંચવા સાથેજ સઘળાઓએ મરિયમને ઘેરી લઇને થાણામાં પહોંચાડી દીધી. ડાયમંડ હારબરથી થાણા તરફ જતી વખતે ભંજન અને નજુમુલ્લાના નામ લખી લેવામાં આવ્યા અને માંઝીને ખાત્રી આપવામાં આવી કે, સારા ઇનામની સાથે તમારા રૂપીયા જલદીથી પહોંચતા કરવામાં આવશે.

થાણાપર પહોંચીને રામસિંહે બરદાર બગાનવાળી ઘટનાને લગતો સઘળો હેવાલ ડાયરીમાં લખ્યો અને દારોગાને તે સ્થળની તપાસ કરવા માટે સુચના આપી. તે પછી ત્યાંથી હાથકડી લઇને મરિયમને પહેરાવી અને પોતે તથા દયાળસિંહ મરિયમને પહેરેજ કરીને સ્ટેશન તરફ ચાલ્યા. ખાંસાહેબ પણ પોતાની સાથેના કોન્સટેબલો સાથે પોતાના મથક પર રવાના થયા.

રામસિંહ સ્ટેશન પર આવ્યો તે વખતે કલકતા ઉપડવાવાળી ટ્રેન તૈયાર હતી. રામસિંહ તથા દયાળસિંહ મરિયમની સાથે ટ્રેનમાં બેઠા. રામસિંહના માનમાં થાણાના ઘણાક પોલીસો સ્ટેશન સુધી આવ્યા હતા. જ્યાં સુધી ગાડી ઉભી હતી ત્યાં સુધી રામસિંહ સાથે વાતો કરતા ઉભા રહ્યા હતા. છેવટે ટ્રેન ઉપડી અને પેલાઓ પણ થાણા તરફ પાછા ફર્યા.

બપોર વખતે ટ્રેન કલકતા પહોંચી. રામસિંહ, મરિયમ અને દયાળસિંહ એમ અનુક્રમે ત્રણે ટ્રેનમાંથી ઉતર્યાં અને ઘોડાગાડી પર સવાર થઇને થાણામાં પહોંચ્યા.

ભુખ, તરસ અને ઉજાગરાના લીધે રામસિંહનો ચહેરો કુમળાઇ ગયો હતો ખરો, પણ મરિયમને કેદીણી તરીકે પકડી લાવવાની ખુશાલીમાં—એ સઘળો થાક છતાં—તેનું હૃદય ઉછળતું હતું. તેણે મરિયમને હવાલતમાં બંધ કરાવી અને પોતે પોતાના મકાનપર ગયો.

રામસિંહે સાંજને વખતે પોતાના વડાની મુલાકાત લીધી અને તેમની પાસે અથથી ઇતિ સુધીનો સઘળો હેવાલ કહી સંભળાવ્યો. સાહેબે રામસિંહની ઘણીજ તારીફ કરીને શાબાશી આપી. તે પછી કેટલીક વાતો થયા પછી સાહેબે પુછ્યું.

"જે સ્ત્રીને તમે પકડી લાવ્યા તેની પાસેથી કોઇપણ વાતનો પતો મેળવી શક્યા છો?"

"હમણાં સુધી તો તેણીને કાંઇપણ પુછવામાં આવ્યું નથી" રામસિંહે કહ્યું. "પરંતુ એટલું તો હવે સ્પષ્ટ થઇ ચુક્યું છે કે તેણી ડાકુઓના મંડળ માંહેનીજ છે. મને ઉમેદ છે કે પ્રથમના ખુન કેસનો પતો પણ તેની દ્વારાજ મળશે. જો કે તેણી જબરી બાંગડ છે, તેની પાસેથી કોઇ વાત કઢાવી લેવી સહેલ નથી."

"મારે કાંઇ તમોને વધુ કહેવા સમજાવવાની જરૂર નથી. જે તમોને યોગ્ય લાગે તેમ કરો. હું માત્ર એટલું કહું છું કે, આ કેસનો ભેદ જો ખુલી જશે, તો તમારૂં નામ અને કામ ખુબ પ્રસિદ્ધતાને પામશે." સાહેબે કહ્યું.

"આપ મહેરબાની કરીને એટલો બંદોબસ્ત કરાવી આપો કે જેથી બરદાન બાગાન વાળા ડાકુઓનો કાંઇક પતો લાગે."

"સારૂં, હું તેનો બંદોબસ્ત હમણાંજ કરી આપું છું."

"હું ધારૂં છું કે, જો તે લોકોમાંથી બે ત્રણ માણસો પકડાઇ જાય, તો આ પેચીલા મામલાનો ભેદ ખુલી જઇ શકે."

"બેશક, તેમાં કાંઇ સંદેહ નથી."

"મને ખાત્રી છે કે, ત્યાં જેટલી ગોળીઓ છોડવામાં આવી, તે સઘળીજ વ્યર્થ નહીં ગઇ હોય. બે ત્રણ સખશો જરૂર ઝખમી થયા હશે. જરા ચાલાકીથી અને ઉતાવળથી તપાસ કરાવવામાં આવે તો તેવા ઝખમી માણસો સહેલાઇથી પકડાઇ જશે, અને તેના પકડાવા પછી બીજા બદમાશો પણ ધીમે ધીમે કાબુમાં આવી જશે."

"હું આ કામમાં કાળજી ભર્યું ધ્યાન આપીશ અને તેને માટે ઉંચા પ્રકારનો બંદોબસ્ત કરીશ."

" આજેજ એક ચાલાક ડિટેક્ટીવને ડાયમંડ હારબર તરફ રવાના કરવાથી ઘણું કામ નીકળી આવશે." રામસિંહે કહ્યું. " તે ત્યાં જઇને ત્યાંની પોલીસની મદદ સાથે બાર દાર બાગાનમાં જઇને શોધખોળ અને ધડપકડ ચલાવે એમ હું ઇચ્છું છું. બાકી સાધારણ પોલીસને એ કામ સોંપવાથી કાંઇ વળશે નહીં."

" તમારા આ મુકદમામાં તમારા કહેવા પ્રમાણેજ સઘળું કામ થશે. આજેજ હું એક હુશીયાર માણસને તે તરફ મોકલું છું."

આ સિવાય સાહેબ અને રામસિંહ વચ્ચે બીજી ઘણીક વાતો થઇ, તે પછી સાહેબ પાસેથી રજા ચાહી રામસિંહ થાણામાં આવ્યો.

સાંજ પછી થોડીવારે હવાલાતમાંથી મરીયમને ઓફીસવાળી બેઠકમાં બોલાવવામાં આવી. રામસિંહ તેણીની પાસે બેઠા; તેણે મરીયમને પુછ્યું. " મરીયમ ! હું ધારૂં છું કે, તું તારી સ્થિતિને હવે બરાબર સમજે છે. માટે મારા સવાલોના ઉત્તર દઇને તારે તારી આ સ્થિતિ બદલવી જોઇએ."

મરિયમે મંદ હાસ્યથી કહ્યું. " સ્થિતિને બદલવી એટલે દેહને બદલી નાખવી, એમ તમો કહો છો ન ? "

" સાંભળ મરિયમ ! તું મારી વાત પર વિશ્વાસ કર. જો તું સઘળી વાતો મને કહી દે, સઘળો પતો બતાવી દે, તો અમે તને તાજ તરફની સાક્ષી બનાવીને ગુન્હામાંથી મુક્ત રાખીશું."

" માફ કરો સાહેબ !' મરિયમે દ્રઢતાથી કહ્યું.

" કેમ ? " રામસિંહે પુછ્યું.

" વનમાં સ્વતંત્રતાથી વિહાર કરનારા પક્ષીને પકડી—તેના ભાઇઓથી વિખુટું પાડી તેને પછી ભલે સોનાના પિંજરામાં રાખો ! છતાં તેને તેમાં ચેન પડે કે ? "

" મરીયમ ! હું પ્રથમથીજ જોઉં છું કે, તારામાં બુદ્ધિ છે—જ્ઞાન છે."

" એ તમારો ભ્રમ છે. જ્ઞાન હોય તો વળી કોઇ ડાકુઓના દળમાં મળી શકે કે ? "

" હા, એ તારૂં કહેવું ઠીક છે, પણ સઘળા લોકો કાંઇ સઘળી વાતો જાણતા નથી. તું પરલોક અને ધર્મને સારી પેઠે જાણે છે."

" હા, જાણું છું અને તેટલા માટેજ ડાકુઓના મંડળમાં રહું છું."

" તે વાત છોડી દે; હું જે કહું છું તે સાંભળ.'

" કહો, શું કહો છો ? "

" આજ દીવસ સુધી તેં જે કાંઇ કર્યું, તેને માટે ન કર્યું તો હવે થનાર નથી; એટલે તેને ટાળવાનો કોઇ ઉપાય નથી. હા, એક ઉપાય છે કે સઘળા ડાકુઓનો પતો બતાવી દે, કે જેથી તારા સઘળા પાપ ધોવાઇ જાય. વળી આ વાતની પણ તારે ખાત્રી રાખવી કે, તને કોઇ જાતની ઇજા કે સજા થશે નહીં."

" હું મારા અપરાધો કહીશ—મારી ઓળખાણ આપીશ પરંતુ બીજા ડાકુઓના સંબંધમાં એક શબ્દ પણ બોલીશ નહીં.

" કેમ ? "

" વિશ્વાસઘાતનું પાપ લાગે.

" ડાકુ લોકો પોતેજ મહા પાતકી હોય છે. તેને પકડાવી દેવામાં પાપ નહીં, પણ પૂણ્ય છે."

" ચોર હો યા ડાકુ—સઘળા મનુષ્યો છે. જો હું વિશ્વાસઘાત કરીને તેઓને પકડાવી દઉં તો તેની સાથે હું પણ પાપની ભાગીણી થાઉં. કુદરતનું કામ કુદરત કરશે. કુદરતને તેઓનું પકડાવું મંજુર હશે, તો તે મારા ના કહેવાથી કાંઇ ટળનાર નથી. છતાં હું સમજું છું કે તેઓ જલદીથી પકડાઇ જશે. આટલું તમોને સ્પષ્ટ કહું છું કે, તેમના સંબંધમાં મને કાંઇ ન પુછશો. હું કાંઇ પણ બતાવીશ નહીં."

રામસિંહ વિચારમાં પડયો કે, તેણીની ઇચ્છા વિરૂદ્ધ કાંઇ પણ પુછપરછ કરવી સારી નથી. હમણાં તેણી પોતાની મરજીથી જે કાંઇ કહે તે સાંભળી લેવું. રામસિંહે કહ્યું. " સારૂં, તારી ઇચ્છામાં આવે તે કહે, પરંતુ યાદ રાખજે, જુઠું ન બોલતી ! "

" જુઠું શું કામ બોલું ? જો જુઠુંજ બોલવું હતે, તો ડાકુઓના સંબંધમાં ગમે તેવી ગપો ઉપજાવીને કહી આપત."

" તારૂં નામ શું ખરેખર મરિયમજ છે ?"

" હા, મારૂં નામ મરિયમ પણ છે અને મોહિની પણ છે.'

" તું કઇ જાતિની છે ? "

" ડાકુઓમાં જાત ભાત નથી રહેતી, સઘળાની જાત એકજ અને સઘળાનો ધંધો લુંટવાનો. હા, જ્યારે તેઓ પોતાના વતનમાં જાય છે ત્યારે પોત પોતાની ન્યાતોમાં મળી જઇને જુદી જુદી જાતિના થઇ જાવ છે."

" તારા પિતાનું નામ શું છે ? "

" મેં મારા પિતાને જોયો પણ નથી.

" તું કયાંની રહેવાસી છો ? "

" તે પણ હું નથી જાણુતી. "

" તને કોણે પાળી પોષી ? "

" ડાકુઓએ."

" તો શું તેને મ્હોડેથી તેં તારી જન્મ કથા નથી સાંભળી ? "

" હા, સાંભળી છે. હોક સાહેબે મારા પિતાને ફાંસીએ લટકાવી દીધો—મારી મા તેના વિયોગમાં આપઘાત કરીને મરી ગઇ, તે વખતે હું ફક્ત ૭ વર્ષની હતી. મારા પિતાના શાગરીદ મહનલાલે મારી પરવરીશ કરી. "

" તારા પિતાનું નામ ? "

"સાંભળ્યું છે તે તેનું નામ ચમ્પુ હતુ."

"ઓહ !" રામસિંહે અજાયબીનો પ્રકાર કર્યો. "હે ! તું જાણીતા અને વિજયી લુટારા ચમ્પુની બેટી છો ? તેથીજ તારા આવા પરાક્રમ છે ! તારા લગ્ન થયા છે ?"

"નહીં."

"કેમ ?"

"લગ્ન કરે કોણ ? ડાકુની દીકરીને કોણ પરણે ?"

"કેમ, કોઇ ડાકુજ. તારી ખુબસુરતી ઓછી નથી."

"હા, એ સઘળું છે, પણ હૃદય નથી."

"કેમ ? શું તું કોઇને તારૂં હૃદય સોંપી ચુકી છે ?"

"જો કે હૃદય સોંપ્યું નથી, પણ કોશીશ કરી હતી."

"તો તેની સાથે લગ્ન કેમ ન કરી લીધા ?"

"તે બ્રાહ્મણ–હું ડાકુની દીકરી, વળી જાત પણ જુદી, તે મને કેમ કબુલે ?"

"તેનું મકાન ક્યાં છે ?"

"ભાટપાડામાં ?"

"ભાટપાડામાં કોણ ?"

"તે જાણીને આપ શું કરશો ? તે એક બ્રાહ્મણ છે. હું એક દીવસે કાંઇ કામને માટે ભાટપાડામાં ગઇ હતી, એ વાતને ઘણાં દીવસ થઇ ગયા છે ત્યાં તેને જોયો. તેની પાસેથી શાસ્ત્રની વાતો સાંભળી, અને તેના પર આજ કુરબાન થઇ ચુકી. ત્યાર પછી હું લખતાં વાંચતા શીખી અને શાસ્ત્રોની ગુઢ વાતો પર તર્ક વિતર્ક કરવા લાગી, પણ તેને મેળવી શકી નહીં, અને હવે મેળવવાની આશા પણ રહી નથી, કારણ કે તે હવે આ દુનિયાપર રહ્યો નથી."

"કેમ ! તેને શું થયું હતું ?"

"નહી તે હું નહી કહું."

"તું પહેલેથીજ કબુલ કરી ચુકી છો કે, તારા પોતાને લગતી કોઇ વાત છુપાવીશ નહી, તો પછી હવે આમ કેમ ?"

'સારૂ તો સાંભળો. જે વાત સાંભળવાની છે, જે વાતનો ભેદ જાણવાને માટે તમે મેમનસિંગના પેલા ભયાનક જંગલમાં ગયા હતા, તે વાત સાથે મારી આ વાતને તદન નજીકનો સંબંધ છે."

રામસિંહ મરિયમના ચહેરા તરફ ટીકી ટીકીને જોવા લાગ્યો, પછી જરા નજીક આવીને બોલ્યો. "ઠીક કહે તો."

"હું પેલા બ્રાહ્મણ કુમારનું રૂપ અને ગુણ જોઇને અંતઃકરણથી મોહી પડી હતી." મરીયમ ઉર્ફે મોહિનીએ ચલાવ્યું, "પણ હું એટલું જાણતી હતી કે તે મને મળશે નહીં. છતાં પણ તેને હું હૃદયમાંથી દુર તો કરી શકી નહીં. પછી મેં નિશ્ચય કર્યો કે, તે મળે

થા ન મળે, તે મારો સદાનો પતિ થઇ ચુકયો છે. હું તન મનથી તેના ધ્યાનમાં રહેતી હતી. પણ તે મારૂં આ પ્રકારનું મન જોઇ શકયો નહી."

" તેની સાથે ફરીથી કયારેય પણ તારે મુલાકાત થઇ હતી ?"

" હા, ઘણી વખત."

" તારા મનનો ભાવ તેં કયારે પણ તેની પાસે પ્રગટ કર્યો હતો ?"

" નહિં."

" કેમ ?"

" હું જાણુતી હતી કે, તે મારા જેવી અભાગણીને નહીં પરણે, પતિ તરીકે મને નહીં રાખી શકે, પછી શું કામ કહું ?"

" તો પછી તેની સાથે મેળ મેળાપ રાખવાનું શું કારણ ?"

" શું મારે સઘળી વાતો કહેવી પડશે ?"

" જ્યારે તેં આટલું કહી સંભળાવ્યું, ત્યારે વધુ સાંભળવાની ઇચ્છા કેમ ન થાય ?"

" હું તેને જોયા સિવાય આનંદમાં રહી શકતી નહોતી, મારૂં મન તેને જોવા માટે ઇચ્છ્યા કરતું હતું, તેને હું હૃદયથી પ્રેમ કરતી હતી, એટલેજ તેની પાસે દોડીને જતી હતી."

" તે તો શાસ્ત્રી પંડિત હતો, તે તારી સાથે આવી રીતે કેમ મળતો હળતો રહેતો હતો ?"

" તેની સ્થિતિ ઘણી ગરીબ હતી, વળી ચાલચલગત પણ બહુ સારી નહોતી."

" તો પછી તારી ઇચ્છા પુર્યું કેમ ન થઇ ?"

" હું ભલે ડાકુની દીકરી છું, છતાં પતિત્વની મર્યાદા પણ સમજું છું. મેં તેને વિષય ભોગની હવસી નજરથી કદી પણ નહોતો જોયો, પ્રેમની પ્યારી નજરથીજ જોતી હતી. વિધિસર લગ્ન થયા સિવાય તે મારો પતિ-સ્વામી ન થઇ શકે."

" ખરેખર, તું હિન્દની એક બુદ્ધિમાન રમણી છો, સારૂં પછી ?"

" પછી શું ?"

" તેની સાથે બીજી શું શું વાતો થયેલી તે કહે. વળી તેં કહ્યું કે તારી એ વાતો સાથે મેમનસિંગવાળા મામલાને ઘણો નિકટ સબંધ છે, તો તે સઘળું હું સાંભળવા માગું છું."

" મેં તમોને પ્રથમથીજ કહી દીધું છે કે, તે બ્રાહ્મણ કુમારની સ્થિતિ ઘણી ગરીબ હતી. પરંતુ મેં આપને હજુ એ નથી કહ્યું કે તેનું મકાન ભાટપાડામાં નથી, તે ત્યાં પછીથી જઇ રહ્યો હતો."

" પરંતુ તેં એ વાત નથી કરી કે, તે ભાટપાડામાં કેમ રહેતો હતો ?"

" તેની ઉમર જ્યારે દસ વર્ષની હતી, ત્યારથી તે ભાટપાડામાં હતો-ત્યાંની પાઠશાળામાં ભણુતો હતો."

" તેનું મુળ વતન કયાં છે ?"

"બરાબર તો ખબર નથી, તેમ જાણવાની કોઇ ખાસ જરૂર પણ નહોતી પડી. હા, એટલી વાત સાંભળેલી છે કે, મીથીલાના કોઇ ગામનો તે રહેવાસી હતો."

"ત્યારે તો તે મૈથીલી બ્રાહ્મણ હતો ?"

"હા,"

"ત્યાં તેના મા બાપ પણ હતાં કે ?"

"નહીં, તે તેના બચપણમાંજ મરણ પામ્યા હતા. તેની સ્થિતિ ઘણી કંગાળ હતી; પણ હું તેને કદી એક સાથે ઘણું ધન આપતી નહોતી. થોડું થોડું કરીને આપતી હતી, જેથી તેને વખતો વખત જોવાનો મને પ્રસંગ મળ્યા કરે."

"આ પ્રમાણે કેટલી મુદત ચાલ્યું ?"

"આશરે પાંચ વર્ષ સુધી."

"તે જાણતો હતો કે તું ડાકુની દીકરી છે ?"

"હા, બે ત્રણ વર્ષના પરિચય પછી તે જાણી શકયો હતો, વળી હું તેને દીલથી ચાહું છું, તે પણ તે જાણી ચુકયો હતો અને તે જાણવાનુંજ આ પરિણામ આવ્યું. જો તે એ સઘળી વાતો ન જાણત, તો આજે આ ખરાબીનો દીવસ ન આવત."

"કેમ ! શું થયું ?"

"આજે હવે હું કાંઇ કહી શકતી નથી. કાલે વાત. છાતી જાણે ફાટી જાય છે, શરીરના જાણે ટુકડે ટુકડા થઇ જાય છે, હવે જરા આરામ કરીશ."

રામસિંહે આગ્રહ ન કર્યો. મરિયમની વાત સ્વીકારી લીધી. કારણ કે, તે જાણતો હતો કે આવા પ્રસંગે અપરાધીના મતમાં મત મેળવવાથીજ આપણું કામ કાઢી લઇ શકાય છે.

પ્રકરણ ૧૩ મું.

મરિયમ ઉર્ફે મોહિનીની મુખ જબાની (ચાલુ.)

બીજે દીવસે સવારે મરિયમ ઉર્ફે મોહિનીને પાછી હાજર કરવામાં આવી. રામસિંહે કહ્યું. "કાલે જે વાત અધુરી છોડી હતી, તેને આજે પુરી કર. વારૂ પછી શું થયું ?"

"કાલે શું કહેતી હતી તે આજે યાદ નથી, મારા મનની સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઇ છે, તે કદાચ તમે પણ જોઇ શકતા હશો."

"કાલે તું બાટાપાડાના મૈથીલી બ્રાહ્મણની વાત કરતી હતી. તેં કહ્યું હતું કે બે ત્રણ વર્ષના પરિચય પછી તે જાણી શક્યો કે તું તેને દીલથી ચાહે છે, જો તે એ વાત જાણવા ન પામત, તો આ આફત આજે ન આવત. કહે તો, એ ભેદી મામલો શું છે?"

"હા, હવે યાદ આવ્યું. તેણે જ્યારે જાણ્યું કે, હું તેને માત્ર મદદ આપનારજ નથી જતી, પણ પ્રેમની નજરથી નિહાળવા લાગી છું, ત્યારે તે મારી સાથે દિન પ્રતિદીન બહાના

બાજી કરવા લાગ્યો, અને જ્યારે તેને હું ડાકુની દીકરી છું એમ ખબર પડી, ત્યારે તો તેણે પોતાની અનેક પ્રકારની ઇચ્છાઓ તૃપ્ત કરવાની ફરમાસો કરવાની હદ ચડાવી દીધી. કોઇપણ જગ્યોએ કોઇ સારી વસ્તુ જોઇ કે તે લાવી આપવાનું દબાણુ મારી પર થવા લાગ્યું, અને તે હું મારા સાથીઓ મારફતે મંગાવીને તેની ઇચ્છા પુર્ણ કરવાની દરેક તજવીજ કરતી."

" તેને લીધે એવી કઇ મુસીબત આવી ? "

" કહું છું. એક વાર તે કાલકા ગયો હતો. ત્યાં કોઇ મોટા માણસને ત્યાં તેનું અપમાન થયું. અપમાન કેમ અને કેવી રીતે થયું, તે બહુ મોટી કહાણી છે; આપ સાંભળીને પણ શું કરશો ? આ રીતે અપમાન થવાથી જ્યારે તે મને મળ્યો ત્યારે મને કહ્યું. " જો, આ રીતે મારૂં અપમાન થયું છે, તેનો બદલો લેવો જોઇએ. જો તું બદલો લઇ શકે તો હું સમજું કે તું મને હૃદયથી ચાહે છે." આટલી વાતથી મારૂં લોહી તપી ઉઠયું, મેં પ્રતિજ્ઞા કરી કે, તે અપમાન કરનાર માણસને તેના અમીરી મિજાજથી જો નીચે ન પટકાવી દઉં, અને ભીખમંગો ન બનાવી દઉં તો હું પ્રેમિની નહીં; મેં તુરત તે કામ હાથમાં લીધું, મારી ટોળી સાથે તે બાબુના મકાન પર હુમલો લઇ ગઇ, તેને તેના મકાનમાંથી બહાર કાઢી મુકયો અને તેની સઘળી દોલત લુટી લીધી. "

" હેં ! આ શું ? આ કેવી વાતો છે ? " રામસિંહ અજબ થઇને બોલી ઉઠયો. " કાલકાના પેલા બાબુને ત્યાં શું તેં લુટ ચલાવી હતી ? તું ખુદ પણ તે કામમાં સામેલ થતી હતી ? "

" તે વખતે પહેલ વહેલીજ ગઇ હતી, ત્યાર પછી પણ ચાર પાંચ જગ્યાએ ધાડ પાડી હતી."

" તારા આ કામથી બ્રાહ્મણ કુમાર ખુશી થયો ? "

" હા, તેને ઘણોજ સંતોષ થયો. તેને તે લુટમાંથી કેટલાક હજાર રૂપીયા પણ મળ્યા."

" તે પછી બીજું શું શું થયું ? તે બ્રાહ્મણ હજુ હૈયાત છે ? "

" નહીં, જે ખુની મામલાની આપ તપાસ કરવા નીકળ્યા હતા, તેજ કંડાખાલના મરનાર બાબુ સાહેબ મારા પ્રેમાધાર-પ્રાણનાથ હતા."

" રામસિંહ ચોંકી ઉઠયો, અને બોલ્યો " સારૂં, પછી ? "

" પછી બીજું કાંઇ નહીં. બીજું કાંઇ નહીં કહું, તેમ પ્રથમથીજ કહી ચુકી છું."

" કારણ ? તેં નહોતું કહ્યું કે મારા પોતાના સંબંધની કોઇ વાત નહીં છુપાવું ? "

" હવે તો કોઇ વાત છુપાવી નથી. સઘળી કહી દીધી અને તે પણ સાચે સાચી."

" હજુ કહેવાની ઘણી વાતો છે."

" જે બાકી હોય તે પુછો."

" તારો પ્રેમાધાર બ્રાહ્મણ તો અમીરી ઠાઠથી રહેતો હતો, તું કહે છે કે, તે ગરીબ હતો."

" તે અમીરી ઠાઠથી રહી શકતો, તેનું કારણ હું તેને નાણા આપતી હતી. કાલકાવાળી લુંટમાં જે કાંઇ નાણું મળ્યું તે સઘળું ડાકુઓની સમંતીથી મને આપવામાં આવ્યું. આ નાણું લુગભગ પચાસ હજાર સુધીનું હતું. આ નાણા ઉપરજ તેનો અમીરી ઠાઠ રચાયો હતો."

" તેને કેંડાખાલના જંગલમાં એટલે દુર રહેવાનું શું કારણ હતું ? એટલા રૂપીયાથી તો કલકતામાં એક સારૂં જેવું મકાન લઇને રહી શકાત."

" ત્યાં તેને તેનું મોતજ ખેંચી ગયું ! સાંભળો, તે તો હવે આ દુનિયા પર નથી કે તેનું કાંઇ નુકશાન થાય, એટલે તેને લગતી વાત કહેવામાં મને વાંધો નથી. તે એક મોટા જમીનદારને ત્યાં દ્વાર પંડિત એટલે કુટુમ્બીક ઉપદેશક તરીકે રહ્યો હતો. મારા તરફની મદદને લીધે તેને પૈસાની કાંઇ કમી નહોતી, તો પણ કોઇ રાજા જમીનદારને ત્યાં નોકરી રહી જવા માટે મેંજ તેને સલાહ આપી હતી."

" એવી સલાહ આપવાનું કારણ શું ? "

" આ પ્રકારની સલાહ, તેની સામેના સંભવિત આફતોમાંથી તેને બચાવવા ખાતર મેં આપી હતી. કોઇ માણસ કોઇ પણ પ્રકારની જમીનદારી કે ધંધા રોજગારના સાધન વગર અમીરી ભભકાથી રહેવા લાગે તો લોકો તેની તરફ શકની દ્રષ્ટિથી જોયા વગર રહે નહીં. પોલીસ પણ તેની પર નજર રાખીને તે સંબંધમાં તહેકીક કરે."

" સારૂ પછી ? "

" જે જમીનદારને ત્યાં તે કુટુમ્બીક ઉપદેશક તરીકે રહ્યો હતો, તે જમીનદારના દીકરાનો એક બ્રાહ્મણ સંગીત શિક્ષક હતો. આ બ્રાહ્મણ રૂપ અને ગુણમાં કામદેવ જેવો હતો. ગાવા બજાવવામાં તે ઉંચા પ્રકારની કુશળતા ધરાવતો હતો. આ બ્રાહ્મણની સ્રી અત્યંત રૂપવંતી હતી. તેના જોબનની બહાર ખીલતી આવતી હતી. પોતાના ધણીના સમાગમ અને શિક્ષણ વડે તે પણ સંગીત કળામાં કુશળ થઇ હતી. ખાસ કરીને બંસી બજાવવામાં તેની જોડી મળવી મુશકેલ છે."

આ વાત સાંભળતાં રામસિંહને પેલા જંગલની યાદ આવી, બંસીવાળી રમણી સાંભરી અને તેનું હ્રદય નાચી ઉઠયું. તેણે સહેજ ગભરાટ સાથે કહ્યું. " સારૂ પછી ? "

" આ સુંદરી પર બ્રાહ્મણ કુમારની નજર પડી, અને તેણીપર આશક પડયો. તેને હાથમાં લેવાને માટે તેણે તે પછી ઘણાં રૂપીયા બરબાદ કર્યા, તેને લલચાવવા માટે એક કુટની પણ મુકરર કરી; પરંતુ તે તેના પ્રયત્નો નિષ્ફળ ઉતર્યા. સતી પોતાના અડગ સતીત્વથી એક ડગલુ પણ પાછી ન હઠી. તેણીએ પહેલીજ વખતે એ કંગાળની પાપી માગણીને તુચ્છકારી અને ધિક્કારી કાઢી"

" છેવટે પછી શું થયું ? "

" છેવટે તે એક બાળકની પેઠે મારા પગ પર પડીને રડવા લાગ્યો અને કહ્યું કે, જો એ સુંદરી મને નહીં મેળવી આપ, તો હું આપઘાત કરીશ."

" ત્યારે તેં પછી શું કર્યું ? "

" મેં તેને એ વિચાર પરથી હાથ ઉઠાવવા અને એક સતી સ્ત્રીનું સતીત્વ તોડવાનો રાક્ષસી લોભ તજી દેવા માટે ઘણો ઘણો સમજાવ્યો, પરંતુ તેણે મારી એક પણ વાતને ધ્યાનમાં ન ઉતારી. જ્યારે તેણે જોયું કે હું તેને આ કામમાં મદદ નથી કરતી, ત્યારે તે બહુ દુઃખી અને ચિન્તાતુર રહેવા લાગ્યો, તેનું શરીર નાતવાન થતું ચાલ્યું અને એકંદરે તેના તન અને મનની સ્થિતિ ઘણી ખરાબ થતી ચાલી. તેની આવી સ્થિતિ હું મારી આંખોથી જોઇ શકી નહીં, તેથી મેં તેને ધીરજ આપી અને આ વાત મારા સાથીઓને જણાવી. પ્રથમ તો તેઓએ આનાકાની દેખાડી. કારણ કે ડાકુઓ ગમે તેવા પાપી છતાં કોઇપણ સ્ત્રીના સતીત્વનો નાશ કરતા નથી."

" ત્યારે તેઓ પછી તારા આગ્રહથીજ તે કામ કરવાને તૈયાર થયા કે ? "

" હા, એક દીવસે અંધારી રાત્રે હું તે બ્રાહ્મણના ઘર પર મારા સાથીઓ સાથે હુમલો લઇ ગઇ અને તેની જીંદગીની જ્યોત સમાન તે સુંદરીનું હરણ કરી લાવી. હાય! તે મહાપાપને લીધેજ મારા એ પ્રેમીનું ખુન થયું, મારી પણ દુર્દશા થઇ અને મારા સાથીઓની પણ થશે"

" પણ તે સ્ત્રીને તમે જંગલમાં કેમ લઇ ગયા ? કલકતામાં શું કામ ન રાખી ? "

" કલકત્તામાં પકડાઇ જવાનો ભય રહે, તેથી જંગલમા રાખવાનું યોગ્ય ધાર્યું."

" તે સ્ત્રી પછી બ્રાહ્મણ કુમાર ઉપર પ્રસન્ન થઇ ? "

" નહીં, પ્રસન્ન થઇ હોત, તો પછી આટલો બખેડો શાનો થાત ? "

" બ્રાહ્મણ કુમાર તારો પ્રેમાધાર હતો, તો પછી તું તેને માટે આવી ગોઠવણો કેમ કરતી હતી ? "

" તે મારો દેવતા હતો, તેની સેવાજ મારો ધર્મ હતો. જેનાથી તે ખુશ રહે, તે કરવાની મારી ફરજ હતી."

" તેનું ખુન કોણે કર્યું ? "

" તે હું જાણી ન શકી. જો જાણવામાં આવત, તો તે ખુન કરનારને તેના બાલ બચ્ચાં સહીત મરાવી નાખત."

" સારૂં, જે દીવસે પેલા જંગલમાં તારી સાથે મારી પહેલી મુલાકાત થઇ, તેજ દીવસે રાત્રે તમે લોકોએ તમારૂં રહેઠાણ ફેરવી નાખ્યું ? "

" હા, તેજ દીવસે. નહીં તો આટલા દીવસ શું હું સ્વતંત્ર રહી શકત ખરી ? "

" પેલી રમણી ક્યાં છે ? "

" તે હું નહીં કહું."

" હવે તેણીને તેના પતિ પાસે મોકલી આપવામાં વાંધો શું છે ? જેને માટે તેનું હરણ કરવામાં આવ્યું તે તો હવે આ જગતમાં રહ્યો નથી"

" તેણીએ અમારૂં ઠેકાણું જાણી લીધું છે. હવે તેને છોડી શકાય નહીં."

"પેલા જમીનદાર અને તેના સંગીત શિક્ષકના નામ શું છે ?"

"તે હું નહીં બતાવું."

"કારણ ?"

"હું પ્રથમથીજ કહી ચુકી છું કે, જે વાત મારા સંબંધમાં પુછશો તેજ બતાવીશ, બીજાઓની નહીં"

.. "શક્તિપુરના થાણાની પાસે બડુઆ ગામમાં તમે લોકોએજ ધાડ પાડી હતી ?"

"હા, બ્રાહ્મણ કુમારના ગાર્યા જવા પછી અમે લોકો સ્થળ બદલવા માગતા હતા, પરંતુ પાસે પૈસા નહોતા તેથી ધાડ પાડી.".

"પેલા સ્ત્રીને લાકડાના મકાનમાં કેદ રાખીને તેની પર પહેરગીર તરીકે જે પહેલવાનો હતો, તે પણ શું ડાકુજ હતા ?"

"ડાકુઓ સિવાય ડાકુઓની જમાતમાં બીજા કોઇનો દાળ ગળતી નથી. ડાકુઓના સઘળાં કામ ડાકુઓજ કરે છે. પાલખી લઇ જવી હોય તો પણ ડાકુજ કામ આવે છે."

આટલી વાતો થઇ, પણ મુળ વાત તો છુપીજ રહી. પેલો જમીનદાર કોણ અને કયાંનો હતો, પેલો સંગીત શાસ્ત્રી બ્રાહ્મણ કોણ હતો ? એ સઘળી વાતોનો પતો લાગ્યા સિવાય આ કેસમાં આગળ વધવાનું મુશ્કેલ હતું. મરિયમ એવા સ્વભાવની સ્ત્રી હતી કે, તેની પાસેથી તેની ગરજી વિરૂદ્ધ કોઇ વાત કઢાવવી એ નકામું હતું. આવા વિચારો કરીને રામસિંહે મરિયમને પાછી હવાલાતમાં બંધ કરાવી અને પોતે નવી તજવીજો શોધવા લાગ્યો.

પ્રકરણ ૧૪ મું.

બે ઝખમી ડાકુઓ.

એક અઠવાડીયું વિતી ગયું. રામસિંહ મરિયમ પાસે હમેશા જતો અને નહાના પ્રકારની મીઠી મીઠી વાતોથી તેને કાબુમાં લેવાના પ્રયત્નો કરતો, પરંતુ મરિયમ અડગ અને દૃઢ હતી. તેણીએ જે વાતો કહેવાને પ્રથમથીજ ઇનકાર કર્યો હતો, તે વાતોને છેવટ સુધી જીભ ઉપર લાવી નહીં. રામસિંહે ઘણાં ઘણાં પ્રયાસો કર્યા; સઘળા વ્યર્થ ગયા. તેણે જેમ મીઠી વાતોથી મરિયમને મનાવી જોઇ, તેમ ધાક ધમકીથીપણ વાતો કઢાવવાની કોશીશ કરી, પણ મરિયમ પોતાની દૃઢતા પરથી એક ડગલું પણ પાછળ ન હઠી.

થાણાનાં ઓફીસ રૂમમાં બેસીને રામસિંહ વિચાર કરે છે કે, 'શું આટલી મહેનત બરબાદ થશે ? સઘળા ઉપાયો અજમાવી ચુકયો, પણ કાંઇ ફળ આવ્યું નહીં. તેણી જાણે છે પરંતુ કોઇનું નામ કે ગામ બતાવતી નથી. તે સઘળું જાણ્યા સિવાય આગળ કેમ વધી શકાય ? એ ચપરખંધી મીઠી વાતોથી પણ વશ આવતી નથી, તેમ ધમકીથી પણ ડરતી નથી. હવે શું કરવું ?'

રામસિંહ આવી રીતે વિચાર વમળમાં ગોથા ખાતો હતો, તેટલામાં ટપાલી આવ્યો અને તેણે ઘણાંક કાગળો ટેબલપર મુકયા. રામસિંહ એક પછી એક સઘળા કાગળો ફોડીને

વાંચી ગયો. છેલ્લો કાગળ વાચતા તેના ચ્હેરા પર કાંઇક આનંદના ચિન્હો પ્રગટી નીકળ્યા. આ કાગળ ડાયમંડ હારબરથી છુપી પોલીસના એક ઇન્સપેક્ટરે લખ્યો હતો. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"વ્હાલા રામસિંહ !

વડા સાહેબના હુકમથી હું અહીંયા આવ્યો છું. બે અપરાધીઓ પકડાયા છે, બીજા પણ પકડાઇ જવાની ઉમેદ છે. પકડાયેલા બંને સખ્સોના હાથ તમારી પીસ્તોલની ગોળીઓથી નકામા થઇ ગયા છે. તેઓને કલકતાની કમ્બેલ હોસ્પીટલમાં મોકલી દીધા છે. ડાકટરના અભીપ્રાય મુજબ બંનેના હાથ કાપી નાખવામાં આવશે. જો તમારે કાંઇ પુછ પરછ કરવી હોયતો કમ્બેલ હોસ્પીટલમાં જઇને તેઓને મળશો. હું કામની વારફેરમાં રોકાયેલો છું."

કાગળ વાંચીને રામસિંહે પોતાનો ડ્રેસ પહેર્યો અને કમ્બેલ હોસ્પીટાલની તરફ જવા ઉપડયો.

હજુ તે બંનેના હાથ કાપવામાં આવ્યા નહોતા—તજવીજ થઇ રહી હતી. રામસિંહ ત્યાં પહોંચ્યો અને પેલાઓને પુછ્યું. " તમે ધારો છો કે તમારો પ્રાણ બચી જશે ? "

" એવો પ્રશ્ન કેમ કરો છો ? " તેમાંથી એકે પુછ્યું.

" તમારી આખી જીંદગી તમોએ બુરા કામોમાં પસાર કરીને અત્યારે મોતની અણી પર મુકાયા છો, તેવે વખતે પણ શું જુઠું બોલશો ? તમારી સ્ત્રી, તમારા બાળકો કોઈ પણ તમારી સાથે નહીં આવે. ધન દોલત પણ સાથે નહીં આવે, એવી સ્થિતિમાં પણ શું જુઠું બોલશો ? "

" નહીં, જુઠું શું કામ બોલીએ ? તમે કોણ છો ? "

" હુ પોલીસનો દારોગા છું. એક વાત તમોને પુછવા માગું છું."

" જે પુછવું હોયતે ટુંકમાં પુછજો. વાત લંબાવવાથી તકલીફ થશે. વધારે બોલાતું પણ નથી. "

" કેમ, શું બહુજ કષ્ટ થાય છે ? "

" હા, હાથ પાકી ગયા છે, આ શરીરમાં ઘણી ગોળીઓ ઘુસી અને નીકળી ગઇ, ઘણાં ઝખમો થયા અને રૂઝાઇ ગયા, પણ આ વખતે તો આ સ્થિતિએ પહોંચ્યા. "

" તમારા એક મહાપાપને લીધે તમારી આ દુર્દશા થઇ છે. "

" કયું પાપ ? "

" અરીયમને પકડી લાવ્યા છીએ, તે જાણો છો ? "

" કેમ ન જાણીએ ? તેણીને છોડાવા આવ્યા, તેથી તો આ દશા થઇ છે. "

" તેણીએ રૂપાળી વાતો કહી આપી છે, સઘળો ભેદ ખોલી દીધો છે."

બંને ડાકુઓએ એક લાંબો નિશ્વાસ ખેંચ્યો, અને કહ્યું. " શું સઘળાઓ પકડાઇ ગયા છે ? "

" પંદર સોળ ગાળુઓ પકડાયા છે, બીજાઓની તલાશમાં પોલીસ ઘુમી રહી છે. સઘળા પાપનો ભડો હવે ફુટી ગયો છે. તમે લોકોએ એક મહાપાપ કર્યું છે, તેને લીધે તમારૂં આ સર્વનાશ થયું છે. "

" તે કયું પાપ છે ? "

" તમે લોકોએ પેલા જમીનદારના સંગીતના ઉસ્તાદની સ્ત્રીને કેદ પકડી છે અને તેને કષ્ટ આપી રહ્યા છો, તે શું મહાપાપ નથી ? તમે સબળ થઇને એક અબળાને કષ્ટ આપો—રીબાવો તો તમારી આવી દશા ન થાય તો બીજી કેવી થાય ? "

બંને ડાકુઓનું હૃદય કંપી ઉઠયું, તેઓની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. એકે કહ્યું. " સરકાર, આપ સાચું કહો છો. તે સ્ત્રીના ફફડતા હૃદયની 'હાય' થીજ અમો આ દશાએ પહોંચ્યા છીએ."

" હજુ પણ તે મહાપાપને ધોઇ નાખવાની કોશીશ કરો, તેણીને છુટકારો અપાવવાની તદબીર કરો—મને બતાવો તે કયાં છે ? તેમાંજ તમારૂં બહેતર છે."

" મા ભવાનીના સોગંદ, હું નથી જાણતો કે હમણાં તે કયાં છે ? મૈમનસિંગના જંગલમાંથી મરિયમ અને જાદુસરદાર તેને લઇને કયાં રાખી આવ્યા તે અમે જાણતા નથી, તેમ અમોએ જાણવાની કોશીશ પણ કરી નહોતી. હા, એટલું જાણતા હતા કે તેણી હવે કોઇ જંગલમાં નહીં, પણ અહીં કલકતામાં છે. કઇ જગ્યાએ છે તે જાણતા નથી."

" તમે તે સ્ત્રીને કયા જમીનદારને ત્યાંથી લઇ આવ્યા હતા ? "

" બધું સાચું કહ્યું ત્યારે હવે જુઠું નહીં બોલીએ. તે રમણીને......રાજમહેલની પાસેના એક નાના મકાનમાંથી લઇ આવ્યાં હતા."

" તમે પણ એ કામમાં સામેલ હતા ? "

" હા, હતા."

" મરિયમની જે બ્રાહ્મણ કુમાર સાથે દોસ્તી હતી તેને તમે જાણતા હતા ? "

" હા, તેણે તો અમારૂં સર્વનાશ કર્યું—આપને તો સઘળી ખબર મળી ગયેલી જણાય છે."

" તેજ તો બાબુ બનીને કેંડાખાલના મેદાનમાં રહેતો હતો અને ત્યાંજ માર્યો ગયો."

" ત્યારે તો મરિયમે સઘળું કહી દીધું છે—તો પછી તેણે પેલી રમણી અને તેના પતિની વાત કેમ ન કહી ? "

" તમે તે રમણીના પતિનું નામ જાણો છો ? "

" નામ નથી જાણતા, તેની સ્ત્રીને ઉપાડી લાવ્યા પછી તેને ત્રણ ચાર વખત જોયો હતો. "

" કયાં જોયો હતો ? "

" કલકતામાં બેવાર, નૈહાટીમાં એક વખત અને મૈમનસિંગમાં પણ એક બે વખત જોયો હતો. "

" મૈમનસિંગમાં કયા સ્થળે જોયો હતો ?"

" સદર બજારમાં."

" ત્યાં તે શું કરતો હતો ? "

" અદાલતની પાસે ટહેલતો હતો."

" શું તે ત્યાં રહેતો હતો ? "

" એટલું જાણવાનો વખત નહોતો."

" પેલા બ્રાહ્મણ કુમારના માર્યા જવા પછી, શું તમે સઘળાઓ ત્યાંથી નીકળી ગયા ?"

" નહીં, કેટલાક નીકળી ગયા અને કેટલાક ત્યાં રહ્યા."

" તે બ્રાહ્મણનું કોણે ખુન કર્યું ? "

" મારી સમજ મુજબ તે રમણીના પતિએ અથવા તો તેના કોઇ માણસે ખુન કર્યું હશે. તે વખતે હું ત્યાં નહોતો, નહીંતો કેટલીક હકીકત જાણવામાં આવત."

" તે બ્રાહ્મણને પેલી રમણીના પતિએ અથવા તેના કોઇ માણસેજ મારી નાખ્યો એમ તમે શા ઉપરથી કહો છો ? "

" એક દીવસે તેના પતિને મૈમનસિંગમાં જોયો હતો, તે ઉપરથી એવો શક ઉત્પન્ન થાય છે. ખરું ખોટું પ્રભુ જાણે."

ડાકુઓના ઝખમમાં સખ્ત પીડા થવા લાગી એટલે વાત અહીંથી અટકી પડી. રામસિંહે છેવટે કહ્યું. " તમે સઘળું સાચેસાચું કહ્યું છે એમ હું વિશ્વાસથી માનું છું. તમોને તકલીફ ન થાય તેવી હું કોશીશ કરીશ. "

એટલામાં ડાકટર સાહેબ આવ્યા, તેણે રામસિંહને કહ્યું. " જ્યાંસુધી તે લોકોના હાથ કાપવામાં નથી આવ્યા, ત્યાં સુધી તેને બહુજ તકલીફ રહેશે. હવે આપને બીજી કોઇ વાત પુછવાની હોયતો પુછી લ્યો "

" હવે એવી કોઇ વાત રહી નથી." કહીને રામસિંહ ત્યાંથી વિદાય થયો.

રામસિંહ થાણામાં આવીને મરિયમની પાસે ગયો, અને કહ્યું. " તારા સઘળા સાથીઓ પકડાઇ ગયા છે. તે દીવસે બે જણા ઝખમી થયા હતા, તે પણ પકડાયા છે. તેના હાથમાં ગોળીઓ પેસી ગયેલી હોવાથી તે કાપી નાખવા પડશે. તે બંનેને કમ્બેલ હોસ્પીટલમાં રાખવામાં આવ્યા છે.

" મેં તો પહેલેથીજ કહ્યું હતું કે, તે સઘળાઓ પકડાઇ જશે, તેમાં મને કાંઇ નવાઇ નથી લાગતી. "

" શું હજુ પણ તું તારા પ્રેમી બ્રાહ્મણ કુમારનું નામ નહીં બતાવે ? તેમજ જેની બીબીનું હરણ કરી લાવી તેનું ઠેકાણું પણ નહીં કહે ?"

" નહિં."

" કારણ ? "

" પહેલેથીજ કહી ચુકી છું કે, ફાંસીએ ચડાવો તો પણ કોઇના નામ કે ગામ નહીં બતાવું !"

" તે સઘળું હું જાણી ચુકયો છું. વીરનગરના જમીનદારને ત્યાંથી તું તે સ્ત્રીને ઉપાડી લાવી હતી."

" તમે જાણો છો, પછી મને કેમ પુછો છો ?"

" એક બાબત હજુ જાણી શકયો નથી. તું સ્ત્રી છે, સ્ત્રીનું હૃદય પીગળી શકે તેમ છો, એટલેજ તને પુછું છું કે, તે પતિ વિરહથી પિડાતી સ્ત્રી કયાં છે, તે બતાવી દે. હું તેણીને તેના પતિ પાસે મોકલી આપું."

" પ્રાણ જાય તો જાય, પણ આપ જે પુછો છો, તે કદી પણ નહીં બતાવું; કારણ કે મેં પ્રથમ કહ્યું છે તેમ તેણે અમારા સ્થળ અને હકીકત જાણી લીધી છે; છુટકારો મળતાંજ અમારો સઘળો ભેદ તે ખુલ્લો કરી નાખે."

" પરંતુ સઘળા ડાકુઓ તો પકડાઇ ચુકયા છે, એકાદ બાકી હશે તો તે પણ પકડાઇ જશે. જેટલા પકડાઇ આવે છે, તેટલાઓ સઘળી વાત ખુલ્લા દીલથી સાચે સાચી પ્રગટ કરી દે છે."

" તે પ્રગટ કરતા હોય તો ભલે કરે, હું નથી કહેવાની"

" જે ઉપાયોથી તેઓ કબુલ કરવામે તૈયાર થયા, તે ઉપાય તારા માટે પણ લેવા પડશે."

" શું મારશો ? તકલીફ દેશો ? હું તે સઘળું સહન કરવાને તૈયાર છું. એક બીજું કારણ છે, જેના લીધે તેનો પતો પ્રાણ જતાં પણ હું બતાવી શકીશ નહીં."

" તેવું તે શું કારણ છે ?"

" તેણી જ્યાં છે, તે એક સારા ગ્રહસ્થનું મકાન છે. આપ લોકો તે ગ્રહસ્થને પણ ડાકુઓમાં સામેલ ગણી કાઢો."

" એ કાંઇ એટલું અગત્યનું નથી, તેવો વિચાર કરવામાં તું ભુલે છે."

" અગત્યનું ન હોવા છતાં, સાધારણ રીતે એમજ થયા કરે છે."

" તો શું તું નહીં બતાવે ?"

" જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી નહીં."

" અમે તને બેહદ તકલીફ આપશું, તને તડકામાં બેસાડશું અને મરચાની ધુવાડી દઇશું."

" તમારી મરજીમાં આવે તેમ કરો, હું સઘળું સહન કરવાને તૈયાર છું."

રામસિંહ હવે શું કરે ? કોઇ પણ પ્રયત્ન સફળ થયો નહીં, એટલે મરિયમ પાસેથી ચાલ્યા ગયા. તેણે વિચાર્યું કે, આ પ્રકારે હજુ થોડા દીવસ ભલે પસાર થાય. હવે સર્વેથી પહેલું કામ વીરનગરના રાજમહેલમાં જવાનું હાથ ધરવું જોઇએ. ત્યાં જવાથી ઘણો ખરો પત્તો મળી શકશે.

પ્રકરણ ૧૫ મું.

રામસિંહ ચક્કરમાં—એક નવીન સન્યાસી.

રામસિંહ વીરનગરની તરફ રવાના થઇને સાંજને વખતે ત્યાં પહોંચી ગયો. જવાની સાથેજ રાજમહેલના સબંધમાં લોકો સાથે વાતચીત કરવા લાગ્યો. ત્રણ દીવસ પછી તે પેલા જમીનદારના પુત્રને–જેને પેલો બ્રાહ્મણ સંગીત શીખવતો હતો–મળ્યો. અને પોતાના આવવાનું કારણ જણાવીને કેટલીક વાત કરી. જમીનદારના પુત્રે કહ્યું, "મેં તો અત્યાર સુધી એવી કોઇ વાત સાંભળી નહોતી."

રામસિંહને અન્વયથી ઉપજી. તેણે પુછયું. "આપનો સંગીત શિક્ષક કોઇ બ્રાહ્મણ હતો ?"

"હા, હતા." જમીનદાર પુત્રે ઉતર આપ્યો.

"હમણાં તે અહીં છે ?"

"નહીં."

"કયાં ગયેલ છે ?"

"આજે કેટલાક મહીના થયા તે અહીંથાં પોતાની સ્ત્રી સાથે ચાલ્યા ગયા છે."

"કયાં ગયા છે ?"

"તેણે કહ્યું હતું કે દેશમાં જઇએ છીએ."

"તે કયાં રહે છે ?"

"જેસોર જીલ્લામાં."

"જેસોર જીલ્લામાં ગામ કયું ?"

"ગામનું નામ હું જાણતો હતો, પણ હમણાં યાદ આવતું નથી. હા, એટલું યાદ છે કે, તે ગામ માંહુરા સબ–ડિવીઝનમાં છે."

"આપના તે શિક્ષકનું નામ શું ?"

"નલિનીકાન્ત ત્રિવેદી."

રામસિંહને હવે પેલી અંગુઠીની યાદ આવી, જે તેને મૈમનસિંગવાળા જંગલના લાકડાના ઘરમાંથી મળી હતી. તે અંગુઠી પર N. K. T. ખોદેલું હતું, તે નલિનીકાન્તના નામ સુચક હતું, એમ રામસિંહ સમજી ચુકયો. આ અંગુઠી તેની સ્ત્રીએ પહેરેલી હશે અને ભુલથી ત્યાં પડી ગઇ હશે એવું અનુમાન થયું.

"નલિનીબાબુની ઉમર કેટલી છે ?" રામસિંહે પુછયું.

"આશરે ૩૦ વર્ષની"

"એક બીજી વાત, આપને ત્યાં કોઇ મૈથાલી બ્રાહ્મણ દ્વારપંડિત હતા ?"

"હા, હતા ખરા."

"હમણાં તે છે ?"

" નહીં. "

" ક્યાં ગયા છે ? "

" નથી જાણતો-કેમ, શું હકીકત છે ? "

" કહું છું. તેની ઉમર કેટલી હતી ? "

" હતી-આપ કેમ કહો છો ? શું કાંઇ ગાઢો બનાવ બન્યો છે ? "

" હા, તેમનું મૃત્યુ થઈ ગયું છે."

" ક્યારે ! "

" તે ઘણી કમકમાટ ભરી રીતે માર્યા ગયા છે."

" હેં ! તેને કોણે માર્યા ? શું કામ માર્યા ? "

" આપના સંગીત ઉસ્તાદેજ તેનું ખુન કર્યું છે, એવી અટકળ છે."

" તદન જુઠું ! મારો સંગીત શિક્ષક એવો માણસ નથી. તે ઘણો શાન્ત અને નરમ સ્વભાવનો છે, તેના હાથથી ખુન જેવું ભયંકર કામ થઇ શકેજ નહીં."

રામસિંહે અહીંયાથી હવે કંઇ વિશેષ પતો નહીં મળે ધારીને ચાલતી પકડી અને તેજ દીવસે ત્યાંથી રવાના થયો.

તે કલકતા આવીને એક દીવસ રોકાયો. બીજે દીવસે જેસોર જીલ્લાના માંડુરા સબ-ડિવીઝનની તરફ રવાના થયો. ત્યાં ગામે ગામ ફરવા લાગ્યો અને લોકોને પુછતો કે, " મહાશય ! નલિનીકાન્ત ત્રિવેદીનું મકાન ક્યાં આવ્યું ? "

આવી રીતે પુછપરછ કરતાં છેવટે માલુમ પડ્યું કે, સોનારપાડાના નવાબગંજમાં નલિનીકાન્તનું મકાન આવેલું છે. રામસિંહ ત્યાં પહોંચ્યો; પણ ત્યાં જતાં ખબર મળી કે, નલિનીકાન્ત કેટલાક મહિના થયા અહીં આવ્યો નથી, તેમજ તે ક્યાં છે તે પણ કોઇના જાણવામાં નથી. રામસિંહ નિરાશ થઇ કલકતા આવવા પાછો ટ્રેનમાં બેઠો.

ટ્રેનમાં બેઠા બેઠા વિચારવા લાગ્યો—" હવે એક નલિનીકાન્તની ઉપરજ આ મામલો અટક્યો છે. તેનો પતો ક્યાં લગાવવો ? '

રામસિંહ જે ડબ્બામાં બેઠો હતો, તે ડબ્બામાં રામસિંહની બાજુના બેન્ચ પર ત્રણ જુવાનો બેઠા વાતો કરતા હતા. તેમાંના એક બોલ્યો. " પેલું તમારું ગાયન તો સંભળાવો."

" કયું ગાયન ? " બીજાએ કહ્યું.

" પેલું નવું ગાયન."

" તે હજુ જરા બેસુરું થઇ જાય છે, નલિની પાસેથી એકજ વખત સાંભળ્યું છે, તાલ સુર બરાબર મેળવી શક્યો નહીં.'

" કહો તો, નલિની બાબુ હમણા ક્યાં છે ? ભાઇ, ખરું પુછો તો ગાવા બજાવવા ની ખરી મજાહ તેઓજ લુંટે છે." ત્રીજાએ કહ્યું.

" ખરેખર ! તેનું ઠેકાણું તો મને ખબર છે, પણ હવે તે કોઇ કામના ન રહ્યા. તેણે તો સન્યાસ લઇ લીધો."

"કેમ !" પેલાએ અજબ થઇને પુછયું. "આ વૈરાગ્યનું કાંઇ કારણ ? તે રહે છે કયાં તું જાણે છે હરેન ?"

"હા, જાણું છું; પણ તે હવે ગાતા બજાવતા નથી." બીજો કે જેનું નામ હરેન હતું તેણે ઉતર આપ્યો.

"પણ રહે છે કયાં ?" પહેલાએ પુછયું.

"કાલીઘાટ." હરેને જણાવ્યું. "નકુલેશ્વરના મંદીર પાસેજ વખતો વખત મળેછે."

"કયારે પણ વાતચીત થઇ હતી ? તે સન્યાસી કેમ થયા, ગાવા બજાવવાનું કેમ છોડી દીધું, એ કાંઇ તેં પુછયું હતું ?"

"હું તે પુછયા વગર રહું કે ? તે કહેતા હતા કે ગાવા બજાવવાનું હવે હમેશને માટે તજી દીધું છે. બેચાર વખત પુછવાથી એક દીવસે તેણે કહ્યું. "નાહક આવા સવાલો પુછી મને હેરાન ન કરો." પછીથી મેં પુછવાનું છોડી દીધું છે."

રામસિંહ નજીકમાં આવીને વચ્ચે પુરુષને બોલ્યો. "આપ લોકો શું તેજ નલિની બાબુની વાત કરો છો—જે વીરનગરના રાજમહેલમાં કેટલાક દીવસ રહ્યા હતા ? ખરે ખર ગાવા બજાવામાં બડા પ્રવિણ છે."

"હા, આપ તેને પિછાણો છો ?"

રામસિંહ આ વખતે એક સાધારણ ગૃહસ્થના પોશાકમાં હતો. તેણે કહ્યું. "હું તેમને સારી પેઠે પીછાણું છું." હરેન તરફ ફરીને "સારૂં, તમે તેને નકુલેશ્વરના મંદિર પાસે હમેશાં જુઓ છો ?"

"હા, લગભગ હમેશજ."

"સાંભળો મહાશય ! મારે તેની સાથે કદી અંગત મુલાકાત થઇ નથી, તેમ તેમની સાથે મને કાંઇ સગપણ સંબંધ નથી. પણ તેની ઘણીખરી હકીકત હું જાણું છું. હું કલકતાના એક વેપારીને ત્યાં નોકર છું. મારો ન્હાનો ભાઇ તેમનો સંગીત શિષ્ય છે. તે વીરનગરના રાજમહેલમાં નોકર હતો. નલિની બાબુ પણ ત્યાંજ હતા. એક નજીવા બનાવને લીધે તે પોતાની સ્ત્રીને તજીને સન્યાસી થઇ ગયા છે. તમે જો તેની સાથે મને મુલાકાત કરાવી આપો તો તેમને પાછા સમજાવીને સંસારી બનાવી દઉં."

"એવો તે શું બનાવ બન્યો, કહો તો ?" હરેને પુછયું.

"તેની સાથે મુલાકાત કરાવી આપો એટલે સઘળી વાત પ્રગટ થઇ જશે. વળી તેની સ્ત્રી પર પણ તમારો મોટો ઉપકાર થશે. જો મારી વાત પર વિશ્વાસ ન હોય તો જુઓ આ તેમની અંગુઠી, કે જેની પર તેમનું નામ પણ કોતરેલું છે. મેં તેમને કદી આંખોથી જોયા નથી, પણ તેમના કુટુમ્બ સાથે મારે ઘણો ઘાટો સમ્બંધ છે."

રામસિંહે અંગુઠી દેખાડી, તે જોઇને હરેન બોલ્યો. "અરે બિપીનબાબુ ! આ અંગુઠી તો તમોએ ઉસ્તાદજીને ભેટ કરેલી તે. જુઓને તેની પર N. K. T. કોતરેલું છે."

ત્રણે જણાએ અંગુઠીને વારા ફરતી જોઇ. છેવટે હરેન રામસિંહના હાથમાં અંગુઠી

પાછી મુકતા બોલ્યો. " મારૂં મકાન ભવાનીપુરમાં છે. જો આજે આપ ત્યાં મારી સાથે આવો તો કાલે આપણે સાથે જઇને તેની તલાશ કરીએ."

રામસિંહને તો એટલુંજ જોઇતું હતું, તેણે તુરત ભવાનીપુર જવાનો સ્વીકાર કર્યો. જેને શોધવા માટે તે ગામે ગામ ફર્યો, જેના વગર આખો મુકદ્દમો લટકી રહ્યો છે, તેનો થોડો ઘણો પતો આમ અનાયાસે મળતા તે ભવાનીપુર તો શું, પણ કોઇ વિકાળ પ્રાણીઓથી વસાયેલા વનમાં જવાને પણ તૈયાર હતો.

સાંજના સાત કલાકે ટ્રેન સિયાલદાહ સ્ટેશને પહોંચી. રામસિંહ અને હરેન ઉતરીને ભવાનીપુરની તરફ ચાલ્યા અને બીજા બે યુવાનો શહેરમાં ગયા.

રામસિંહે તે રાત હરેનની સાથે ભવાનીપુરમાં ગુજારીને બીજે દીવસે સહવારમાં બન્ને જણા કાલીઘાટ નકુલેશ્વરના મંદીર તરફ ચાલ્યા.

એક નવીન સન્યાસી સ્નાન કરીને નકુલેશ્વરને પ્રણામ કરી રહ્યો હતો. હરેને આંગળીથી દેખાડીને રામસિંહને કહ્યું. " જુઓ મહાશય ! પેલાજ નલિનીકાન્ત છે, જે નકુલેશ્વરને પ્રણામ કરી રહ્યા છે "

રામસિંહ ઝડપથી તેની પાસે દોડી ગયો અને બોલ્યો. " નલિનીબાબુ !"

નલિનીબાબુએ પાછા ફરીને જોયું તો, હરેન્દ્રનાથ અને એક અજાણ્યો ગૃહસ્થ તેની પાસે આવીને ઉભા છે.

નલિનીબાબુ કાંઇક કંટાળાથી બોલ્યો. " કેમ મહાશય ! આપ શું ઇચ્છો છો ?" પછી હરેન તરફ જોઇને કહ્યું " હરેન ! તમે મને વખતો વખત કેમ હેરાન કરો છો ?"

" આપને મારી સાથે કલકતા આવવું પડશે. " રામસિંહે કહ્યું.

" કેમ ? શા માટે ? "

" આપની પર ખુનનો આરોપ છે."

" હેં ! શું ખુન ? ખુન કેવું ? "

" મૈમનસિંગ જીલ્લાના કેંડાખાલવાળું ખુન."

નલિનીકાન્તનો ચહેરો ઉતરી ગયો. હરેન્દ્રનાથ આ સઘળું સાંભળીને હરણ ફાળ થઇ ગયો. તે ગભરાઇને બોલ્યો " હાય ! આ શું ? તમે શું પોલીસ છો ? શું મેં ઉસ્તાદજીને પોલીસને હાથે પકડાવી દીધા ? "

રામસિંહે ખીસ્સામાંથી અંગુઠી બહાર કાઢીને કહ્યું. " આ જુઓ, ખુન કરતી વેળાએ આ અંગુઠી તમો ત્યાં છોડી આવ્યા હતા. આ આપનીજ અંગુઠી છે. સાબેતી મોજુદ છે. હરેન્દ્રનાથના મિત્ર બિપીનબાબુએ તમોને ભેટ આપી હતી."

નલિનીકાન્તના આશ્ચર્ય અને દુઃખનો પાર રહ્યો નહીં. તેની આંખે અંધારા આવવા લાગ્યા. તે ગભરાટમાં માત્ર એટલુંજ બોલ્યો કે, " આ અંગુઠી આપને કયાંથી મળી ?" અને પછી મોટેથી રડવા લાગ્યો. તેજ વખતે તેને ગાડીમાં ચડાવીને રામસિંહ તેને કલકતા લઇ ગયો. હરેન પશ્ચાતાપ કરતો પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૧૬ મું.

બે ખૂનીઓની ગીરફતારી અને ઇકરાર.

નલિનીકાન્તને થાણામાં લાવીને રામસિંહે તેને સઘળી રામકહાણી કહી સંભળાવી. તે સાથે તેને તેમની સ્ત્રી હૈયાત હોવાની તથા તેનું પતિવ્રત અખંડ રહેવાની વાત પણ કહી. છેવટે રામસિંહે કહ્યું "ખરેખરૂં કહો, કેંડાર્ખાલના મેદાનમાં પેલા પંડિતનું ખુન તમે કર્યું છે કે નહીં? તમે જે આવેશ અને કારણથી આ કાર્ય કર્યું છે, તેનો વિચાર ન્યાયની દયાળુ અદાલતમાં જરૂર થશે; એટલુંજ નહીં પણ બનવા જોગ છે કે, આપને માફી પણ બક્ષવામાં આવે. આપ સઘળું કહો-સત્યથી ન ડગો."

નલિની બાબુએ કહ્યું. "મહાશય! જીંદગીની રોશની બુઝાઇ ગઇ છે, અર્થાત જીંદગીની લહેઝત મારે માટે રહી નથી. હવે જુઠું બોલવાથી શું લાભ થવાનો હતો? આપે મારી સ્ત્રી સંબંધમાં જે કાંઇ કહ્યું-મારૂં પણ તેવુંજ અનુમાન હતું. હું ખાત્રીથી માનું છું કે મારી સ્ત્રી કદી પણ ભ્રષ્ટ ન થાય. તેના મળવાની હવે આશા નથી, મોતની કેડ પર બેઠો છું-હવે જુઠું કેમ બોલીશ?"

"આપ સઘળી ખરેખરી હકીકત કહી દો, હું આપની સ્ત્રીને આપની સાથે મેળવી દઇ શકું તેમ છું."

"તે દીવસે રાત્રે દુષ્ટ ડાકુઓ મારી સ્ત્રીને જે ક્રુરતાની સાથે લઇ ગયા, તે વાત હું કોઇને કરી શકયો નહીં. મારા સંગીતના શાગીર્દ જમીનદાર પુત્રને પણ મેં તે સંબંધમાં કાંઇ કહ્યું નહીં. માત્ર એટલુંજ કહેવરાવી મોકલ્યું કે, ચોકસ જરૂરી કામને લીધે હું મારા વતનમાં જાઉં છું. વીરનગરને છોડયું અને પછીથી એક દીવાનાની માફક કલકત્તે ત્યાં ભટકવા લાગ્યો. એક દીવસે હું બાનબજારમાં અમસ્થો ફરતો હતો; તેવામાં વીરનગરના દ્વાર પંડિત કમળેશ્વર પાઠકને એક મકાનની અંદર દાખલ થતાં મેં જોયો. કમળેશ્વરે મને જોયો નહીં. મારા મનમાં સંદેહ થયો. જે મકાનમાં કમળેશ્વર પેઠો, ત્યાં જઇ મેં ખબર કઢાવી તો જણાયું કે, દ્વારપંડિત રાજા બન્યો છે! આથી મારો સંદેહ જોર વધ્યો. છેવટે એક દીવસે જોયું કે, કમળેશ્વર ઘોડાગાડીમાં બેસીને કયાંક જતો હતો. હું પણ એક ગાડીમાં બેસીને તેની પાછળ પાછળ ચાલ્યો. કમળેશ્વરની ગાડી કોલુતોલામાં એક મકાનની સામે ઉભી રહી. આ વખતે રાતના બાર વાગી ચુકયા હતા. સામેના મકાનમાંથી એક સ્ત્રી આવી અને કમળેશ્વરની ગાડીમાં ચડી બેઠી ગાડી ત્યાંથી ચાલી, મેં પણ પીછો પકડયો. તેની ગાડી એક ગલીની બહાર ઉભી રહી, હું પણ થોડે દૂર ગાડીપરથી ઉતરી પડયો. તે બંને પણ ગાડી પરથી ઉતરી પડયાં. અને કાંઇક વાતો કરતાં ચાલવા લાગ્યાં. હું તેઓની પાછળ એવી રીતે ચાલ્યો કે તેને મારા માટે જરા પણ સંદેહ ઉપજે નહીં. મેં તે બંને વચ્ચે નીચે પ્રમાણે વાતો થતી સાંભળી.

પેલી સ્ત્રીએ કમલેશ્વરને કહ્યું. "તમે પ્રતિજ્ઞા પર કહો કે પ્રાણ જતાં પણ એ વાત કોઇને ન કહો. હું તમોને પ્રેમથી ચાહુ છું, મારી ચિન્તા ન કરો."

કમલેશ્વરે ઉત્તર આપ્યો. "હું પ્રતિજ્ઞા કરૂં છું કે, પ્રાણ જાય તો જાય, પણ એ વાત કોઇને નહીં કહું. આ વખતે પેલી રમણી કયાં છે ?"

"કલકતામાં તેના સાથે મુલાકાત થઇ શકશે નહીં." પેલી સ્ત્રીએ કહ્યું. "છુપી પોલીસના માણસો અમારો ગંધ સુંઘતા ગલીએ ગલી ઘુમી રહ્યા છે. તેણી સહજમાં કાબુમાં આવે તેવી નથી, સખ્ત મહેનત કરવી પડશે."

"ત્યારે હવે જલદી કર, હું અધિર થઇ ગયો છું." કમલેશ્વરે કહ્યું.

"આ વાતો સાંભળી મારા શરીરનું લોહી ઉકળી ગયું, મગજ ગરમ આગ જેવો થઇ ગયો. તે પાપી અને પેલી તેની સાથેની સ્ત્રી પાછા જલદીથી ગાડીમાં ચઢી બેઠા. હું પણ મારી ગાડીમાં બેસવા આવ્યો, પણ જોયું તો ગાડીવાન વગર ઘુછે ચાલ્યો ગયો હતો. શરીર થાકી ગયું હતું, એટલી શક્તિ નહોતી કે હું તેની ગાડી પાછળ પેદલ ચાલતો જાઉં. એટલે ત્યાંજ એક જગ્યા પર લેટી ગયો. રાત કોણ જાણે કયારે વીતી ગઇ. આંખો ખોલીને જોયું તો રાત્રીનો અંધકાર દુર થઇ સવારનું અજવાળું થયું હતું.

"સવારમાં ઉઠીને જન્તરમન્તરમાં ગયો. ત્યાં તપાસ કરતાં જણાયું કે, રાજા સાહેબ (કમલેશ્વર) થોડો વખત અહીં રોકાઇને ચાલ્યા ગયા છે. તે પછી પતો લગાવતાં લગાવતાં માલુમ પડયું કે તે ચંડાળ મૈમનસિંગ ગયો છે. હું પણ કિનાની આગથી બળતો ત્યાં પહોંચ્યો. મૈમનસિંગમાં ગુરૂબાબુનું એક મકાન ભાડે લીધું અને તેમાં રહેવા લાગ્યો. કમલેશ્વર કેંડાબાલના મેદાનમાં છાવણી નાખી અમીરી ઠાઠથી રહેતો હતો. હું ત્યાં ગુપ્ત વેશમાં આવજા કરવા લાગ્યો અને ધીમે ધીમે તેના નોકરો સાથે મેં મિત્રતા કરી લીધી. તે પછી એક દીવસ લાગ જોઇ તે ચંડાળ કમલેશ્વરનું મેં ખુન કરી નાખ્યું અને કિનાની આગને બુઝાવી દીધી. આ પ્રમાણે વેરની વસુલાત લીધા પછી ગુરૂબાબુના મકાન ભાડાનો હિસાબ ચુકતો કરીને હું અહીં ચાલ્યો આવ્યો, અને સન્યાસાશ્રમમાં રહેવા લાગ્યો."

રામસિંહ જે અત્યાર સુધી ચુપ બેઠો વાત સાંભળી રહ્યો હતો, બોલ્યો. "ગુરૂબાબુના મકાનમાં તમે તમારૂં અસલ નામ બદલાવીને રહ્યા હતા ખરૂં ? હું ભુલતો ન હોઉં તો તમોએ ધારણ કરેલું નામ માણેકલાલ હતું."

"હા, અને તેનું કારણ ખુલ્લુંજ છે,"

"કમલેશ્વરનું ખુન કરવા પછી તમારી સ્ત્રી વિષે કાંઇ પતો મળ્યો હતો ?" રામસિંહે પુછ્યું.

"નહીં, જો કે પ્રથમ તો હું એમજ સમજ્યો હતો કે, તે ચંડાળને ત્યાંથીજ મ્હારી સ્ત્રી મને મળશે, પણ તેમ થયું નહીં."

રામસિંહ અને નલિનીકાન્ત વચ્ચે આ પ્રમાણે વાતો ચાલી રહી છે, તેટલામાં ચાર કોન્સટેબલો એક હાથકડી પહેરાવેલા ડાકુને પકડીને રામસિંહ સામે આવી ઉભા.

પુછવાથી જણાયું કે, આ ડાકુને ડાયમંડ હારબરથી અહીં મોકલવામાં આવ્યો છે. રામસિંહના મનમાં આશા થઇ કે, તેની પાસેથી મેમનસિંગવાળા બનાવની ઘણી વાતો જાણવામાં આવશે.

પેલા બંદીવાન ડાકુની નજર નલિનીકાન્ત પર પડતાંજ તે બોલી ઉઠયો:—" આપ ખુબ બચી ગયા છો. મારા હાથે આપનું મોત લખેલું નહીં, તેથીજ બચી ગયા."

" કેમ ! શું વાત છે ? " રામસિંહે અજબ થઇ આતુરતાથી પુછ્યું.

" સઘળી વાતો મેં કબુલ કરી છે, હવે આ વાત કરવાનો ઇનકાર નહીં કરૂં. " પેલા ડાકુએ કહ્યું. " એક દીવસે અમારી મંડળીના એક માણસે આ બાબુને મેમનસિંગ માં જોઇ લીધા. તેણે આવીને અમોને ખબર આપી. અમારા સરદારે હુકમ કર્યો કે, તેને જ્યાં જુઓ ત્યાં ઠાર કરો. તેમને મારી નાખવાનું કામ મને સોંપવામાં આવ્યું. હું એક દીવસે તેના મેમનસિંગના મકાનપર ગયો, પણ તેના સારા નસીબે તે ત્યાં હતા નહીં. તે જે ઓરડામાં સુતા હતા, તે ઓરડામાં તે દીવસે રૂપચંદ દારોગા સુતો હતો, પણ મેં ભુલથી નલિનીબાબુ સમજીને તેની પર ઘા કર્યો. તેના મરવા પછી મને જણાયું કે, મેં નલિની-બાબુનું નહીં, પણ રૂપચંદ દારોગાનું ખુન કરી નાખ્યું છે."

રામસિંહ મનમાં ઘણો ખુશી થયો. કેમકે આવી અણધારી અને વગર માગેલી રીતે મેંમનસિંગના દારોગાના ખુનીનો પતો પણ મળી ગયો.

પ્રકરણ ૧૭ મું.

રમણીનો પતો—ડાકુઓને સજા—પતિ પત્નિનો મેળાપ.

સાંજ પડવા પછી થોડી વારે એક દરવાને આવીને રામસિંહવાળી પોલીસ ચોકીપર ખબર આપી કે " મારા શેઠનું ખુન થઇ ગયું છે. ખુની ગુમ થયો છે. જો આપને તેની છેલ્લી જબાની લખી લેવી હોયતો જલદી ચાલો, હજુ તેમાં થોડો જીવ બાકી છે."

રામસિંહ પેલા ડાકુ તથા નલિનીબાબુને હવાલાતમાં મોકલીને દરવાનની સાથે ગયો.

દરવાનના શેઠનું નામ લલીતચંદ્ર હતું. પુછવાથી જણાયું કે, લલીતબાબુ સાંજના ફરવાને માટે બાગની તરફ ગયા હતા, ત્યાંથી સખ્ત ઘાયલ સ્થિતિમાં પાછા આવ્યા છે.

" આવી ઘાતકી રીતે આપને કોણે માર્યા છે ?" રામસિંહે લલીતબાબુ પાસે જઇને ધામેથી પુછ્યું."

લલીતબાબુએ કાંઇપણ જવાબ ન આપ્યો. એક વખત તેણે આકાશ તરફ જોયું અને પાછી આંખો બંધ કરી લીધી. રામસિંહે તેને હોસ્પીટલમાં મોકલી આપ્યા અને પોતે તેમના બાગની તરફ ગયો.

બાગમાં જઇને તે તપાસ કરવા લાગ્યો. એક કોટડીમાંથી કોઇના રોવાનો અવાજ સંભળાયો. રામસિંહ અંદર ગયો—જોયું તો એક સ્ત્રી લોહીથી ખરડાયેલી પડી પડી રોવેછે,

રામસિંહે તેને તુરત ઓળખી લીધી. તે કોણ હતી ? પોતાની બંસીથી મનુષ્ય માત્રને નચાવનાર, સરસ્વતિ રૂપ રમણી હતી ! મૈમનસિંગના જંગલમાં તેને જોયા પછી તે સતીનો ચહેરો રામસિંહની આંખો પાસે તરવરતો હતો.

રામસિંહની છાતી ફાટવા લાગી. તે મજબુત મન કરીને બોલ્યો. " અરે તું ? "

રમણીએ પણ રામસિંહને પિછાણી લીધો. તે ચીસ પાડીને બોલી "નસીબદેવીના ચમત્કારથી કોણ જાણે કયાં કયાં રઝી આવી, પણ હજુ સુધી છુટકારો થયો નહીં. હું મરી જતે તો કેવું સારૂં થતે ? હાય, મારા સ્વામીના પણ દર્શન ન થયા ! "

" આજે તું તેમનું દર્શન કરીશ; અહીંયાની હકીકત મને કહે." રામસિંહે ધીરજ આપીને કહ્યું.

" પેલી મરિયમે મને જંગલમાંથી લાવીને આ બાગના માલિક પાસે રાખી, તેણે મને એટલું બધું તો કષ્ટ આપ્યું છે કે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. તેણે મને ભ્રષ્ટ કરવાનો માટે સેંકડો ઉપાય અજમાવ્યા, માર પીટ કરી અને છેલ્લે વિનંતિ અને કાલાવાલા પણ કર્યા, પણ જ્યારે હું મારા વ્રતથી નહીં ડગી ત્યારે તેણે મને મારી નાખવા નો ઇરાદો કર્યો, અને તે પાર પાડવા માટે તે હાથમાં ખંજર સાથે શરાબ પી, મતવાલો થઇને અહીં આવ્યો. પણ મારામાં કોણ જાણે કયાંથી કૌવત આવ્યું !–મેં તેના હાથ માંહેનું ખંજર ઝુંટવી લઇને તેની પર ચલાવ્યું–મેંજ તેનું હૃદય ખંજર વડે ચીરી નાખ્યું છે."

રામસિંહે બાગના માળી તથા દરવાન વિગેરેની જબાનીઓ લખી લીધી અને પછી રમણીને લઇને થાણામાં આવ્યો. ત્યાં પતિવ્રતા રમણીએ પોતાના વ્હાલાને–આંખોના તારાને ગતભરીને જોયો, અને પતિએ પણ પોતાની પ્યારીને જોઇ નયન તૃષ્ણાને તૃપ્ત કરી લીધી.

ડાયમંડ હારબર અને બરદાર બાગાન તરફ જે પોલીસ ફોજ ગઇ હતી, તે આશરે ૪૦ શખ્સોને પકડી લાવી.

મરિયમ, તેના સાથીઓ, નલિની બાબુ અને તેની સાહસી પતિ; એ સઘળાને હોબ હાઉસની અદાલતમાં ઊભા કરવામાં આવ્યા.

અદાલત સન્મુખ મરિયમે કહ્યુ. " મેં અનેક પાપ કર્યાં છે, અસંખ્યોને લુંટયા છે અને ઘણાકોને માર્યા છે, હવે માત્ર સરકાર જે સજા કરે તેનેજ માથે ચડાવવી બાકી છે."

અદાલતે ચુકાદામાં મરિયમને જન્મપર્યંત કાળા પાણીની સજા ફરમાવી. નલિનીબાબુને દસ વર્ષ સુધી કાળા પાણીએ મોકલવાનું ઠરાવ્યું. મરિયમના સાથી ડાકુઓમાંથી કેટલાકને જેલની, કેટલાકને કાળા પાણીની અને કેટલાકને ફાંસીની સજા કરવામાં આવી. નલિનીકાન્તની સ્ત્રીને અદાલતે યોગ્ય પ્રસંશા સાથે નિર્દોષ ઠરાવી છોડી મુકી.

અદાલતના ચુકાદા અનુસારે સઘળા અપરાધીઓને પોત પોતાની સજા ભોગવવા માટે મોકલી આપવામાં આવ્યા. લલીતબાબુ ત્રણ દીવસ સુધી હોસ્પીટલમાં રહ્યો. ચોથે દીવસે તે મરણ પામ્યો.

રમણી તો નિર્દોષ થઇને છુટી પણ પતિને સજા થવાથી તેના દુઃખનો પાર રહ્યો નહીં. પતિ વિયોગની પિડા તો તેણીની ઉપર જોઈને તેવીજ રહી. તે રાત દીવસ કલ્પાંત કરતી હતી. રામસિંહ તેનું પ્રબળ પતિવ્રત જોઇને મનમાંને મનમાં તેના પુજ્ય કરતો હતો. ઘણીવાર વખત ત્યાં જતો અને કુશળ સમાચાર પુછતો હતો; પણ તેણે રમણીને કોઇપણ દીવસે આનંદમાં જોઇ નહીં. છેવટે તેણે નલિનીકાન્તને છુટકારો અપાવવા માટે ના૦ ગવરનર જનરલની સરકાર પર એક અરજી કરી અને તે કાર્ય પાછળ પોતે જીવ જાનથી મહેનત કરવા લાગ્યો.

અંતે રામસિંહની મહેનત સફળ થઇ. નામદાર ગવરનર જનરલની દયાળુ સરકારે એ અરજી તરફ માયાળુ ધ્યાન આપીને નલિનીકાન્તને હમેશને માટે મુક્ત કરી દીધો

જે દીવસે રમણીએ-બંસી વાદિની સરસ્વતીએ આ આનંદજનક સમાચાર સાંભળ્યા હશે, તે દીવસ અવશ્ય તેની જીંદગીનો સૌથી પહેલો અને સર્વથી શ્રેષ્ટ તહેવાર થઇ પડયો હશે, એમ કહેવાની શું જરૂર છે ?

નલિનીકાન્ત છુટી આવ્યા પછી એક દીવસે રામસિંહ આ પ્રેમાળ દમ્પતિના મકાન પર ગયો. આગલી પાછલી કેટલીક વાતો થવા પછી રામસિંહ બોલ્યો: " બ્હેન રમણી ! તે દુઃખી દીવસો તો હવે દુર થયા છે, પરંતુ તારી બંસીનો મધુર નાદ મારા કાનમાંથી દુર થયો નથી." અહીં રામસિંહ હસીને ઉમેર્યું:-" આજે હું રીવાજથી ઉલટી રીતે મારી મહેનતનું બહેન પાસેથી ઇનામ મેળવવા આવ્યો છું, અને તે ઇનામ બીજું કાંઇજ નહીં, પણ તારી બંસીનો મધુર સુર ! "

રમણી પ્રથમ તો શરમાઇ ગઇ, પણ નલિનીકાન્તનો ઇશારો થતાં બંસી ઉંચકી-માનો કે વિણાવાદિની, મયુરવાહિની દેવી સરસ્વતિ સાથે તે હરીફાઇ કરવા લાગી. રામસિંહ બંસીના મધુર સ્વર પર મણીધરની માફક ડોલવા લાગ્યો. મૈમનસિંગના જંગલની અરધી રાતની, અધુરી રહેલી લ્હાણને રામસિંહ આજે આનંદ સાથે મન ભરીને મેળવી શકયો.

\+ + + + +

રામસિંહની અદ્ભુત ચાલાકી અને અથાગ હિંમતની કદર થયા વગર રહી નહીં. સરકાર તેના આ કાર્યથી ઘણી પ્રસન્ન થઇ, અને તેને તેના પોલીસ વિભાગના વડા તરીકે ના હોદ્દાની નવાજેશ કરી. પ્રજામાં પણ રામસિંહનું નામ ખુબ વખણાયું અને પ્રસિદ્ધતાને પામ્યું. બંગાળની સમગ્ર પ્રજા વરસો સુધી આ કેસને 'ડાકુની દીકરી' ના નામે યાદ કરતી રહી.

સમાપ્ત.